Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only



Vol. 15, Issue. 258, February 2024

**પ્રિય વાચક મિત્રો,**

## અરુણું પરભાત

જય જય ! ગરવી ગુજરાત ! દીપે અરુણું પરભાત, ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી પ્રેમશૌર્ય અંકિત; તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમભકિતની રીત. ઊંચી તુજ સુંદર જાત – જય ! જય !

આ જયગીત છે અર્વાચીન ગુજરાતની ઝાકમઝોળ મંગળા આરતીઃ ગુજરાતના ભવ્ય  ભૂતકાળના ગૌરવનું દબદબાભર્યું સ્તવનગાન ; ભાવિ ગુજરાતનું આશઉજમાળું ચિત્ર. આમ આ સ્તોત્ર ત્રણ કાળને આવરી લેતું ગુજરાત દર્શન છે. અભિનવ શૈલીનું, પ્રથમ પહેલું

કવિ દયારામ – મધ્યકાલીન કવિતાનો છેલ્લી ઉપાસક, તેની પહેલાંની કવિતામાં આ જાતની પ્રદેશભકિત, અવનવીન ભાવછટા અને આ તરેહની સાહિત્યમોહન પદાવલિ, કદી જાણી હતી? ના. એ જ અર્વાચીન ગુજરાતી કવિતાની બલિહારી! જુઓ, ઉર–ઉછાળભર્યા છતાં ગૌરવભર્યા એ ગીતની ઊઘડતી ઉપરની પંક્તિઓ! તેના નિરૂપણમાં જ શું નવજાત ગુજરાતના રંગસભર અરુણોદયની મોહક તાજપ નથી વરતાતી? એ અપૂર્વ ગીતના રચયિતા છે નર્મદ (ઈ.સ. ૧૮૩૩–૧૮૮૬), 'અર્વાચીનોમાં આદ્ય'.

આ ગીતમાં, નર્મદે અપનાવેલ જીવનમંત્ર 'પ્રેમશૌર્ય' મુદ્રાલેખનું અનેરું ભાવગુંજન છેઃ તેની પ્રકૃતિને પ્રિય એવાં 'પ્રેમભક્તિ'નું તેમાં ઉદ્બોધન છે. અરે! નર્મદના સમગ્ર જીવનના સંદેશરૂપ એ નર્મદવિશેષનું ગીત છેઃ 'કસુંબી' કહેતાં રંગદર્શી–રોમાન્ટિક શૈલીનું. નર્મદ અત્રે, લગભગ દ્રષ્ટાની પરમતાથી ગુર્જર દેશના શુભ ભાવિનું હર્ષોલ્લાસ્ દર્શન, આંખ ભરીને કરી રહ્યો છેઃ

તે રંગ થકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત! શુભ શકુન દીસે, મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત. જન ઘૂમે નર્મદા સાથે.

રાત વીતી ચૂકી છેઃ મધ્યકાલીન પરાધીન જીવનનાં અનિષ્ટોની, સંતાપની. વહાણું વાઈ રહ્યું છે, નવા યુગનું ને ઉદીયમાન નવજીવનનું. અર્વાચીન યુગનો 'પ્રહરી' બનીને કવિ નર્મદ પ્રવૃત્ત થયા છે, દેશોદ્ધાર કાજે, પ્રજાની ચેતનાનું રખવાળું કરવા કાજે. તેની જોડે પ્રજાયે સાબદી થઈ છે. અહીં કવિ લેખન દ્વારા પ્રજાનું નેતૃત્વ સ્વીકારે છે.

મધ્યયુગમાં દેશ અનિષ્ટ પરિબળોથી ઘેરાયેલો હતો. સૈકાઓથી પરસત્તાઓનું ઉપરાછાપરી આક્રમણ–દમન, ભારતની ભૂમિને ચાંપી રહ્યું હતું. સકલ અંગે દેશ વીખાઈપીખાઈ ગયો હતો.

આપણી કાવ્યયાત્રાનું મંગલાચરણ નર્મદના 'જય ! જય! ગરવી ગુજરાત!'થી કર્યું. ગુજરાત–પ્રશસ્તિનું એ ગીત દેશગૌરવમાંથી સર્જાયું છે. આ ગીતનો પ્રભાવ એટલો પ્રબળ છે કે આજ લગી લખાયેલાં અનેક તેવાં ગીતો–કાવ્યોમાં, નર્મદે ઉલ્લેખેલાં વિશિષ્ટ સ્થળો, પહાડો, નદીઓ, રાજાઓ અને સ્થાપત્યો વગેરેનો વારંવાર ઉલ્લેખ થતો રહ્યો છે. એટલું જ નહી 'વીતી ગઈ છે રાત'ની જોડેનું પ્રભાતનું આશાદર્શનવાળું દ્રન્દ્ર રૂપક પણ પુનરાવર્તન પામેલું છે. ભાવભંગિઓ પણ પુનરાવૃત્ત થાય છે. આ પુનરાવર્તનો નર્મદની કૃતિના પ્રભાવની અને પછીના કવિઓના અનુસર્જનની પ્રતીતિ કરાવે છે.

નર્મદનું જ્યારે અત્યારે આપણે સ્મરણ કરીએ છીએ ત્યારે તેના આ સંદર્ભો ભૂતકાળમાં જોયેલ નર્મદે નવા ભારતના સમાજ અને તેમાં રહેલા મનુષ્યની ગરિમા પૂર્ણ મુદ્રા કઈ રીતે ઉપસે છે, દેશકાળ પરિસ્થિતિ સમાજને કઈ રીતે માર્ગદર્શક રૂપ ભૂમિકા ભજવે છે. તેની વાત નર્મદના વ્યક્તિત્વમાં, તેના સાહિત્યમાં અને તેની સામાજિક નિસબત રાષ્ટ્રીય પરિપ્રેક્ષમાં જોઈ શકાય છે. એક વ્યાપક વ્યક્તિત્વની ઝાંખી તેના જીવનમાં આપણે જોઈ શકીએ છીએ. આપણી યુનિવર્સિટીની સાથે વીર કવિ નર્મદના નામા–ભિધાનને આપણે સાર્થક કરવા માટે પ્રયાસ કરી રહ્યા છીએ. નર્મદ ન માત્ર સુરત, ન માત્ર ગુજરાત પણ સમગ્ર ભારતભરમાં સામાજિક સુધાર અને તેના કાર્યો દ્વારા આગવી ઓળખ ધરાવે છે.  તેના કાવ્યોમાંથી પ્રગટ થતા રાષ્ટ્રીય સ્વરને આજે પણ લોકો યાદ કરે છે. ભારતીય સમાજે અને નવી પેઢીએ નર્મદના જીવનમાંથી, તેના વ્યક્તિત્વમાંથી ઘણું શીખવા જેવું છે. ટાંચા સાધનોમાં પણ તેણે પોતાની આસ્થા, વિશ્વાસ અને પરંપરાનું જતન સાહિત્ય દ્વારા કર્યુ છે. પોતાના કાર્યોની સુવાસ દ્વારા નવા યુગનાં મંડાણનો શંખનાદ કર્યો છે.

આપણી યુનિવર્સિટી, આપણું ગૌરવનું સૂત્ર સાર્થક કરવા માટે નર્મદના જીવનમાંથી આપણને સહુને પ્રેરણા મળે છે. નર્મદની રાષ્ટ્ર પ્રિતિ અને સમપર્ણ આપણા સહુમાં સંચારિત થાય એવી આશા અને અપેક્ષા સાથે સૌને શુભેચ્છાઓ.

**દિનાંક ૧ માર્ચ, ૨૦૨૪**

**(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયે વિદેશી ભાષાના અભ્યાસક્રમોના સર્ટિફિકેટ કોર્સો શરૂ કર્યા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા ફ્રેન્ચ, જર્મન, સ્પેનિસ અને રશિયન ભાષાના સર્ટિફિકેટ કોર્સ શરૂ કર્યા છે. અભ્યાસક્રમો સંબંધિત ભાષાઓમાં ડિગ્રી, પ્રમાણપત્રો અને નિપુણતા ધરાવતા અનુભવી શિક્ષકો દ્વારા આ સર્ટિફિકેટ કોર્સનું શિક્ષણ હાથ ધરવામાં આવ્યું છે.

આ અભ્યાસક્રમ ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ, રશિયન ભાષામાં સમય સવારે ૮:૦૦ થી ૧૦:૦૦ અને સાંજે ૬:૦૦ થી ૮:૦૦ દરમિયાન અંગ્રેજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે ચાલું કરવામાં આવેલ છે.

આ સર્ટિફિકેટ કોર્સ માટે રજિસ્ટ્રેશન ચાલું છે. વીર નર્મદ વિશ્વવિદ્યાલય દ્વારા હવે પછીના સમયમાં મેન્ડરિન, કોરિયન, જાપાનીઝ, ડચ, સ્વીડિશ, ફિનિશ અને AI થી ભાષાના અર્થઘટનના અભ્યાસક્રમો શરૂ કરવાની યોજના ધરાવે છે. આગામી સમયમાં વિશ્વવિદ્યાલય દ્વારા આ પ્રમાણપત્ર કોર્સને વિદ્યાર્થીઓની સુવિધા માટે ઑનલાઈન મોડમાં ઉપલબ્ધ કરાવવા માટે પણ સક્રિયપણે કાર્ય કરી રહી છે. રસ ધરાવતી વ્યકિતઓ રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

આ કોર્સમાં ભાષા શીખવવા સાથે સામાન્ય વાતચીત–વિનિમય અને અનુવાદની પ્રક્રિયા પણ શીખવવામાં આવશે. સ્વાભાવિક જ સુરત શહેરમાં રહીને વિવિધ દેશોના વેપારીઓ વચ્ચે દુભાષિયા તરીકેનો વ્યવસાય કરવા ઉત્સુક યુવાનો માટે આ સોનેરી તક બની રહેશે. વધુ માહિતી માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અંગ્રેજી વિભાગના પ્રોફેસર ડૉ. સુનિલ શાહનો સંર્પક કરી શકો છો.

## રમતગમત ક્ષેત્રે સિદ્ધિ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ. સેમેસ્ટર–૨ અને સેમેસ્ટર ૪માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ચૌધરી પ્રિયાબેન રણજીતભાઈ (કપ્તાન તરીકે) અને ગામીત અર્પિતાબેન રાજેશભાઈ દિનાંક ૨૪ થી ૨૭ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન સતના, મધ્યપ્રદેશમાં આયોજિત વેસ્ટ ઝોન ખો ખો ઇન્ટર વિશ્વવિદ્યાલય પ્રતિયોગિતામાં ભાગ લીધો હતો. તેમાં તેઓએ ચોથું સ્થાન પ્રાપ્ત કરી તેમના વિભાગનું અને સમગ્ર વિશ્વવિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત તેઓ ઓલ ઇન્ડિયા આંતર વિશ્વવિદ્યાલયમાં લાયક થયા છે. આ ઉત્તમ સિદ્ધિ બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. ગૌરાંગ રામી, અર્થશાસ્ત્ર વિભાગના આસિસ્ટન્ટ પ્રો.ડૉ. યોગેશ એન. વાંસિયા તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

### વિશ્વવિદ્યાલયના આઈ.સી.ટી. વિભાગના વિદ્યાર્થીઓએ IIT Roorkeeના E-Summit-24 અંતર્ગત થયેલ IDEASTORM સ્પર્ધામાં ત્રીજો ક્રમાંક હાંસલ કર્યો







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આઈ.સી.ટી. વિભાગની M.Sc. (I.T.)ની બે ટીમે IIT Roorkeeના E-Summit-24 અંતર્ગત થયેલ IDEASTORM સ્પર્ધામાં ભાગ લીધેલ હતો. આ સ્પર્ધાના છેલ્લા ૧ મહિના દરમિયાન થયેલા ચાર અલગ અલગ ચરણ પાર કરી વિભાગની બે ટીમ ફાઈનલ ચરણ સુધી પહોંચી હતી. ઉપરાંત દિનાંક ૨ થી ૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન યોજાયેલ અંતિમ પડાવમાં વિભાગની એક ટીમ B.Sc-IT સેમ.–૪ના વિદ્યાર્થીઓ કે જેઓ હકીમુદ્દીન ચુનાવાલા, ઋષિકેશ કાપડિયા, ક્રિશૈયા વેસુવાળા, રિયા વેસુવાળાએ ત્રીજો ક્રમાંક હાંસલ કરીને સમગ્ર વિશ્વવિદ્યાલય અને તેઓના વિભાગનું

નામ રોશન કર્યું છે. આ વિદ્યાર્થીઓને રૂા. ૨૦,૦૦૦/–નો રોકડ પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે જે ખૂબ જ ગૌરવની વાત છે. તથા ભવિષ્યમાં સ્ટાર્ટઅપ માટે IIT Roorkeeમાં ચાલતા Incubation Centerનો આ ટીમ લાભ લઈ શકશે. આ ઉત્તમ સિદ્ધિ બદલ વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી, આઈ.સી.ટી. વિભાગના વડાશ્રી ડૉ. પુષ્પલ દેસાઈ, આઈ.સી.ટી.વિભાગના આસિસ્ટન્ટ પ્રો. ડૉ. હિતેશ લાડ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર અને આઈ.સી.ટી. વિભાગ પરિવાર તેઓને અઢળક શુભકામનાઓ પાઠવે છે અને ભવિષ્યમાં પણ આવી જ સફળતાના શિખરો સર કરે એવી શુભેચ્છાઓ અર્પે છે.

## એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC) સિસ્ટમના ઉત્કૃષ્ટ અમલીકરણ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની રાષ્ટ્રીય સ્તરે નોંધ લઈ વિશ્વવિદ્યાલયની ABC ટીમનું સ્વાગત કરાયું.

એકેડમિક બેંક ઓફ ક્રેડિટ (ABC) સિસ્ટમના ઉત્કૃષ્ટ અમલીકરણ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ: રાષ્ટ્રીય કાર્યક્રમમાં ભારત સરકારના શિક્ષણ અને કૌશલ્ય વિકાસ અને સાહસિકતાના કેબિનેટ મંત્રી આદરણીયશ્રી ધમેન્દ્ર પ્રધાનના વરદ હસ્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડાનું સન્માન કરવામાં આવ્યું તથા કુલપતિશ્રીએ રાષ્ટ્રીય ફલક પર VNSGUની સફળ ગાથા રજૂ કરી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC) સિસ્ટમના અમલીકરણમાં રાષ્ટ્રીય સ્તરે નેતૃત્વ કરનાર વિશ્વવિદ્યાલય તરીકેની સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ સન્માનિત કરવામાં આવી. આ પ્રતિષ્ઠિત સિદ્ધિની ઉજવણી નવી દિલ્હીમાં ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા આયોજિત APAAR પરના રાષ્ટ્રીય કાર્યક્રમમાં કરવામાં આવી. સદર કાર્યક્રમમાં સમગ્ર દેશની વિવિધ વિશ્વવિદ્યાલયોના કુલપતિશ્રીઓ, કુલસચિવશ્રીઓ, પરીક્ષા નિયામકશ્રીઓ, ABCના નોડલ ઓફિસરશ્રીઓ હાજર રહ્યા હતા.

ABC સિસ્ટમ અપનાવી અને તેનો અમલ કરવા અંગેના VNSGUના પ્રખર પ્રયાસોએ વિશ્વવિદ્યાલયને રાષ્ટ્રીય સ્તર પર ઓળખ ઊભી કરવાની સિદ્ધિ અપાવી છે. APAAR પર રાષ્ટ્રીય કાર્યક્રમ દરમિયાન, માન. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાને આજરોજ આદરણીયશ્રી ધમેન્દ્ર પ્રધાન, માનનીય કેન્દ્રીય શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. આ વિશિષ્ટ સન્માન શૈક્ષણિક નવીનતા અને શ્રેષ્ઠતા માટે VNSGUની અતૂટ પ્રતિબદ્ધતા રેખાંકિત કરે છે, VNSGU આ પરિવર્તનાત્મક પહેલમાં રાષ્ટ્રીય સ્તરે નેતૃત્વ કરનાર વિશ્વવિદ્યાલય બની છે.

ABC સિસ્ટમના અમલીકરણમાં VNSGUની સફળતા માનનીય કુલપતિશ્રીનું દૂરંદેશી નેતૃત્વ અને તેમની ટીમના સહયોગી અભિગમને આભારી છે. આ નવીન પ્રણાલીને અપનાવીને, વિશ્વવિદ્યાલયે લવચીક અને વિદ્યાર્થી–કેન્દ્રિત શૈક્ષણિક વાતાવરણનું નિર્માણ કર્યું છે. જે વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક આકાંક્ષાઓને આત્મવિશ્વાસપૂર્વક આગળ ધપાવવા માટે સશક્ત બનાવે છે.

રાષ્ટ્રીય કાર્યક્રમમાં ડૉ. ચાવડાનું સન્માન એ VNSGU માટે ખૂબ જ ગર્વની ક્ષણ છે, જે શ્રેષ્ઠતા માટે વિશ્વવિદ્યાલયના સમર્પણને ચરિતાર્થ કરે છે. તે દેશભરની અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે પ્રેરણાના સ્રોત તરીકે પણ કામ કરશે તથા તેમને ABC સિસ્ટમ અપનાવવા અને ભારતની શિક્ષણ પરિવર્તન યાત્રામાં યોગદાન આપી વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા પ્રોત્સાહિત અને પ્રેરિત કરશે. VNSGU ભારતમાં શિક્ષણના ભાવિને ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની તેની પ્રતિબદ્ધતામાં અડગ છે. રાષ્ટ્રની શૈક્ષણિક પ્રગતિ માટે માર્ગદર્શક નેતૃત્વ તરીકે સેવા આપતા, વિશ્વવિદ્યાલય તેના તમામ પ્રયાસો માં શ્રેષ્ઠતા માટે પ્રયત્નશીલ રહેશે.

એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC)ના અમલીકરણમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સમગ્ર દેશમાં કેવી રીતે અગ્રેસર રહી તેની વિગત નીચે મુજબ છે:

એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC)એ એક ડિજિટલ પ્લેટફોર્મ છે. જે વિદ્યાર્થીઓના શૈક્ષણિક ક્રેડિટના રેકોર્ડ ડિજિટલ ફોર્મમાં માત્ર જાળવી રાખે છે એટલું જ નહિ પણ વિદ્યાર્થીઓને તેમના શિક્ષણને વધુ ફ્લેક્સિબલ અને અનુકૂલનક્ષમ બનાવવામાં મદદ કરે છે. ABC દ્વારા, વિદ્યાર્થીઓ વિવિધ સંસ્થાઓમાં તેમનું શિક્ષણ પૂર્ણ કરી શકે છે અને વિવિધ જગ્યાએથી મેળવેલી ક્રેડિટ પોતાના ABC એકાઉન્ટમાં જમા કરી શકે છે અને તે અન્ય શૈક્ષણિક સંસ્થામાં ટ્રાન્સફર પણ કરી શકે છે. ABC વિદ્યાર્થીઓને અભ્યાસ છોડયા પછી પણ તેમનું શિક્ષણ ફરી શરૂ કરવાની મંજૂરી મેળવવામાં પણ સરળતા પૂરી પાડે છે. ABC વિદ્યાર્થીઓને ડિજિટલ ટ્રાન્સક્રિપ્ટ પ્રદાન કરે છે, જેમાં તેઓએ મેળવેલી તમામ ક્રેડિટનો રેકોર્ડ હોય છે. આ વિદ્યાર્થીઓને સંભવિત નોકરીદાતાઓ ને તેમની શૈક્ષણિક સિદ્ધિઓ દર્શાવવામાં અથવા વધુ શિક્ષણ માટે અરજી કરતી વખતે મદદ કરે છે.

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના નેતૃત્વમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય વિદ્યાર્થીઓને ABC પ્રત્યે જાગૃત કરી ABCથી લાભાન્વિત કરવામાં ABCના પ્લેટફોર્મની સ્થાપનાના દિવસથી પ્રયત્નશીલ બની છે અને માત્ર ગુજરાતમાં જ નહી પરંતુ સમગ્ર દેશમાં સદાય અગ્રેસર રહી છે.

આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ દિનાંક ૨૯ જુલાઈ, ૨૦૨૧ના રોજ એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC)નો શુભારંભ કર્યો ત્યારથી વિદ્યાર્થીઓના હિત માટે ઊભી થયેલી તકને ઝડપી લીધી છે. દિનાંક ૨૯ જુલાઈ, ૨૦૨૧ના રોજ એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC)નો શુભારંભ થયો તેના બેજ દિવસ બાદ એટલે કે દિનાંક ૩૧ જુલાઈ, ૨૦૨૧ના રોજની એકેડેમિક કાઉન્સિલના ઠરાવ ક્રમાંક ૧૭થી તેનો અમલ કરવા નિર્ધારિત કરવામાં આવ્યું. ત્યારબાદ તે સિન્ડિકેટમાં અને NEP માટે યોજાયેલી ખાસ સેનેટ સભામાં પણ રજૂ કરવામાં આવ્યું.

ABCના ત્વરિત, સફળ અને વ્યાપક અમલ કરવા માટે માનનીય કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ ચાવડાએ વિશ્વવિદ્યાલય ખાતે એક ટીમ તૈયાર કરી. કુલસચિવશ્રીના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ પરીક્ષા નિયામકશ્રી, સિસ્ટમ મેનેજરશ્રી અને ABCના અમલીકરણ માટે ખાસ નિમવામાં આવેલ ABC Nodal Officerની ટીમે ABCના અમલીકરણની રણનીતિ ઘડી કાઢી અને તેનો અમલ કરવા લાગી ગયા.

વિશ્વવિદ્યાલયે ABC અંગેની પોતાની સફરની શરૂઆત વિવિધ સંચાર માધ્યમોનો ઉપયોગ કરીને વ્યાપક જાગૃતિ અભિયાનથી કરી. વિશ્વવિદ્યાલય વેબસાઈટ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, માહિતીપ્રદ પોસ્ટરો અને માહિતી બુથો દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવ્યું કે વિદ્યાર્થીઓ ABCના ફાયદાઓ અને તેમની ABC ID બનાવવાની પ્રક્રિયાથી સારી રીતે વાકેફ થાય.

સંભવિત પડકારોનો અંદાજ લગાવી વિશ્વવિદ્યાલયે વિદ્યાર્થી માર્ગદર્શન અને મુશ્કેલી નિવારણ કરવાની કાર્યવાહી શરૂ કરી. ABC ID બનાવવામાં મુશ્કેલીનો સામનો કરી રહેલા વિદ્યાર્થીઓને તાત્કાલિક અને વ્યક્તિગત સહાય પૂરી પાડવામાં આવી અને વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓનો ત્વરિત નિકાલ કરવામાં આવ્યો. કોઇ વિદ્યાર્થી બાકાત ન રહે તે સુનિશ્ચિત કરીને જે વિદ્યાર્થીઓના મોબાઈલ નંબર આધાર કાર્ડ સાથે જોડાયેલા ન હતા અને OTP મેળવવામાં અસમર્થ હતા તેમને મદદ કરવા માટે વિશ્વવિદ્યાલય કાર્યવિસ્તારના ૭ જિલ્લા કલેકટરશ્રીઓની મદદ મેળવી, જેને કારણે વિદ્યાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ થયું અને કૉલેજો અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધ્યો.

એક સત્ર સુધી ફરજિયાત પણે ABC બનાવડાવવાની કામગીરી કર્યા બાદ 100% અમલીકરણ હાંસલ કરવાના ઉદ્દેશ સાથે, ABCની પરિવર્તનશીલ ક્ષમતાને ઓળખીને, પરીક્ષા ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓ માટે ABC ID ફરજિયાત બનાવ્યું. આ સમયે વિદ્યાર્થીઓની મુશ્કેલી ના પડે તે હેતુથી દરેક મહાવિદ્યાલયમાં નોડલ ઓફિસરની નિમણૂક કરી વિદ્યાર્થીઓને ABC બનાવવા સંબંધિત પ્રશ્નોના તુરંત નિકાલ આવે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી. તેને પરિણામરૂપ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓને એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC) પર નોંધણીની વિદ્યાર્થીઓના ક્રેડિટ સહિતના ડેટા એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC) પર અપલોડ કરવામાં ઉત્કૃષ્ટ દેખાવો કરી શકી છે.

- **એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC)પરના ડેટા દર્શાવતી વિગતો નીચે મુજબ છે:**

અત્યાર સુધીમાં 2,61,024 વિશ્વવિદ્યાલય વિદ્યાર્થીઓ ABC પર નોંધણી કરાવી ચૂક્યા છે.

ABC પર વિદ્યાર્થીની 6,05,418 કુલ ક્રેડિટ સાથેની નોંધણીમાં VNSGU દેશમાં પ્રથમ સ્થાને છે.

માત્ર ABC જ નહિ નેશનલ એકેડેમિક ડિપોઝીટરી (NAD) પર કુલ એવોર્ડ અપલોડ કરવાની બાબતમાં 10,20,515 એવોર્ડ અપલોડ કરવામાં આવ્યા છે.

એમ નહોતું કે આ કામગીરી કરવામાં વિશ્વવિદ્યાલયને મુશ્કેલીઓ નહોતી નડી. જો કે, રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાની ABC ટીમના સતત સમર્થન અને માર્ગદર્શન અને વિશ્વવિદ્યાલય ટીમનું અતૂટ સમર્પણ, મહાવિદ્યાલયના આચાર્યો અને શિક્ષકોનો અમૂલ્ય સહયોગ અને વિદ્યાર્થી સંગઠનો અને વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી અને માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના નેતૃત્વએ વિશ્વવિદ્યાલયની સફળતા શક્ય બનાવી

આજે વિશ્વવિદ્યાલય 6,05,418ની સંખ્યામાં ABC ID સાથે તમામ ક્રેડિટ ડેટા અપલોડ કરવામાં વિશ્વવિદ્યાલય સફળ રહી છે. આ સિદ્ધિ માત્ર સંખ્યાઓની જ સિદ્ધિ નથી પરંતુ એથી ઘણી આગળ છે. વિશ્વવિદ્યાલય વિદ્યાર્થીઓને જે રીતે સેવા આપે છે, તેમાં આ એક સીમાચિહ્ન રૂપ બદલાવ દર્શાવે છે. ABC અપનાવીને, વિશ્વવિદ્યાલયે પોતાના શૈક્ષણિક રેકોર્ડ્સ, વધેલી પારદર્શિતા અને સુવ્યવસ્થિત પ્રક્રિયાઓના સમન્વયથી પોતાનું, પોતાના વિદ્યાર્થીઓનું અને પોતાના હિતધારકોનું સશિક્તકરણ કર્યુ છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય આદિવાસી વિસ્તારોની ઉચ્ચ શિક્ષણની જરૂરિયાતો પૂરી કરવા કટિબદ્ધ છે. સામાન્ય રીતે એવી ધારણા છે કે આદિવાસી વિસ્તારો અનન્ય પડકારોનો સામનો કરે છે, પરંતુ આદિવાસી વિદ્યાર્થીઓ અમારી વિશ્વવિદ્યાલયના કુલ 2,61,024 ABC ID માંથી 30%થી વધુ છે. આદિવાસી સમુદાયમાં આ કવરેજ હાંસલ કરવું એ જનજાતિ સમુદાયોમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીની પહોંચ હોવાનો અને તે બાબતની ભારતની પ્રગતિનો પુરાવો છે. આ સફળતાની સિદ્ધિ એ માત્ર સંખ્યાઓ પુરતી સીમિત નથી, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાની દષ્ટિ અને યોજનાનો આ એક મહત્વપૂર્ણ પુરાવો છે. આદિવાસી વિદ્યાર્થીઓ આ પહેલને સક્રિયપણે અપનાવતા, તેમના ભવિષ્યને ઘડતા અને સાચા અર્થમાં સમાવિષ્ટ અને ડિજિટલ રીતે પ્રગતિશીલ ભારતમાં યોગદાન આપતા હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

**All Credit Data With Student APAAR/ABC ID**

| | | |
|---|---|---|
| Veer Narmad South Gujarat University, Surat | Gujarat | 605418 |
| Indira Gandhi National Open University | Delhi | 495083 |
| University of Delhi | Delhi | 261248 |
| Mahatma Jyotiba Phule Rohilkhand University Bareilly | Uttar Pradesh | 202809 |
| Gujarat Technologycal University Ahmedabad | Gujarat | 171732 |
| Maulana Abul Kalam Azad University of Technology West Bengal | West Bengal | 128191 |
| Dr. B. R. Ambedkar open University Hyderabad | Telangana | 103164 |
| S.R.M. Institute of Science & Technology Chennai | Tamil Nadu | 102435 |
| Yashwantrao Chavan Maharashtra Open University Nashik | Maharashtra | 88559 |
| Parul University | Gujarat | 87390 |

## ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા




દિનાંક ૧૪/૦૨/૨૦૨૪ના રોજ કોન્ફરન્સ હૉલ, ઝુઓલોજી ડિપાર્ટમેન્ટ, ગુજરાત વિશ્વવિદ્યાલય, અમદાવાદ ખાતે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાના "ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા"ના ફાઈનલ રાઉન્ડનું આયોજન કરવામાં આવેલ હતું. આપ સૌને જણાવતા હર્ષની લાગણી અનુભવાય છે કે, આ સ્પર્ધામાં રાષ્ટ્રીય સેવા યોજના (NSS), વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત સંલગ્ન જી.આઈ.ડી.સી.રાજુ શ્રોફ રોફેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, વાપીની NSS સ્વયંસેવિકાશ્રી મહેક ભટ્ટે સમગ્ર રાજ્યમાં વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી સ્પર્ધા જીતી હતી. શ્રી મહેક ભટ્ટે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાના વરદ હસ્તે રૂપિયા એક લાખનું રોકડ પુરસ્કાર અને બેસ્ટ સાંસ્કૃતિક સ્પીકર ઓફ ગુજરાતનો એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. શ્રી મહેક ભટ્ટે રાજ્યકક્ષાએ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી રાષ્ટ્રીય સેવા યોજના અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યૂનિવર્સિટી, સુરતનું નામ રાજ્યસ્તરે રોશન કર્યું હતું. પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરવા બદલ વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ સંયોજક ડૉ. પ્રકાશચંદ્રજી દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી હતી. આ વિશ્વવિદ્યાલય માટે એક ગૌરવાનુંવિત ઘટના છે.

## બેચલર ઓફ ઇન્ટિરિયર ડિઝાઇન વિભાગ દ્વારા રીલેટેડ સ્ટડી પ્રોગ્રામ એક્ઝિબિશનનું આયોજન

દિનાંક ૧૫થી ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગમાં રિલેટેડ સ્ટડી પ્રોગ્રામ એક્ઝિબિશનનું આયોજન થયેલ છે. આજ રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માન. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના હસ્તે આ કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો છે. વિશ્વવિદ્યાલયમાં ચાલતા બેચલર ઓફ ઇન્ટિરિયર ડિઝાઈનનો કોર્સ (4 Year Degree Course) 2005થી કાર્યરત છે. આ કોર્સની કાર્યરેખામાં પ્રથમ અને દ્વિતીય વર્ષમાં R.S.P. (રિલેટેડ સ્ટડી પ્રોગ્રામ) કે જે 2 Creaditનો વિષય હોય છે, જેમાં વિદ્યાર્થીઓને વિભિન્ન પ્રદેશના કલ્ચર, રહેણી–કહેણી, વ્યવસાય, ખેતીને લગતા તથા લોકલ ક્રાફટવર્કને શિખવાને લઈ ભારત દેશના વિભિન્ન પ્રદેશના પ્રવાસ કર્યા છે, જેમાં માંડું મદેશવર, સાગવારા, રાજસ્થાન, પોંડીચેરી, ચેન્નાઈ, કાલિંગપોંગ, વેસ્ટબેંગોલ, પંગુત, નૈનીતાલ, ગોવા જેવા પ્રદેશની વિઝિટ કરી ચૂક્યા છે.

આ વર્ષે રેકોંગ પીઓ કિન્નોર ડિસ્ટ્રીક હિમાચલ પ્રદેશનો પ્રવાસ કરેલ હતો. જેમાં પ્રવાસ દરમિયાન રેકોંગ પીઓની આસપાસ ૯ ગામની મુલાકાત કરી ત્યાંના વર્ષો જૂના "કાટ ખૂણી" બાંધકામથી બનેલા જે પેઢી દર પેઢી વારસામાં મળેલી મિલકત ત્યાના પરીવારે સાચવેલી છે. તથા મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા લાઈવ સ્કેચ, ફોટોગ્રાફી, મેજર ડ્રોઈંગ તથા ત્યાના સફરજનના બગીચા તથા પોરાણિક મંદિરની મુલાકાત લેતા એમના જીવનમાં અગત્યના ધરાવતા દેવી દેવતામાં ચંડીકાદેવી તથા અન્ય દેવી મંદિરોનું અનોખુ મહત્વ જોયું. આમ, આ આયોજિત કાર્યક્રમ શ્રી મેહુલ પટેલ (Co-ordinator, BID) આર્કિ. પ્રશાંત મનાણી (RSP Co-ordinator)ની સાથે ૧૨ ફેકલ્ટી સભ્યો દ્વારા પ્રવાસ કરવામાં આવેલો હતો.

આ મુલાકાતના ભાગરૂપે વિદ્યાર્થીઓ દ્વારા એક વર્કશોપ બેઇજ રિલેટેડ સ્ટડી કરી મોડલ અને ડ્રૉઈંગથી વર્ણવી છે. જે પ્રદર્શનમાં એમણે મુલાકાત દરમિયાન ઊંડાણ પૂર્વકના અભ્યાસનું એક લાઈવ મોડલ બનાવવામાં આવ્યું છે. જેમાં મટિરિયલ, વૂડનપટ્ટી, અલગ પ્લાસ્ટર, લાઈટિંગ, પોલીશિંગ, સ્ટોન મશિનરી જેવી જુદી જુદી ટેકિનકને ધ્યાનમાં રાખી બનાવેલું છે. જેમનું માર્ગદર્શન ID વિશ્વા જરીવાલા, ID ધવલ પટેલ, આર્કી. ગૌરાંગ પટેલ અને અન્ય ફેકલ્ટી મેમ્બરો દ્વારા કરવામાં આવેલું. આ બધાને આવરી લેતું એક બૂક કે જે આર્કી. જુલિ વૈદ્ય તથા એમની ટીમે ડિટેલમાં "From Earth to Home" The Enduring Story of Reckong Peo kath khni વર્ણવી છે.
















## સામૂહિક સૂર્યનમસ્કાર

૨૪ સપ્તમીના પાવન શુભ દિવસે રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ (NSS) અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને ક્રિડા ભારતીના સંયુકત ઉપક્રમે દિનાંક ૧૬/૨/૨૦૨૪ના રોજ સવારે ૭:૦૦ કલાકે વિશ્વવિદ્યાલય પરિસર ખાતે 'સામૂહિક સૂર્યનમસ્કાર'નું આયોજન કરવામાં આવ્યું. સૂર્યનમસ્કાર એ સૂર્ય આરાધના સાથે અનેક પ્રકારના આસનો અને પ્રાણાયમનો એક ખૂબ જ ઉપયોગી યોગાભ્યાસ છે. ભારતની ખ્યાતિ આજે યોગના આધારે વિશ્વમાં થઈ રહી છે, ત્યારે સૂર્યનમસ્કાર એ દૈનિક જીવનમાં બાહ્ય અને આંતરિક સ્વસ્થ રહેવા માટે ખૂબ ઉપયોગી છે. જેથી દૈનિક જીવનમાં સૂર્યનમસ્કારનો અભ્યાસ કરવો જોઈએ તે હેતુથી આજે સુરત શહેર સંલગ્ન જુદી જુદી મહાવિદ્યાલયના કુલ ૭૦૦૦થી વધુ યુવાઓએ આજે વિશ્વવિદ્યાલય પરિસરમાં સામૂહિક સૂર્યનમસ્કાર કરીને વિશ્વવિદ્યાલય ઇતિહાસમાં વિક્રમ સર્જ્યો. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાની અધ્યક્ષતામાં આ કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે માનનીયશ્રી ડૉ. અખિલેશજી પાંડે ઉપસ્થિત રહ્યા અને તેમણે વિદ્યાર્થીઓને સમાજ, રાષ્ટ્ર અને જીવન ઉપયોગી એવા ઘણા પ્રસંગો સાથે માર્ગદર્શન પૂરું પાડયું અને સાથે સાથે સ્વાસ્થયનું જીવનમાં મહત્વ વિશે પણ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું. ક્રિડા ભારતીના સૂર્યનમસ્કાર આયામના પ્રદેશ સંયોજકશ્રી મિતેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન, સંચાલન અને વ્યવસ્થા એન.એસ.એસ.ના સંયોજક અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના OSD શ્રી પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શ્રી શ્રુષ્ટિ પાટીલે યુવાઓને હલકા વ્યાયામ અને સૂર્યનમસ્કાર કરાવ્યા હતા.










## વિશ્વવિદ્યાલયનું ગૌરવ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતની વિદ્યાર્થીનીઓ એસોસિએશન ઓફ ઈન્ડીયન યુનિવર્સિટીના નેજા હેઠળ અને શ્રી જગદીશ પ્રસાદ ઝાબરમલ ટિબડેવાલા વિશ્વવિદ્યાલય અને ભારતીય વિશ્વવિદ્યાલય સંઘના સંયુક્ત ઉપક્રમે દિનાંક ૧૬/૦૨/૨૦૨૪ થી ૧૯/૦૨/૨૦૨૪ દરમિયાન યોજાયેલ અખિલ ભારતીય આંતર વિશ્વવિદ્યાલય ગ્રેપલિંગ પ્રતિયોગિતા ૨૦૨૩-૨૪માં ભાગ લીધેલ.જેમાં આપણી વિશ્વવિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ તૃતીય ક્રમ પ્રાપ્ત કરી ઝળહળતી સિદ્ધિ મેળવી છે. જેમાં રાણા ક્રિશાએ ગોલ્ડ મેડલ, રૈયકવાર મોનુએ સિલ્વર મેડલ અને માવ ખુશ્બુ, રૈયકવાર નીલમ અને શૈની પૂજાએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. આ પ્રતિયોગિતામાં કોચ તરીકે રાજપાલ શર્મા અને મેનેજર તરીકે સંજના રાઠોડે સેવા આપેલી હતી. વિદ્યાર્થીની બહેનોને ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓ.એસ.ડી.ડૉ. પ્રકાશચંદ્ર અને વિશ્વવિદ્યાલય પરિવાર તરફથી અભિનંદન આપી વિદ્યાર્થીઓ હરહંમેશ આવી સિદ્ધિઓ પ્રાપ્ત કરતા રહે, જીવનમાં ઉત્તરોત્તર પ્રગતી કરતા રહે તેમજ વિશ્વવિદ્યાલય, પરિવાર, સમાજ અને ગામનું ગૌરવ વધારે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## મિનિસ્ટ્રી ઓફ ટેકસટાઈલના નેજા હેઠળ કાર્યરત મંત્રા અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય વચ્ચે MoU




પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીની PM USHA યોજના તથા હાલમાં ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ટેકસટાઈલના નેજા હેઠળ નવી દિલ્હી ખાતે આવતા અઠવાડીએ યોજાનાર ભારત ટેક્સ ૨૦૨૪માં ટેકસટાઈલ ક્ષેત્રે સ્કીલ ડેવલોપમેન્ટ થઈ શકે તે માટે તથા રીસર્ચ અને ડેવલોપમેન્ટને ધ્યાનમાં રાખીને દિનાંક ૨૦/૦૨/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય તથા મિનિસ્ટ્રી ઓફ ટેકસટાઈલ, ભારત સરકારના નેજા હેઠળ કાર્યરત સુરત સ્થિત મેન મેડ ટેકસટાઈલ રીસર્ચ એસોસિએશન (મંત્રા) વચ્ચે MoU કરવામાં આવ્યું છે. જે હેઠળ ટેકસટાઈલ ક્ષેત્રને લગતા વિવિધ અભ્યાસક્રમો અને રીસર્ચ બન્ને સંસ્થાઓ લોકલ ટેકસટાઈલ ઉદ્યોગોને ધ્યાનમાં રાખીને કાર્ય કરશે. આ ઉપરાંત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ પોતાના ઈન્ટર્નશિપ રીસર્ચ પ્રોજેક્ટ ઈન્ટર ડિસિપ્લિનરી માધ્યમથી મંત્રામાં કરી શકશે તથા મંત્રા અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સાથે મળીને NEP 2020 હેઠળ ટેકસટાઈલ ઉદ્યોગને લગતા વિવિધ અભ્યાસક્રમો શરૂ થવાનો માર્ગ ખોલી શકે છે. મંત્રા અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સાથે મળીને લોકલ ટેકસટાઈલ ઉદ્યોગ માટે કોન્ફરન્સ, સેમીનાર અને રીસર્ચવર્ક સાથે મળીને કરશે. આજ રોજ આ MoU વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને મંત્રાના ડિરેકટર ડૉ. પંકજ ગાંધી તથા મંત્રાના સિનિયર સાયન્સટીસ્ટ મૂર્તુઝા ચન્નીવાલા અને દેવ શાહની હાજરીમાં કરવામાં આવ્યું છે. આ MoU હવેથી આવતા અઠવાડીએ નવી દિલ્હી ખાતે ભારત ટેક્સ ૨૦૨૪માં માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી, વાણિજ્ય મંત્રીશ્રી પીયૂષ ગોયલ તથા રાજ્યકક્ષાના રેલવે અને ટેકસટાઈલ મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશની હાજરીમાં રજૂ કરવામાં આવશે. આમ, આ MoU થકી દક્ષિણ ગુજરાતના ટેકસટાઈલ ઉદ્યોગને તથા નવસારી વાંસી બોરસી ખાતે આવી રહેલા પી.એમ.મિત્રા પાર્કમાં રીસર્ચવર્ક અને સ્કીલ મેન પાવર માટે ઉપયોગી રહેશે.

## 'પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન (PM-USHA)' અનુદાન અંતર્ગત કાર્યક્રમના શુભારંભ પ્રસંગ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય એ જાહેરાત કરતાં ગર્વ અનુભવે છે કે તેને શિક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ ''પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન PM-USHA'' પહેલ હેઠળ ૧૦૦ કરોડનું અનુદાન આપવામાં આવ્યું છે. ભારત સરકાર આ પ્રતિષ્ઠિત અનુદાન PM-USHAના મલ્ટી ડિસિપ્લિનરી એજ્યુકેશન એન્ડ રિસર્ચ વિશ્વવિદ્યાલય (MERU) ઘટક હેઠળ આવે છે. જે વિશ્વવિદ્યાલયની વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠતાને આગળ વધારવાની પ્રતિબદ્ધતાનો એક પ્રમાણપત્ર છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયને આ પરિવર્તનકારી પહેલનો એક ભાગ બનવા અને Viksit Bharat@2047ના વિઝનમાં યોગદાન આપવા માટેની તક મળવા બદલ ગૌરવ અને આનંદની લાગણી અનુભવે છે. જે અભિયાનનું શુભારંભ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા દિનાંક ૨૦/૦૨/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૧૫ વાગ્યે જમ્મુ કાશ્મીરથી કરવામાં આવેલ છે. આ અભિયાનનું જીવંત પ્રસારણ નિહાળવા અને મળનાર અનુદાનના વધામણાં કરવા વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હૉલ ખાતે કાર્યક્રમનું આયોજન કરેલ હતું. આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના અધ્યક્ષસ્થાને અને માનનીય મંત્રીશ્રી રેલવે અને ટેક્સટાઈલ મંત્રાલય, ભારત સરકારના શ્રીમતી દર્શનાબેન જરદોશજી અને માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી, સંસદીય બાબતો પ્રાથમિક, માધ્યમિક અને પુખ્તશિક્ષણ અને ઉચ્ચશિક્ષણ, ગુજરાત સરકારના શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા મુખ્ય અતિથિ પદે હાજર રહ્યાં હતાં.

''પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન PM-USHAના સંદર્ભમાં માનનીય મંત્રીશ્રી દર્શનાબેન જરદોશજીના અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા દ્વારા પ્રેરક વ્યકતવ્ય આપવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી રમેશદાન ગઢવી દ્વારા વિશ્વવિદ્યાલયના પરિવારને આ અનુદાન અંતર્ગત અભિનંદન પાઠવવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના તમામ સત્તામંડળના સભ્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ તેમજ વિશ્વવિદ્યાલય સંલગ્ન મહાવિદ્યાલયો ઓનલાઈન જોડાયા હતા.

















## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે શાળામાં શિક્ષક ભરતી માટે રોજગાર ભરતી મેળો યોજાયો

દિનાંક ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ શનિવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત તેમજ જે.ઝેડ.શાહ આર્ટસ અને એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના સંયુક્ત ઉપક્રમે શાળામાં શિક્ષક ભરતી માટે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રોજગાર ભરતી મેળાના ઉદ્દ્ઘાટન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. તેઓના વરદ હસ્તે રોજગાર ભરતી મેળો ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરતના પ્રાચાર્ય ડૉ. યોગેશભાઈ પટેલે મહેમાનોને આવકાર અને સ્વાગત પ્રવચન આપ્યું હતું. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી અને વિશ્વવિદ્યાલયના શિક્ષણ વિદ્યાશાખાના ડીન માનનીય ડૉ. પત્રલેખા બારડે પ્રસંગને અનુરૂપ ઉદ્દ્બોધન આપ્યું હતું. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ તેમના ઉદ્દ્બોધનમાં જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય એક માત્ર વિશ્વવિદ્યાલય છે જે શિક્ષકોની ભરતી માટેના રોજગાર ભરતી મેળાનું આયોજન કરે છે અને આ તેમનો દ્વિતીય પ્રયાસ હતો. કાર્યક્રમને અંતે આભારવિધિ જે.ઝેડ.શાહ. આર્ટસ અને એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશભાઈ રાણા દ્વારા કરવામાં આવી હતી. ભરતી મેળામાં કુલ ૧૫૧ શાળાઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી ૨૭ શાળાઓ હાજર રહી હતી. તેમજ કુલ ૧૦૩૦ ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી ૨૯૯ ઉમેદવારો હાજર રહ્યા હતા. સમગ્ર ભરતી મેળાને અંત. ૧૬૮ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.











## કાયદા વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ડાંગ સ્વરાજ આશ્રમ શાળા, કાલિબેલની મુલાકાત લેવામાં આવી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કાયદાશાસ્ત્ર વિભાગના માનવ અધિકાર (હ્યુમન રાઇટસ)ના વિદ્યાર્થીઓ દ્વારા દિનાંક ૧૭/૨/૨૦૨૪ અને ૧૮/૨/૨૦૨૪ના રોજ ડાંગ સ્વરાજ આશ્રમ શાળા, કાલિબેલ ડાંગની મુલાકાત લેવામાં આવી હતી અને આ મુલાકાતનો વિષય "ડાંગમાં વસતા લોકોના સામાજિક અને આર્થિક જીવન પર ઉત્થાન અને સશકિતકરણ યોજનાઓના પ્રત્યાવનો અભ્યાસ" હતો. આ વિષય અંતર્ગત વિદ્યાર્થીઓએ ડાંગ સ્વરાજ આશ્રમ શાળામાં ભણતા વિદ્યાર્થીઓ સાથે સમય પસાર કરી તેમની જરૂરિયાતો અને અધિકારો વિશેની માહિતી મેળવી અને ત્યાના બાળકોને પેન, પેન્સિલ અને નોટબુક વિતરણ કરવામાં આવ્યું હતું. કાલીબેલ વિસ્તારના આજુબાજુના ગામના લોકો સાથે મળી વિવિધ યોજનાઓની માહિતી બાબતે જાણકારી મેળવી અને એમની સામાજિક અને આર્થિક જીવન વિશે હળવી વાતોથી જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આ બે દિવસમાં વિદ્યાર્થીઓએ આ વિસ્તારના ડૉક્ટરશ્રી, વકીલશ્રી, ઉચ્ચસ્તરીય અભ્યાસ કરેલા વિદ્યાર્થી, સરપંચ તથા

આશાવર્કરો તેમજ સમાજ માટે કામ કરતા વ્યકિતઓની મુલાકાત લીધી હતી. અંતમાં, વિસ્તારના બાળકો, સ્ત્રીઓ, વૃધ્ધો તથા સમાજના નબળા વર્ગો વિશેના અનુભવો અને તેમના જવાબો સાથે પરત થયાં. આ સમગ્ર ટીમને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી અને કાયદા વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. યશોધરાબેન ભટ્ટ તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી.







## યૂથ પાર્લામેન્ટ

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સંયુકત ઉપક્રમે દિનાંક ૨૪/૦૨/૨૦૨૪, શનિવારના રોજ વિશ્વવિદ્યાલયના હિન્દૂ અધ્યયન પ્રતિષ્ઠાન કેન્દ્ર ખાતે વિશ્વવિદ્યાલયકક્ષાના 'યૂથ પાર્લામેન્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન જુદી જુદી મહાવિદ્યાલયમાંથી ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના O.S.D અને રાષ્ટ્રીય સેવા યોજના વિભાના પ્રોગ્રામ સંયોજક ડૉ. પ્રકાશચંદ્ર, વહીવટી વિભાગના વડાશ્રી ડૉ. દીપેશ પટેલ અને હિન્દૂ અધ્યયન પ્રતિષ્ઠાન કેન્દ્રના સંયોજકશ્રી બાલાજી રાજે ઉપસ્થિત રહ્યા હતા. વકૃતત્વ સ્પર્ધા બાદ આગામી યૂથ પાર્લામેન્ટની સ્પર્ધાની તૈયારીના ભાગ સ્વરૂપે વિદ્યાર્થીઓ માટે જૂથ ચર્ચાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ડૉ. કિશોરસિંહ ચાવડા, ડૉ. રમેશદાન ગઢવી, ડૉ. પ્રકાશચંદ્ર અને અન્ય મુખ્ય મહેમાનોના વરદ હસ્તે હાજર રહેલ અને વિજેતા રહેલ તમામ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અને મોમેન્ટો એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે એન.એસ.એન.ના જુદી જુદી મહાવિદ્યાલયના પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ.ફરીદાબેન માંડવીવાળા, ડૉ. મયંક સોઢા, ડૉ. મુકેશ રોહિત અને બાયો–ટેકનોલોજી વિભાગ, VNSGUના ડૉ. માનસી મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા અને સંચાલન યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ અને રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા કરવામાં આવેલ હતું.











## Department of Commerce

### કોમર્સ વિભાગ દ્વારા વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વાણિજ્ય વિભાગ દ્વારા દિનાંક ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ના સવારે ૯:૦૦ કલાકે શ્રીમદ રાજચંદ્ર ખંડ ખાતે વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારંભ રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, સામાજિક કાર્યકર અને પ્રખર એડવોકેટ ગીતાબેન શ્રોફ અને અર્થશાસ્ત્ર વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. યોગેશ એન. વાસિયા હાજર રહી વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારોહની શુભ શરૂઆત વિશ્વવિદ્યાલયના ગીતથી તેમજ કોમર્સ વિભાગની વિદ્યાર્થીની કુ. ગુંજનએ પ્રાર્થનાથી કરી હતી. કોમર્સ વિભાગના સંયોજક ડૉ. ફાલ્ગુની એમ.ઠક્કરે સમારોહમાં ઉપસ્થિત સૌ મહેમાનશ્રીઓને સાલ અને પ્રતિમાં દ્વારા આવકાર્યા હતા તથા કોમર્સ વિભાગ વિશે ટૂંકો ઇતિહાસ સંદર્ભ પરિચય આપ્યો હતો. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ શૈક્ષણિક સફળતા મેળવવા બદલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી ભવિષ્યમાં એક સારા નાગરિક બનવા માટે માર્ગદર્શન તથા સ્વચ્છતા જાળવવા માટે જીવનમાં અપનાવવાના ઉપયોગી નિયમો સમજાવ્યા હતા.

પ્રાધ્યાપક બનવા માટેની લઘુત્તમ લાયકાત જીસેટ પાસ થનાર વિદ્યાર્થી, શૈક્ષણિક સફળતા મેળવનાર, સાંસ્કૃતિક સ્પર્ધા તેમજ રમતગમત સ્પર્ધાઓમાં વિજેતા થયેલા કુલ ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રતિમા, પદક અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉદઘોષક તરીકેની સેવા વિભાગના વિદ્યાર્થી જય સુરતી અને સ્વાતિ બારીસે બજાવી હતી અને આભારવિધિ પ્રો.મુકેશ રોહિતે કરી હતી. કાર્યક્રમ દરમ્યાન ગાયક હાર્દિક ટેલર દ્વારા ગીતોની ખાસ પ્રસ્તુતિ કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓ દ્વારા તેમની યાદગીરી સ્વરૂપના વીડિયો રજૂ કરવામાં આવ્યા હતા, જે જોઈને કાર્યક્રમમાં લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોમર્સ વિભાગના સંયોજક ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગાન દ્વારા થયું હતું.















## Department of Economics

### Sports Day Celebration

દિનાંક ૦૯–૦૨–૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓ માટે રમત ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ રમતો જેવી કે ગોળાફેંક, ચક્રફેંક, દોડ, દોરડાકુદ, બેડમિન્ટન, ટેબલ ટેનીસ, ક્રિકેટ, કેરમ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં વિદ્યાર્થીઓ તથા અધ્યાપકગણ અને વહીવટી કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક રમતમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપનાર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી, ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. મનિષ આર. પટેલ દ્વારા તમામ રમતમાં ભાગ લેવામાં આવ્યો હતો. રમત દરમિયાન વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને મનોબળ વધારવા માટે વિજેતા ખેલાડીને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ આપવામાં આવ્યા હતા. જેમાં બેડમિન્ટન્ટમાં બહેનોમાં એમ.એ.સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની પઠાણ મરિયમ અને દ્વિતીય ક્રમાંક પર એમ.એ. સેમેસ્ટર–૨ ની વિદ્યાર્થીની પટેલ યશસ્વી વિજેતા રહી હતી, ૧૦૦ મીટરની દોડમાં બહેનોમાં પ્રથમ ક્રમાંક એમ.એ.સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની વસાવા વૈશાલી, દ્વિતીય ક્રમ પર વસાવા કરીના અને તૃતીય ક્રમ પર એમ.એ. સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની પટેલ પ્રાચી વિજેતા રહી હતી, ૧૦૦ મીટર ભાઈઓમાં પ્રથમ ક્રમાંક પર એમ.એ. સેમેસ્ટર–૪નો વિદ્યાર્થી વાડીલે શ્યામ, દ્વિતીય ક્રમાંક પર કુશ તંબોલી અને તૃતીય ક્રમાંક પર પવાર દીપક વિજેતા રહ્યા હતા, ૨૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમાંક પર એમ.એ. સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની પટેલ ટ્વિન્કલ, દ્વિતીય ક્રમાંક પર એમ.એ.સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની હીરપરા આરતી અને તૃતીય ક્રમાંક પર એમ.એ. સેમેસ્ટર–૨ ની બેલાડીયા પ્રાંજલ વિજતા રહી હતી, ૨૦૦ મીટર દોડમાં ભાઈઓમાં માત્ર પ્રથમ ક્રમાંક આપવામાં આવ્યો હતો. જેમાં એમ.એ. સેમેસ્ટર–૨નો વિદ્યાર્થી રાઠોડ વિરલ વિજેતા રહ્યો હતો, ૪૦૦ મીટર દોડમાં એમ.એ. સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની સોડવડિયા વંદના પ્રથમ, એમ.એ. સેમેસ્ટર–૪ની વસાવા નીતા દ્વિતીય અને એમ.એ. સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની કલસરિયા કિંજલ તૃતીય ક્રમ પર વિજેતા રહી હતી અને ભાઈઓમાં ૪૦૦ મીટરમાં માત્ર પ્રથમ વિજેતા જાહેર કરવામાં આવ્યો હતો જેમાં એમ.એ. સેમેસ્ટર–૪ના વિદ્યાર્થી કોકણી નરેન્દ્ર વિજેતા રહ્યો હતા. બરછી ફેંક રમતમાં એમ.એ.સેમેસ્ટર–૪ના વિદ્યાર્થી દીપક પ્રથમ, એમ.એ. સેમેસ્ટર–૨નાં વિદ્યાર્થી ગામીત ઇમન્વેલ દ્વિતીય અને તૃતીય ક્રમ પર એમ.એ. સેમેસ્ટર–૨ નાં વિદ્યાર્થી કડાવાલા ભારત વિજેતા રહ્યા હતા, ચક્રફેંક રમતમાં એમ.એ. સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની ગામીત હરીશા પ્રથમ, એમ.એ. સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની સરવૈયા રચિતા દ્વિતીય અને તૃતીય ક્રમ પર એમ.એ. સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની અન્સારી નફીસા વિજેતા રહ્યા હતા, ગોળાફેંક રમતમાં બહેનોમાં એમ.એ. સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની મુનીવાલા શ્રેયા પ્રથમ, ટંડેલ ચાર્મી દ્વિતીય અને પટેલ અંજલી તૃતીય ક્રમ પર વિજેતા રહ્યા હતા અને ભાઈઓમાં એમ.એ. સેમેસ્ટર–૨નાં વિદ્યાર્થી ગામીત દિવ્યેશ પ્રથમ અને રાઠોડ વિરલ દ્વિતીય ક્રમ પર વિજેતા રહ્યા હતા. દોરડા કૂદમાં એમ.એ.સેમેસ્ટર–૪ ની વિદ્યાર્થીની પટેલ ટ્વિન્કલ પ્રથમ ક્રમાંક પર, એમ.એ. સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની ચૌધરી ધ્રુવી દ્વિતીય ક્રમાંક અને એમ.એ. સેમેસ્ટર–૨ ની વિદ્યાર્થીની વસાવા વૈશાલી તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરી વિજેતા રહ્યા હતા. અંતે કેરમ રમતમાં બહેનોમાં એમ.એ. સેમેસ્ટર–૨ની વિદ્યાર્થીની સોલંકી ગૌરી પ્રથમ અને એમ.એ. સેમેસ્ટર–૪ની વિદ્યાર્થીની ગામીત મરિયમ દ્વિતીય ક્રમ પર વિજેતા રહ્યા હતા, ભાઈઓમાં એમ.એ. સેમેસ્ટર–૨નાં વિદ્યાર્થી ગામીત પ્રીતુલ પ્રથમ અને એમ.એ. સેમેસ્ટર–૨ના વિદ્યાર્થી મેર વિશાલ દ્વિતીય ક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વિભાગનાં સહાયક અધ્યાપક ડૉ. દિલીપ ચૌધરી, મેરાભાઈ જમોડ, ડૉ. તૃપ્તિબેન ચાવડા, ડૉ. કિંજલબેન ચુડાસમા, વૈશાલીબેન ખારવા, સ્મિતાબેન નાઈક અને વહીવટી કર્મચારી નિધિબેન પંચાલ, ભૂમિકાબેન પટેલ, કેવિનભાઈ પટેલ, અક્ષયભાઈ પટેલ અને પ્રજ્ઞાબેન ધાધલ દ્વારા વિવિધ રમતોમાં નિર્ણાયક તરીકે સેવા આપવામાં આવી હતી. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી અને અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી.રામી રમત ઉત્સવના દરેક વિજેતાને હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

















## Post Budget Discussion Program

દિનાંક ૧૨/૦૨/૨૦૨૪નાં રોજ વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન હેઠળ 'Post Budget Discussion' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમનાં મુખ્ય અતિથિ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ–પ્રાગટય અને પ્રાર્થનાથી કર્યા બાદ વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા અતિથિનું શાબ્દિક આવકાર અને કાર્યક્રમ વિશે પ્રાથમિક ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. મનિષ આર. પટેલ દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાનું વિશ્વવિદ્યાલય ખેસ અને પુસ્તક આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા વિદ્યાર્થીઓને પ્રસ્તુત કાર્યક્રમમાં ભાગ લેવા અને અભ્યાસ સંબંધી પ્રવૃત્તિઓ અવાર–નવાર કરવા અને તેમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યાપકો ડૉ.દિલીપ ચૌધરી, મેરાભાઈ જમોડ, વૈશાલીબેન ખારવા અને સ્મિતાબેન નાઈક દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. તેવી જ રીતે એમ.એ. સેમેસ્ટર–૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી મકવાણા સ્નેહિલ, હીરપરા આરતી, વસાવા વૈશાલી, પટેલ યશસ્વી, પટેલ વૈનીશા, વસાવા સંઘ્યા અને વજવાડિયા દીપિકા દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો અને સેમેસ્ટર–૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી વરિયા હેતાક્ષી, તંબોળી કુશ, પટેલ પ્રાચી, ચૌધરી ધ્રુવી અને સરવૈયા રચિત દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. પ્રસ્તુત ચર્ચામાં ભાગ લેનાર દરેક અધ્યાપક અને વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ વચગાળાનાં અંદાજપત્ર વિશે પોતાના મંતવ્યો અને મૂલ્યાંકન રજૂ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત ચર્ચા દ્વારા રજૂ કરવામાં આવેલા અંદાજપત્રનાં હકારાત્મક અને નકારાત્મક પાસાઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી, ઉપરાંત હાલનાં ગુજરાત અને ભારતનાં અંદાજપત્રમાં કયાં ક્ષેત્રમાં વધુ ભાર આપવામાં આવ્યો. સૌથી વધુ નાણાની ફાળવણી પાંચ સેકટરમાં કરવામાં આવી. જેમાં નાણા મંત્રાલય, સંરક્ષણ મંત્રાલય, આવાગમન મંત્રાલય રેલવે મંત્રાલય અને ગ્રાહક મંત્રાલયનો સમાવેશ થાય છે. પ્રસ્તુત ચર્ચામાં અંદાજપત્રમાં રજૂ થયેલા અનેક મુદ્દાઓ જેવા કે, આવક કઈ રીતે વધારવામાં આવશે, ખર્ચ કઈ રીતે ઘટાડી

શકાય, કૃષિ શિક્ષણ, આરોગ્ય વગેરે ક્ષેત્રે કેટલીક વિકાસ માટેની યોજનાઓ વિશે પ્રસ્તુત અંદાજપત્રમાં ચર્ચા કરવામાં આવી હતી તે અંગે પણ અધ્યાપક અને વિદ્યાર્થીઓ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. Post Budget Discussion કાર્યક્રમનું આયોજન રજૂ થયેલ અંદાજપત્રથી દરેક વિદ્યાર્થી અવગત થાય તે હેતુથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમાનાં અંતે જેણે પણ ચર્ચામાં ભાગ લીધો હતો તેમને પુસ્તક દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સંચાલન ડૉ. તૃપ્તિબેન ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો લાભ કુલ ૧૩૦ જેટલા અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ લીધો હતો.
















### અર્થશાસ્ત્ર વિભાગમાં વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો





દિનાંક ૧૨/૦૨/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષના ડૉ. ગૌરાંગ ડી. રામીના માર્ગદર્શન હેઠળ એમ.એ. સેમેસ્ટર–૧ અને ૩માં વિશ્વવિદ્યાલય પરીક્ષામાં ઉત્તમ પ્રદર્શન કરી પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. પ્રસ્તુત સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા

હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓને કુલપતિશ્રીના વરદ્હસ્તે વિશ્વવિદ્યાલય ખેંસ, પુસ્તક અને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યાં હતાં. જેમાં એમ.એ. સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની હિરપરા આરતી દિનેશભાઈએ પ્રથમ સ્થાન, પટેલ વૈનીશા સુરેશભાઈ, સોદ્ધાડિયા વંદનાબેન ભરતભાઈ, ઝીન્ઝાલા અંકિતા સતીશભાઈ દ્વિતીય સ્થાન, અને પટેલ યશસ્વી ગૌતમભાઈ તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. એમ.એ. સેમેસ્ટર–૩માં પ્રથમ ક્રમ પર પઠાણ મરિયમ, દ્વિતીય ક્રમ પર શૈખ આફરીન અને તૃતીય ક્રમ પર સિંઘ જૈનીશ રહી હતી. આ દરેક વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી અને અર્થશાસ્ત્ર પરિવારે તેઓએ મેળવેલ સિદ્ધિ બદલ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

## Department of English

### અંગ્રેજી વિભાગમાં રાષ્ટ્રીય પરિસંવાદનું સફળતાપૂર્વક આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અંગેજી વિભાગ દ્વારા દિનાંક ૨૮–૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમ્યાન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ "English Studies in India : A Paradigm Shift ini Language and Literary Discourse" વિષય ઉપર બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. દેશભરનાં વિદ્વાનો અને શિક્ષકવિદોએ પોતાની ઉત્સાહપૂર્વક ભાગીદારી થકી આ પરિસંવાદને અપાર સફળતા અપાવી. ઉદ્ઘાટન સત્રમાં અંગ્રેજી વિભાગના વડા ડૉ. મહેશકુમાર ડેએ આદરણીય મહેમાનશ્રીઓ અને સહભાગીઓનું ઉષ્માભર્યું શાબ્દિક સ્વાગત કર્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ આ વિચારપ્રેરક કાર્યક્રમની પૂર્વભૂમિકા બાંધીને પરિસંવાદની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સેમિનારના સંયોજક તરીકે પ્રો.પરેશ જોશીએ સેમિનારના વિષય વસ્તુની છણાવટ કરી હતી જ્યારે પ્રો.સુનિલ શાહે આભારવિધિ કરી હતી. સેમિનારમાં પ્રો. અનિલ પાલીવાલા, શ્રી ગોપી કોટૂર, પ્રો. દિલીપ કે દાસ (ઓનલાઈન) પ્રો. પારુલ પોપટ સહિતના પ્રતિભાશાળી શિક્ષણવિદોએ પોતાના વિચારોથી સહભાગીઓને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમની નિપુણતાએ પરિસંવાદની ચર્ચાઓને સમૃદ્ધ બનાવી હતી. દિલ્હી, ઓડિશા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કેરળ, ગુજરાત, મધ્યપ્રદેશ અને અન્ય વિવિધ રાજ્યોમાંથી આવેલા સહભાગીઓની હાજરી થકી આ પરિસંવાદે ભારતીય સાહિત્યિક પરંપરાઓની સમૃદ્ધ વિવિધતાને સાહિત્યના માધ્યમથી આબાદ ઝીલી હતી. પ્રો. દિલીપ દાસે "Reading Refugee Studies against the Grain : Place, Displacement and the Problem of Refugee in Stories of the Morichjhapi Massacre" વિષય પર એચ.સી.ત્રિવેદી મેમોરિયલ લેકચર ઓનલાઈન આપ્યું હતું. બે દિવસ દરમિયાન કુલ ૧૦૩ શોધપત્રો ઓનલાઈન તેમજ ઓફલાઈન મોડમાં રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં British literature, American literature, New literature in English, Marginal Writings in English, Travel literature, Literary Theories, Translation Studies, Women's Writing, Post-Colonial Literature, ELT and its Aspects, Linguistics સહિતના વિવિધ વિષયો તથા પેટા વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. આભારવિધિનું અંતિમ સત્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની હાજરીમાં યોજાયું. માનનીય કુલપતિશ્રીએ તમામ સહભાગીઓ તથા આમંત્રિત વકતાઓના જ્ઞાનસંવર્ધન માટેના સમર્પણ અને ઉત્સાહને બિરદાવ્યાં તેમજ અંગ્રેજી વિભાગ અને પરિસંવાદના આયોજકોને આ પરિસંવાદનુ સફળતાપૂર્વક આયોજન કરવા માટે અભિનંદન પાઠવ્યા. આ પરિસંવાદે ભારતીય સાહિત્યિક પરંપરાઓના સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભોના ઊંડાણપૂર્વક અભ્યાસને પ્રોત્સાહન આપતું એક બૌદ્ધિક ચર્ચાઓ થકી માત્ર પોતાના જ્ઞાનનું વર્ધન જ ન કર્યુ પરંતુ વ્યાપક શૈક્ષણિક સમુદાયમાં તેમનું યોગદાન પણ આપ્યું.






## Department of Journalism & Mass Communication

### વિશ્વવિદ્યાલયના જર્નાલિઝમ માસ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા એન્યુલ મીડિયા ફેસ્ટનો શુભારંભ





દર વર્ષની જેમ આ વર્ષે પણ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા મીડિયા બઝ ૨૦૨૪ કાર્યક્રમનો શુભારંભ દિનાંક ૧/૨/૨૦૨૪ થી ૪/૨/૨૦૨૪ સુધી અલગ અલગ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા કાર્યક્રમ સ્થળના મુખ્ય દ્વાર પર શ્રીફળ વધેરીને 'મીડિયા બઝ ૨૦૨૪' કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જ્યાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી સાથે આવેલ મુખ્ય અતિથિ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રી ડૉ. કશ્યપ ખરચિયા, પત્રકારત્વ વિભાગના સંયોજક ડૉ. ભરત ઠાકોર, કૉ સંયોજક ડૉ. કિરણ મિત્તલ તેમજ અન્ય અતિથિઓનું જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ દ્વારા પુષ્પ વર્ષાથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. પત્રકારત્વ વિભાગના સંયોજકશ્રી ડૉ. ભરતભાઈ ઠાકોર દ્વારા વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તેમજ મુખ્ય અતિથિ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રી ડૉ. કશ્યપ ખરચિયાનું ઇન્ડોર પ્લાન્ટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ કાર્યક્રમને સંબોધતા જણાવ્યું હતું કે, આપણી વિશ્વવિદ્યાલયનું ગૌરવ વધારવામાં જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગનો મહત્વનો ફાળો રહ્યો છે. વધુમાં તેમણે પ્રભુ શ્રીરામની થીમ પર ચર્ચા કરી હતી તેમજ કાર્યક્રમને લઈ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ સખત મહેનતને પણ બીરદાવવામાં આવી હતી.

મુખ્ય અતિથિ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રી ડૉ. કશ્યપ ખરચિયાએ તેમના ઉદ્બોધનમાં જણાવ્યું કે, મીડિયા એ લોકશાહીનો સાચો પાયો છે. દેશહિતમાં મીડિયાનું યોગદાન મહત્વનું હોય છે.

પત્રકારત્વ વિભાગના સંયોજક ડૉ. ભરત ઠાકોરે શાબ્દિક સ્વાગત આપતા જણાવ્યું હતું કે, પ્રસિદ્ધ સાહિત્યકાર ઉમાશંકર જોશીની જે પોઝિટિવિટી હતી એ હાલ અમારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડામાં પણ જોઈ શકાય છે. સત્યમ્, શિવમ્, સુન્દરમ્નું ઉદાહરણ દર્શાવતા તેમણે પ્રભુ શ્રીરામના અસ્તિત્વની જીત, જે હાલ રામમંદિર તરીકે પ્રભુ શ્રીરામ અયોધ્યામાં વિરાજમાન છે એ સંદર્ભે ચર્ચા કરી હતી.

મીડિયા બઝ વિશે વાત કરતા જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન વિભાગના સંયોજક ડૉ. કિરણ મિત્તલે જણાવ્યું હતું કે, મીડિયા બઝની શરૂઆત વર્ષ ૨૦૧૧માં કરવામાં આવી હતી અને હાલ આજે ૧૧મું મીડિયા બઝ ઉજવવામાં આવી રહ્યું છે. વધુમાં માસ કોમ્યુનિકેશનના વિદ્યાર્થીઓની કામગીરી બિરદાવતા તેમણે જણાવ્યું કે, વિદ્યાર્થીઓના ૧૫ દિવસના અથાગ પ્રયાસો દ્વારા આજે આ સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

વિશ્વવિદ્યાલયના વિવિધ સ્થળ જેવા કે પર્વમંચ, પ્રાર્થનાખંડ, અંગ્રેજી વિભાગ તેમજ ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન મળીને ચાર દિવસ કુલ ૧૮ જેટલી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ દિવસે એટલે કે ૧ ફેબ્રુઆરીએ કિસકી કલમ સબસે તેજ (ક્રિએટિવ રાઈટીંગ), શાકા લાકા બુમ બુમ (પોસ્ટર મેકિંગ), વાર્તા રે વાર્તા, જબ વી ડિબેટ, ફિલ્મીયાના જેવી પાંચ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં ગુજરાત વિશ્વવિદ્યાલય, પારુલ વિશ્વવિદ્યાલય, એમ.એસ. વિશ્વવિદ્યાલય, મુંબઈ વિશ્વવિદ્યાલય તેમજ વિવિધ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે ચાર દિવસ માટે યોજાયેલ 'મીડિયા બઝ ૨૦૨૪'માં ૨ ફેબ્રુઆરીએ D.J.M.C. ka FM, બેચ કે દિખાઓ, નુક્કડ નાટક, વન એન્ડ ઓન્લી, સિને સ્ટાર, રિલીસટીક જેવી સ્પર્ધાઓ તેમજ ૩ ફેબ્રુઆરીના રોજ બે બુદ્ધિશાળી, કોન કિતના વોકલ, મીડિયા બઝ કી તાજાખબર, હસને જેવી સ્પર્ધાઓ અને ૪ ફેબ્રુઆરીના રોજ મ્યુઝિકલ મોર્નિંગ, VNSGU કી સફારી, કલોઝિંગ સેરેમની, હુનર બાજ જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવશે. મીડિયા બઝ કાર્યક્રમના અંતિમ દિવસે એટલે કે ૪ ફેબ્રુઆરીના રોજ તમામ સ્પર્ધાઓના વિજેતાઓનું નામ જાહેર કરવામાં આવશે તેમજ ઇનામનું વિતરણ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા ભગવાનશ્રી રામચંદ્રજીના જીવન આધારિત કથાઓને અનુલક્ષીને પણ ડેકોરેશન કરવામાં આવ્યું છે. જેમાં ખાસ આકર્ષણનું કેન્દ્ર

શ્રીરામચરિત માનસના બાલકાંડ, રામાયણ અને કારસેવકોની થીમ પર બનેલી એક સાડી છે.

જાણો આ સાડી અહીં કેમ મૂકવામાં આવી છે?

જેમ આપ સૌને ખબર છે કે ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામમંદિરનું ભવ્ય પ્રાણ–પ્રતિષ્ઠાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે બાદ સમગ્ર દેશમાં રામમય માહોલ જોવા મળી રહ્યો છે. તે સંદર્ભે ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન દ્વારા આયોજિત મીડિયા બઝ–૨૦૨૪માં રામાયણનું મહત્વ અને ભારતીય સંસ્કૃતિનું મહત્વ જાળવી રાખવા અહીં રામાયણની કેટલીક કૃતિઓ રાખવામાં આવી છે. તેમ આ સાડી દ્વારા આજના યુવાનોમાં ભારતીય સંસ્કૃતિ અને પૌરાણિક ગ્રંથનો મહત્વ સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ સાડીમાં ૧૦૮થી પણ વધુ વખત શ્રીરામ નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સાડીના પલ્લોના ભાગમાં ૨૦ જેટલી પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય ભાષામાં શ્રીરામનું નામ લખવામાં આવ્યું છે. સાડીની બંને બાજુની બોર્ડરમાં પ્રભુ શ્રીરામના જન્મથી લઈને લંકા વિજય થયા બાદ અયોધ્યા પાછા આવે અને તેમનો રાજ્યાભિષેક કરવામાં આવે તે સંપૂર્ણ વાર્તાનું ચિત્રના સ્વરૂપમાં વર્ણન કરવામાં આવ્યું છે.

આ વાર્તાને એવી રીતે કરવામાં આવી છે કે માત્ર ૨ થી ૩ મિનિટમાં સંપૂર્ણ રામાયણની સચોટ માહિતી પહોંચી શકે. સાડીમાં વચ્ચે બોર્જના ભાગમાં રામચરિત્રમાનસના બાલકાંડના ૩૫૦થી વધુ શ્લોકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

બાલકાંડ લેખનો મુખ્ય હેતુ એ હતો કે, અત્યારે અયોધ્યામાં રામ મંદિર બની રહ્યું છે કારણ કે ત્યાં રામ ભગવાનનો જન્મ થયો હતો અને તેથી જે મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે તે બાળ સ્વરૂપની છે. જે માટે બાલકાંડનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સાડીમાં અંતે જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેનો ઉલ્લેખ જો આ સાડીમાં ન કરવામાં આવે તો સાડી અધૂરી કહેવાય. જ્યારે ઇ.સ. ૧૯૯૨માં તાત્કાલિન સરકારે કારસેવકો ઉપર ગોળીબાર કર્યો હતો અને તેમાં આપણા ૧૬ થી વધુ કારસેવકોનું મૃત્યુ થયું હતું. જેથી સાડીમાં શહીદ એવા કોઠારી બંધુ, સોઠારામ માળી, રમેશકુમાર, મહાવીર પ્રસાદ, રમેશ પાંડે, સંજય કુમાર, મહેન્દ્રનાથ અરોડા, રાજેન્દ્ર ધારકર, બાબુલા તિવારી વગેરે જેવા કારસેવકો રામ મંદિર માટે શહીદ થયા હતા.

તેમજ ખાસ કે અત્યારે જેમના અથાક સાર્થક પ્રયાસોના કારણે ભવ્ય રામ મંદિર બની રહ્યું છે. તેમનો પણ ઉલ્લેખ આ સાડીમાં કરવામાં આવ્યો છે. જેમકે માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ, અટલ બિહારી વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, RSS, બજરંગ દળ, વિશ્વ હિન્દુ પરિષદ વગેરેના સાર્થક પ્રયાસોથી રામમંદિરનું નિર્માણ થઈ રહ્યું છે.

ઉલ્લેખનીય એ છે કે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયને હાલ ૬૦ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે જેના અંતર્ગત વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોમાં જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## વિશ્વવિદ્યાલયના જર્નાલિઝમ માસ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા એન્યુલ મીડિયા ફેસ્ટનો 'કલાકારોની ભરમાર' સાથેનો દ્વિતીય દિવસ















વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા એન્યુઅલ યૂથ ફેસ્ટિવલ અને વિશ્વવિદ્યાલયના ૬૦માં વર્ષની ઉજવણીના ભાગરૂપે "મીડિયા બઝ ૨૦૨૪"નું ભવ્ય આયોજન થયું છે. ચાર દિવસ ચાલનારા આ "મીડિયા બઝ–૨૦૨૪"માં મીડિયા સાથે સંલગ્ન વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાગ લેવા માટે ગુજરાતની વિવિધ વિશ્વવિદ્યાલયો તેમજ મુંબઈ વિશ્વવિદ્યાલયથી પણ ઘણા વિદ્યાર્થીઓ આવેલ છે.

દિનાંક ૦૨/૦૨/૨૦૨૪ના રોજ મીડિયા બઝ DJMC કા FM, બેચ કે દેખો, નુક્કડ નાટક, વન એન્ડ ઓન્લી, સિને સ્ટાર, અને રિલીસટીક જેવી છ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પોતાની ક્રીએટિવિટીનું ખૂબ જ સરસ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય ડૉ. મનીષા પાનવાલા અને એક્સિક્યુટીવ કાઉન્સિલના સભ્ય ડૉ. કે.સી.પોરિયા, અને ડૉ. પારૂલ વડગામા મીડિયા બઝમાં ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી.

મીડિયા બઝ અંતર્ગત, VNSGUના અંગ્રેજી વિભાગના સેમિનાર હૉલમાં "બેચ કે દિખાઓ"માં વિજ્ઞાપન અને બ્રાંડ નિર્માણ સ્પર્ધા યોજાયેલી હતી. જેમાં જૂનાં જૂતાં, નેલ પૉલિશ, પૉડકાસ્ટ, ઇન્સ્યોરન્સ, વગેરે ઉત્પાદનના વિજ્ઞાપન પ્રસ્તુત થયેલા. જેમાં અમદાવાદ દિવ્યભાસ્કરના જાહેરાત ડિપાર્ટમેન્ટના વડાશ્રી હેતલભાઈ મોદી નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ પોતાના આગવા વિચારો વિજ્ઞાપન થકી રજૂ કર્યા હતાં.

વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં કલાકારોની ભરમાર વચ્ચે દમદાર કળાનું પ્રદર્શન થયું હતું. જેમાં માનવીય મૂલ્યોને બિરદાવનાર વિચારો સાથે નુક્કડ નાટક અને મોનોલૉગ પ્રસ્તુત થયા. જેમાં શ્રી મિહિર પાઠક અને શ્રી ફરઝાન કરંજિયાએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવેલી હતી.

DJMC કા FM સ્પર્ધા અંતર્ગત વિદ્યાર્થીઓએ નિર્ણાયકશ્રી RJ આદિત્ય સમક્ષ તેઓની રેડિયો કાર્યક્રમની પ્રસ્તુતિ કરી હતી. બે રાઉંડમાં યોજાયેલ આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાની બોલવાની કળા ખૂબ સરસ રીતે રજૂ કરી હતી. આ દરમ્યાન RJ આદિત્ય દ્વારા વિદ્યાર્થીઓને રેડિયો તથા RJYINGની કળા વિષે માહિતગાર કર્યા હતાં.

મીડિયા બઝના આજના દિવસની એક મહત્તા વધારતી ક્ષણો કહી શકાય એવી, શ્રીરામ જન્મભૂમિના વધામણાંની યાદગીરી રૂપે ગુજરાત વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકને એક સાડી કે જેમાં શ્રીરામનામનું અંકન જુદી જુદી ભાષાઓમાં કરેલ છે તે ભેટ સ્વરૂપે આપવામાં આવેલ છે. આ ઉપરાંત પુસ્તક આપી તેમનું સ્વાગત કરાયું હતું.

ભારતીય સંસ્કૃતિને પ્રાધાન્ય આપતી કેટલીક રમતો સહિત પરિસરના પ્રાંગણમાં ઘણી પ્રતિકૃતિ અને શ્રીરામ તથા હનુમાનજીની પ્રતિકૃતિઓ તથા શ્રીરામ જન્મભૂમિના અયોધ્યાના કારીગરોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે લોકોનાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.

ચર્ચાના એક મહત્વના ભાગરૂપે ડિબેટમાં "આર્ટિફિશ્યલ ઇન્ટેલિજેન્સ કે મનુષ્ય"નો મુદ્દો ખૂબ નોંધનીય રહી, જેમાં બંને પક્ષકારો આખરે મનુષ્ય સર્વોપરી કે આર્ટિફિશ્યલ ઇન્ટેલિજેન્સ સર્વોપરી? એ મુદ્દાનો જવાબ શોધવાની ખૂબ કોશિશ કરી, દલીલો, મૂલ્યો અને ઘણી વાતો થઈ હતી.

ઉલ્લેખનીય એ છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયને હાલ ૬૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે જેના અંતર્ગત વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોમાં જુદા જુદા કાર્યક્રમોના આયોજનો કરવામાં આવી રહ્યાં છે.

## મીડિયાબઝના ત્રીજા દિવસે વિવિધ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો

જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા દિનાંક ૩/૨/૨૦૨૪ના રોજ 'મીડિયાબઝ ૨૦૨૪'નું આયોજન કરવામાં આવ્યું હતું. ચાર દિવસ ચાલનારા આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ગુજરાતની વિવિધ વિશ્વવિદ્યાલયોની સાથે મુંબઈ વિશ્વવિદ્યાલયથી પણ ઘણાં વિદ્યાર્થીઓ આવ્યા હતા. ૧ ફેબ્રુઆરીથી શરૂ થયેલી આ મીડિયાબઝ ઇવેન્ટનો ત્રીજો દિવસ હતો. જેમાં યોજવામાં આવેલ કુલ પાંચ ઇવેન્ટ્સમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

"બે બુદ્ધિશાળી" નામક ઇવેન્ટમાં ભાગ લેનાર પ્રતિસ્પર્ધીઓને બે–બેની ટીમમાં વહેંચવામાં આવ્યા હતા. સ્પર્ધાના પહેલા રાઉન્ડમાં દરેક ટીમ જનરલ નોલેજ અંગેની ક્વિઝના જવાબો એક કાગળ પર ભરીને આપવાના હતા. પ્રથમ રાઉન્ડમાં પાસ થનાર ટીમ્સને બીજા રાઉન્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો, જેનું નામ હતું "કૌન બનેગા મીડિયાબઝ પતિ." આ રાઉન્ડમાં સ્પોર્ટ્સ, કરંટ અફેર્સ અને મીડિયા એન્ડ બૉલીવુડ જેવા વિષયોને અનુલક્ષીને ક્વિઝ રમાડવામાં આવી હતી.

વિદ્યાર્થીઓની વકતૃત્વ ક્ષમતાઓનો કયાસ કાઢતી "કૌન કિતના વૉકલ" સ્પર્ધામાં દરેક પ્રતિસ્પર્ધીએ ઓછામાં ઓછી ૩ મિનિટ્સ અને વધુંમાં વધું ૫ મિનિટ્સમાં પોતાની વાત રજૂ કરવાની હતી. આ માટે પ્રતિસ્પર્ધીઓને આધુનિક ભારતમાં નારીવાદ (ફેમિનિઝમ), હ્યુમન ઇન્ટેલિજન્સ વિરુધ્ધ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, આજના ડિજિટલ યુગમાં રિમોર્ટ વર્ક, માર્કેટિંગ અને એડવર્ટાઇઝના બદલાતા સ્વરૂપ સાથે પ્રભાવક બની રહેલી સ્ટોરી ટેલિંગની કળા જેવી સાંપ્રત બાબતોને લગતા વિષયો આપવામાં આવ્યા હતા.

ફોટોગ્રાફી કોમ્પિટિશનમાં દરેક પ્રતિસ્પર્ધીએ કોઈ એક ચોક્કસ વિષયને અનુલક્ષીને ફોટો ખેંચવાનુ ટાસ્ક આપવામાં આવ્યું હતું. ફોટોગ્રાફી માટે સેલ્ફ પૉર્ટ્રેટ, સન (સૂર્ય) ઓફ સુરત, ફૂડ ફોટોગ્રાફી, પેટ (પાલતુ પ્રાણીઓ) ફોટોગ્રાફી જેવા વિષયો આપવામાં આવ્ય હતા. પ્રતિસ્પર્ધીઓ સાંજે ૬:૦૦ સુધીમાં પોતે ખેંચેલા ફોટોઝ મીડિયાબઝ માટે બનાવાયેલી ગૂગલ ડ્રાઇવ પર અપલોડ કરવાના હતા.

આ ઉપરાંત 'મીડિયાબઝ કી તાઝા ખબર' અંતર્ગત વિદ્યાર્થીઓએ રિપોર્ટીંગ અંગે તેમજ 'હસ ને' અંતર્ગત સ્ટેન્ડ–અપ કોમેડીમાં એકબીજાને કટ્ટર સ્પર્ધા પૂરી પાડી હતી.

મીડિયાબઝ ૨૦૨૪ ઇવેન્ટના અંતિમ દિવસે, એટલે કે રવિવાર દિનાંક ૦૪ ફેબ્રુઆરીના રોજ વિશ્વવિદ્યાલયના પર્વમંચ ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન થશે. જે પૈકી સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ દરમિયાન મ્યુઝિકલમોર્નિંગનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૨:૦૦ થી ૩:૦૦ દરમિયાન "VNSGU કી સફારી" યોજાશે. ૪:૦૦ થી ૬:૦૦ કલોઝિંગ સેરેમની યોજાશે. ૬:૦૦ થી ૧૧:૦૦ દરમિયાન 'હુન્નરબાઝ'નું આયોજન થશે. ઇવેન્ટના આ અંતિમ દિવસે અગાઉના ત્રણેય દિવસો દરમિયાન યોજાયેલ વિવિધ સ્પર્ધઓના વિજેતાઓને નામ પણ જાહેર કરવામાં આવશે.

















## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પરિસરમાં ૫૦મો ખેલકૂદ રમતોત્સવનું આયોજન







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પરિસરમાં રમતગમત મેદાન ખાતે દિનાંક ૧૫/૦૨/૨૦૨૪ થી ૧૮/૦૨/૨૦૨૪ સુધી ૫૦મો ખેલકૂદ રમતોત્સવનું આયોજન વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. રમતોત્સવનું સંયોજન યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી.શ્રી ડૉ. પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવી રહ્યું છે. વિશ્વવિદ્યાલય ગીત, ફ્લેગ હોસ્ટિંગ, માર્ચ પાસ્ટ, વ્યાયામ જ્યોત આગમનથી ખેલકૂદ રમતોત્સવના પ્રારંભ બાદ ઓલ ઇન્ડિયા લેવલે રમનાર એથલેટિક પ્લેયર પ્રતિજ્ઞા લેવડાવશે. ઉદ્‌ઘાટનસત્ર બાદ વિવિધ સ્પર્ધાઓ જેવી કે દોડ, લાંબી કૂદ, વિઘ્ન દોડ, રીલે, ભાલા ફેંક, ચક્ર ફેંક, ટૂંકી દોડ, લાંબી દોડ, ગોળા ફેંક, બ્રોડ જમ્પ, ઊંચી કૂદ, ટ્રિપલ જમ્પ, પોલ વોલ્ટ, હથોળા ફેંક સહિતની કુલ ૧૯ સ્પર્ધાઓ તેમજ વિકલાંગ રમતવીરો માટે ૫૦ મીટર દોડ, લોન્ગ જમ્પ અને ગોળા ફેંક સ્પર્ધા યોજાશે. આ રમતોત્સવમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન ૧૧૬ મહાવિદ્યાલયના ૮૫૯ ભાઈઓ અને ૫૪૮ બહેનો સહિત કુલ ૧૪૦૭ રમતવીરો ભાગ લેશે.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય આયોજિત ૫૦મો ખેલકૂદ રમતોત્સવનો ભવ્ય પ્રારંભ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પરિસરમાં ચાર દિવસીય ૫૦મો ખેલકૂદ રમતોત્સવનો પ્રારંભ દિનાંક ૧૫/૦૨/૨૦૨૪ ગુરુવારના રોજ સવારે ૧૧ કલાકે એથ્લેટિક્સ ટ્રેક પર વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાની અધ્યક્ષતામાં, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના માર્ગદર્શનમાં તેમજ યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી.ડૉ. પ્રકાશચંદ્ર પટેલના સંયોજનમાં કરવામાં આવ્યો હતો. ૫૦મો ખેલકૂદ મહોત્સવની શુભ શરૂઆત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, અતિથિ એવા IPS શ્રી ભગીરથ ગઢવી, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રી લક્ષ્મણ આહીર, પાણી સમિતિના ચેરમેનશ્રી હિમાંશુ રાઉલજી, હોકી ખેલાડીશ્રી બંસરી સોલંકી, યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી.શ્રી.ડૉ.પ્રકાશચંદ્ર પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. જે બાદ વિશ્વવિદ્યાલયના ગીતના ગાન, ફ્લેગ હોસ્ટીગ અને માર્ચ પાસ્ટનું પ્રસ્થાન કરીને કરવામાં આવી હતી. ખાસ કરીને વિશ્વવિદ્યાલયનું નામ રોશન કરનાર રમતવીરો જેવા કે કહદ ઈલુ, વીરેન્દ્ર માછી, ઘોઘારી કરણ, ડાદોડા વિલેશ , સેમિશ પટેલ, જીજ્ઞેશ ડાભી દ્વારા વ્યાયામ જ્યોત આગમન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અતિથિઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ૫૦મો ખેલકૂદ રમતોત્સવને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. એથલેટિક પ્લેયર મયૂરી ગામીતે ખાસ પ્રતિજ્ઞા લેવડાવી હતી.

ખેલકૂદ મહોત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ ભારત માતાના જયઘોષ સાથે શરૂ કરેલા વકતવ્યમાં

વિશ્વવિદ્યાલયના ૬૦ વર્ષ પૂર્ણ થવાની ગરીમાની વાત કરી હતી અને નંદુબા શાળાના વિદ્યાર્થીઓ તેમજ શાળા પરિવારનો દ્રુમતાલ બાબતે સવિશેષ આભાર માન્યો હતો. તેમણે ભવિષ્યમાં પ્રિ–ઓલિમ્પિક રમતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના રમતવીરો તેમાં ભાગીદારી નોંધાવે તેવી આશા વ્યક્ત કરી હતી. આ સાથે જ ખાસ કરીને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શોધીને રમતગમતનું યોગ્ય પ્લેટફોર્મ અને સંસાધનો પૂરા પાડી શકાય એવી આશા પણ વ્યક્ત કરી હતી. વિદ્યાર્થીઓને ખાસ સૂચન આપતા તેમણે જણાવ્યું હતું કે, મોબાઈલનો વપરાશ ઘટાડે, બ્રહ્મ મુહૂર્તમાં ઉઠી કસરત કરે, સાદુ સાત્વિક ભોજન જમે, મા બાપના બલિદાનને યાદ રાખે, વાણી–વર્તન–સ્વભાવ સારા રાખે, રાષ્ટ્રની સેવા કરે, સહ પ્રવૃત્તિઓ સાથે અભ્યાસ કરે વગેરે જેવી બાબતે ધ્યાન રાખવું જોઇએ.

વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે મંચ પર બિરાજમાન મહેમાનો અને ખેલ મહોત્સવમાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને શાબ્દિક આવકાર આપ્યો હતો અને રમતગમતના માળખા વિશેની સંક્ષિપ્ત માહિતી આપી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓ સમક્ષ મોટા સ્તર પર રમાતી રમતોમાં નહીવત પ્રદર્શન બાબતે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે ભવિષ્યમાં યોજાનાર ઓલમ્પિક રમત માટે ભારત યજમાન બને અને તેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની પણ ભૂમિકા હોય એવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલે શાબ્દિક સ્વાગત આપી લગભગ ૧૫૦૦ વિદ્યાર્થીઓને ભાગ લેવા માટે બિરદાવ્યા હતા. તેમણે ભારતમાં એકેડેમી બેન્ક ઓફ ક્રેડિટમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પહેલા ક્રમ પર અને ગુજરાત રાજ્યમાં વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પર રહી તે સિદ્ધિને બિરદાવી હતી તેમજ ભારત વિશ્વગુરુ બનવા તરફ પ્રયાણની, વિદ્યાર્થીઓની સમસ્યા ઉકેલવા માટે વિશ્વવિદ્યાલય વહીવટ સતત પ્રયત્નશીલ રહેવાની વિશ્વવિદ્યાલયમાં પીએચડી અને એમપીએડ અભ્યાસક્રમની શરૂઆત થાય તેમજ અધ્યાપકોની ભરતી રાજ્ય સ્તરે થાય તે બાબતે પોતાના વિચારો વ્યક્ત કરી પોતાના વકતવ્યને વિરામ આપ્યો હતો. અને અંતે આભારવિધિ વ્યક્ત કરી હતી.

આ ખેલકૂદ રમતોત્સવમાં પ્રથમ દિવસે ૧૫૦૦ મીટર દોડ (પુરુષ+મહિલા), મહિલા ચક્ર ફેંક, ૧૦૦ મીટર દોડ (પુરુષ+મહિલા), ૪૦૦ મીટર દોડ (પુરુષ+મહિલા),સ્પર્ધા યોજાઈ હતી. બાકીના દિવસો દરમિયાન વિવિધ સ્પર્ધાઓ જેવી કે દોડ, લાંબી કૂદ, વિઘ્ન દોડ, રીલે, ભાલા ફેંક, ચક્ર ફેંક, ટૂંકી દોડ, લાંબી દોડ, ગોળા ફેંક, બ્રોડ જમ્પ, ઊંચી કૂદ, ટ્રિપલ જમ્પ, પોલ વોલ્ટ, હથોળા ફેંક સહિતની કુલ ૧૯ સ્પર્ધાઓ યોજાશે. ખાસ કરીને વિકલાંગ રમતવીરો માટે ૫૦ મીટર દોડ, લોન્ગ જમ્પ અને ગોળા ફેંક સ્પર્ધા યોજાશે. આ રમોત્સવમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન ૧૧૬ મહાવિદ્યાલયના ૮૫૯ ભાઈઓ અને ૫૪૮ બહેનો સહિત કુલ ૧૪૦૭ રમતવીરોએ ભાગ લીધો હતો.

## રથસપ્તમીના દિવસે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં ૭૦૦૦ વિદ્યાર્થીઓ ના એકસાથે સૂર્યનમસ્કાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસરમાં દિનાંક ૧૫/૦૨/૨૦૨૪ થી ૧૮/૦૨/૨૦૨૪ દરમિયાન એથ્લેટિકસ ટ્રેક ખાતે ૫૦મો ખેલકૂદ રમતોત્સવ યોજાયો હતો. જે અંતર્ગત બીજા દિવસે એટલે કે ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, અતિથિ એવા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત સહકાર્યવાહશ્રી ડૉ. અખિલેશ પાંડે, અમદાવાદ ક્રીડા ભારતીના સંયોજકશ્રી મિત્તેશભાઈ તેમજ યુવક કલ્યાણ વિભાગ ઓ.એસ.ડી.શ્રી ડૉ. પ્રકાશચંદ્ર પટેલની ઉપસ્થિતિમાં સવારે ૭:૦૦ કલાકે સામૂહિક સૂર્યનમસ્કારનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિશ્વવિદ્યાલયની સંલગ્ન વિવિધ મહાવિદ્યાલયો તેમજ વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ તેમજ ખેલકૂદ રમતોત્સવમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ મળી અંદાજે ૭૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભેગા મળીને સામૂહિક સૂર્યનમસ્કાર કર્યા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ તેમના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ પોતાના માટે તાળીઓનો ગડગડાટ કરે અને પોતાની જાતને વધાવે કે વહેલી સવારના કાર્યક્રમમાં તેઓ તન અને મનથી જોડાયા છે. ભવિષ્યમાં પ્રિ–ઓલમ્પિકમાં રમે એવા તેમના સ્વપ્નને સાકાર કરવા માટેની તૈયારી વિદ્યાર્થીઓ અત્યારથી જ કરે એવી આશા વ્યકત કરી હતી.

અતિથિશ્રી ડૉ. અખિલેશ પાંડે (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રાંત સહકાર્યવાહ)એ જણાવ્યું હતું કે, વહેલી સવારે ઊઠી અહી આવીને વિદ્યાર્થીઓએ અધરી પરીક્ષા પાસ કરી છે. તેમણે ખાસ કરીને વિદ્યાર્થીઓને શારીરિક, બૌધિક, માનસિક અને નૈતિક એવા ચાર બળ વિશે વિસ્તૃત રીતે સમજાવ્યું હતું. ચેસના વિશ્વ વિજેતા વિશ્વનાથન આનંદના ઉદાહરણ થકી મેન્ટલ સ્ટબિલિટી વિશે તેમજ દરેક પ્રકારની રમત અને વ્યાયામ કરવા માટે દરરોજ ૧:૩૦ થી ૨ કલાક ફાળવવાની સલાહ તેમણે આપી હતી. પાંચ સમભ્રમને દૂર કરવાની સલાહ, યુવાઓને ચરિત્રસંપન્ન બનવાની સલાહ, દેશભકિત, આદર્શવાદી જીવન, નેશન ફર્સ્ટની ભાવના, અનુશાસન, આદર્શ કોણ અને કેવા હોવા જોઈએ, વિદેશી વસ્તુઓનો બહિષ્કાર, યુવાઓને સમાધાનનો માર્ગ આંદોલનને બદલે સંવાદ જેવા વિષય ઉપર સચોટ માર્ગદર્શન આપ્યું હતું.

ક્રીડા ભારતીના સંયોજક, અમદાવાદના શ્રી મિતેશભાઈએ જણાવ્યું હતું કે, રથસપ્તમીને દિવસે મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓનું એકસાથે સૂર્યનમસ્કાર કરવું રમણીય છે. સૂર્યનમસ્કારનું મહત્વ વિશેષ છે અને સૂર્યનમસ્કાર કરવાથી તન અને મન બંને સ્વસ્થ રહે છે. કાર્ય કરવાની કાર્યક્ષમતા વધે છે અને માનસિક સ્વાસ્થતા પ્રાપ્ત થાય છે. સૂર્યનમસ્કાર જીવન પરિવર્તન કરે છે.

ભારતમાતાના જયઘોષથી શરૂ થયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારનાર અને તેમને માર્ગદર્શન આપનાર યુવક કલ્યાણ વિભાગના OSDશ્રી ડૉ.પ્રકાશચંદ્ર પટેલ દ્વારા આજના રથસપ્તમી દિવસ એટલે કે ભવિષ્ય પુરાણ અનુસાર ભગવાન સૂર્યભગવાન સૂર્યના ઉત્પત્તિ દિવસ કે જ્યારે તેમણે પોતાના પ્રકાશથી સમગ્ર વિશ્વને પ્રકાશિત કર્યુ હતું. એ દિવસે આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓનું ખાસ અભિવાદન કરવામાં આવ્યું હતું. અને બાદમાં આભારવિધિ કરવામાં આવી હતી. અંતે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.
























## ૫૦મો ખેલકૂદ રમતોત્સવ દ્વિતીય દિવસ : ૮ સ્પર્ધાના વિજેતા જાહેર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસરમાં દિનાંક ૧૫/૦૨/૨૦૨૪ થી ૧૮/૦૨/૨૦૨૪ સુધી એથ્લેટિક્સ ટ્રેક ખાતે ૫૦મો ખેલકૂદ રમતોત્સવ યોજાયો છે. જે અંતર્ગત બીજા દિવસે એટલે કે ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ૫૦૦૦ મીટર દોડ (પુરુષ+મહિલા) લોન્ગ જમ્પ પુરુષ, શોટપુટ (પુરુષ), લોન્ગ જમ્પ (મહિલા), ૪૦૦ મીટર (મહિલા), ૮૦૦ મીટર (પુરુષ+મહિલા), ૪*૪૦૦ રીલે (પુરુષ+ મહિલા), ચક્ર ફેંક (પુરુષ), ઊંચી કૂદ (પુરુષ+મહિલા), ૨૦૦ મીટર દોડ (પુરુષ+મહિલા), ૧૫૦૦ મીટર દોડ (પુરુષ+ મહિલા), હથોડા ફેંક (મહિલા), ૪*૧૦૦ મીટર રીલે (પુરુષ + મહિલા), ૮૦૦ મીટર દોડ (પુરુષ) જેવી સ્પર્ધા યોજાઈ હતી. ૮ સ્પર્ધામાં વિજેતા થયેલા રમતવીરોને માનનીય શ્રી ડૉ. કશ્યપસિંહ ખરચીયા, શ્રી સંજય લાપસીવાલા, ડૉ. દીપક ભોયે, ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, ડૉ. જાનકી મિસ્ત્રી, ડૉ. યોગેશ વાસિયા, ડૉ. ગૌરાંગ રામી, શ્રી બાલાજી રાજે, ડૉ. મનિષ પટેલના હસ્તે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ ખેલકૂદ રમતોત્સવમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન ૧૧૬ મહાવિદ્યાલયના ૮૫૯ ભાઈઓ અને ૫૪૮ બહેનો સહિત કુલ ૧૪૦૭ રમતવીરોએ ભાગ લીધો છે. વિવિધ સ્પર્ધામાં વિજેતા થયેલા રમતવીરોની નામની યાદી નીચે મુજબ છે.

| Women's Result | | | | |
|---|---|---|---|---|
| 5000 Meter Run | | | | |
| Position | Chest No. | Name of Athlete | Name of college | Performance M.S.MS |
| First | 1416 | Bhoya Nikita Bachalu Bhai | Shri Vanraj Arts& Commerce College, Dharampur | 21.47.16 |
| Second | 1068 | Malvish Shilaben Mangadyabhai | Government Arts & Commerce, Ahwa | 21.47.96 |
| Third | 1179 | Sharma Radha Sandip | M.T.B. Arts, College, Surat | 21.48.94 |

| Men's Result | | | | |
|---|---|---|---|---|
| 5000 Meter Run | | | | |
| Position | Chest no. | Name of Athlete | Name of college | Performance M.S.MS |
| First | 753 | Gamit Daud Jinkiyabhai | Shree T.P.Arts & Commerce College, Ankleshwar | 16.16.87 |
| Second | 702 | Ganvit Sagarbhai Rameshbhai | Shri Vanraj Arts& Commerce College, Dharampur | 16.27.18 |
| Third | 153 | Gamit Rohitbhai Subhashbhai | Government Arts & Commerce, Ahwa | 16.43.59 |

| Women's Result | | | | |
|---|---|---|---|---|
| Discusthrow | | | | |
| Position | Chest no. | Name of Athlete | Name of college | Performance M.S.MS |
| First | 1051 | Balai Vagmitraj Prithviraj | Dolat usha Institute of applied Science & Dhiru Sarla Institute of management & Commerce, Valsad | 29.95 |
| Second | 1465 | Suva Divyaben Maldebhai | SMT R.PChauhan arts & SMT J.K.Shah & Shri K.D Shah Commerce College Vyara | 26.04 |
| Third | 1044 | Gamit Harisha Bhangyabhai | Department of Economics, VNSGU | 22.41 |

| Women's Result | | | | |
|---|---|---|---|---|
| Shot Put | | | | |
| Position | Chest no. | Name of Athlete | Name of college | Performance M.S.MS |
| First | 1051 | Balai Vagmitraj Prithviraj | Dolat usha Institute of applied Science & Dhiru Sarla Institute of management & Commerce, Valsad | 10.97 |
| Second | 1465 | Suva Divyaben Maldebhai | SMT R.PChauhan arts & SMT J.K.Shah & Shri K.D Shah Commerce College Vyara | 08.20 |
| Third | 1242 | Nakrani Kavya Rohitbhai | Prof. V.B.Shah College, Amroli. | 7.50 |

| Women's Result Sheet | | | | |
|---|---|---|---|---|
| Long Jump | | | | |
| Position | Chest no. | Name of Athlete | Name of college | Performance M.S.MS |
| First | 1043 | Gamit Mayuriben Mahendrasinh | Department of Economics, VNSGU | 5.71 |
| Second | 1081 | Rutvikaben Dineshbhai Gamit | Government Arts & Commerce, Netrang | 4.67 |
| Third | 1338 | Kotadiya Kruti Vinodbhai | Shree J.B. Dharukawala mahila Arts College, Surat | 4.61 |

| Women's Result Sheet | | | | |
|---|---|---|---|---|
| 1500 Meter Run | | | | |
| Position | Chest no. | Name of Athlete | Name of college | Performance M.S.MS |
| First | 1179 | Sharma Radha Sandip | M.T.B. Arts, College, Surat | 05.46.64 |
| Second | 1416 | Bhoya Nikita Bachalu Bhai | Shri Vanraj Arts& Commerce College, Dharampur | 05.47.07 |
| Third | 1068 | Malvish Shilaben Mangadyabhai | Government Arts & Commerce, Ahwa | 05.47.46 |









## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં 'લોક જીવન મે રામ' વિષય પર રાષ્ટ્રીય સંગોષ્ઠી યોજાઈ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના તુલનાત્મક સાહિત્ય વિભાગ, હિન્દી–સંસ્કૃત કેન્દ્ર અને અખિલ ભારતીય સાહિત્ય પરિષદ ન્યાસ, દિલ્હીના સંયુકત ઉપક્રમે દિનાંક ૧૬–૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ 'લોક જીવન મે રામ' વિષય પર બે દિવસની રાષ્ટ્રીય સંગોષ્ઠી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવીના માર્ગદર્શન હેઠળ વિશેષ અતિથિ પરમ પૂજ્ય સ્વામી નિજાનંદજી બ્રહ્મચર્ય આશ્રમ ગોતરકા, મુખ્ય અતિથિ અખિલ ભારતીય સાહિત્ય પરિષદના સંગઠનમંત્રી અને સાહિત્યકાર શ્રીધર પરાડકર, અતિથિ અખિલ ભારતીય સાહિત્ય પરિષદના રાષ્ટ્રીય મહામંત્રી ઋષિકુમાર મિશ્રાની ઉપસ્થિતિમાં તેમજ તુલનાત્મક સાહિત્ય વિભાગના સમન્વયક અને અખિલ ભારતીય સાહિત્ય પરિષદ ગુજરાતના પ્રદેશ મહામંત્રી ડૉ. ભરત ઠાકોરના નિમંત્રણ હેઠળ યોજવામાં આવી હતી.

આ બે દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠીનું ઉદ્‌ઘાટન સત્ર ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારે ૧૧ કલાકે યોજાયું હતું. જેની શરૂઆત દીપ પ્રજ્જવલન અને અખિલ ભારતીય સાહિત્ય પરિષદ ન્યાસ ગીતના ગાન અને સરસ્વતી ગાન સાથે કરવામાં આવી હતી. ઉપસ્થિત સૌ મહેમાનગણોનું વિશ્વવિદ્યાલય ખેસ, પુસ્તક, શ્રીરામમંદિરની નાની પ્રતિકૃતિ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ સંક્ષિપ્તમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. જેમાં તેમણે કાર્યક્રમમાં ઉપસ્થિત મંચસ્થ મહેમાનો, પ્રેક્ષાગારમાં બેઠેલ વિશ્વવિદ્યાલય વહીવટી મંડળના જુદા જુદા સભ્યો, સંશોધકો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સાહિત્યકારોને શાબ્દિક આવકાર આપ્યો હતો. તેમણે લોક જીવનમાં પ્રભુશ્રી રામ વિશે વાત કરતા કવિ નર્મદનો સંદર્ભ ટાંકીને જણાવ્યું હતું કે, આ વિશ્વવિદ્યાલય જે કવિ લેખકના નામે નામાભિધાન થઈ છે તેવા કવિ વીર નર્મદ દ્વારા સમાજને વીર રસથી ભરપૂર સાહિત્ય આપવામાં આવ્યું હતું.

આ રાષ્ટ્રીય સંગોષ્ઠીના સંયોજકશ્રી ડૉ. ભરત ઠાકોરે કાર્યક્રમની રૂપરેખા બાદ ઉપસ્થિત સૌ મંચસ્થ મહેમાનો, સેમિનારમાં ઉપસ્થિત સાહિત્યકારો, અધ્યાપકો, સંશોધકો, વિદ્યાર્થીમિત્રો વગેરેનું શાબ્દિક આવકાર આપી સ્વાગત કર્યું હતું. સેમિનાર, સેમિનાર સત્ર, ગુજરાત અને દેશભરમાંથી પધારેલ સાહિત્યકારો, સેમિનારમાં ભાગ લેનાર સાહિત્ય સંસ્થા અખિલ ભારતીય સાહિત્ય પરિષદ ન્યાસ, દિલ્હી અને તેની વિભિન્ન કામગીરીઓનો વિસ્તૃત પરિચય આપ્યો હતો.

વિશેષ અતિથિ બ્રહ્મચારી આશ્રમ ગોતરકાના સ્વામી નિજાનંદજીએ વિષયને અનુરૂપ પોતાના વિચારો રાખતા જણાવ્યું હતું કે, રામ નામ સદીઓથી લઈને આજ સુધી સમાજમાં ગુંજતું રહ્યું છે તેનું કારણ રામ વ્યકિત નહિ, રાજા નહિ પરંતુ એક વિચારધારા છે. જે સદીઓથી સમાજમાં વ્યવહારો રૂપે જીવંત છે. તેમના મત અનુસાર મનુષ્ય જીવન અનિયંત્રિત અને ગતિશીલ છે. જેને નિયંત્રણ કરવાનું કામ શ્રીરામનું નામ કરે છે. તેમના મત અનુસાર ભગવાન રામ

માનવ માટે આદર્શ જીવનનું વેકિસનેશન છે. જે સદીઓ સુધી ચાલશે. રામધર્મ ત્રણેય કાળમાં અસ્તિત્વ ધરાવે છે. તેથી સનાતન કહેવાય છે. સમાજમાં સ્થાયીમૂલ્યોનું પ્રતીક શ્રીરામ છે. સમાજમાં સર્વ લોકો પ્રત્યેની સમ્યકતા શ્રીરામ છે. વ્યકિતની મહત્ત્વાકાંક્ષાઓને નિયંત્રિત કરનારું ઔષધ શ્રીરામ છે. અયોધ્યા રામના સંદર્ભે સંકલ્પોનું કેન્દ્ર છે. અહી લીધેલા સંકલ્પો પૂર્ણતા તરફ પહોંચે છે.

અખિલ ભારતીય સાહિત્ય પરિષદના રાષ્ટ્રીય સંગઠન મંત્રીશ્રી ધર પરાડકરે વિષયને અનુરૂપ પોતાના સંક્ષિપ્ત પ્રવચનમાં જણાવ્યું હતું કે, પ્રત્યેક વ્યકિતમાં એક રામ વસે છે. શ્રીરામ બુદ્ધિનો વિષય ન હોતા વ્યવહારનો વિષય છે. રામ લોકજીવનમાં રૂઢિગત રૂપે, કેટલાક માટે જીવનયાપન રૂપે અને કેટલાક માટે આચરણ રૂપે જોવા મળે છે.

અખિલ ભારતીય સાહિત્ય પરિષદના રાષ્ટ્રીય મહામંત્રી ઋષિકુમાર મિશ્રએ લોક જીવનમાં રામ વિશે પોતાનું વકતવ્ય આપતા જણાવ્યું હતું કે, ભારતમાં અયોધ્યા ખાતે સહકારી રામમંદિર લોકજીવનમાં રામનું કેટલું મહત્વ છે એ પ્રસ્થાપિત કરે છે. તેમના મત અનુસાર એવું કોઈ ક્ષેત્ર નથી કે જ્યાં શ્રીરામની ઉપસ્થિતિ કોઈને કોઈ સ્વરૂપે ન હોય. શ્રીરામનું જીવન સમગ્ર સમાજને આદર્શોથી ભરેલું જીવન અને તેની ઓળખ કઈ રીતે થઈ શકે તે સૂચવે છે. ધર્મનું અનુસરણ કરતા કરતા રાવણ સામે વિજય કઈ રીતે પ્રાપ્ત થાય તે પણ શ્રીરામનું જીવન આમ જનતાને સૂચવે છે. પોતાનું કામ અને શત્રુનું કલ્યાણ કઈ રીતે થઈ શકે તે રામના જીવનમાંથી પ્રત્યેક વ્યકિતને જાણવા મળે છે. પ્રજાધર્મ, ભાઈઓ પ્રત્યેનો ધર્મ, સમાજ પ્રત્યેનો ધર્મ વગેરે શ્રીરામના જીવનમાંથી જાણવા મળે છે.

ઉદ્ઘાટન સત્રના સમાપન ભાષણમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ મંચસ્થ મહેમાનોનો અને સેમિનારમાં ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો. તેમણે તેમના ટૂંકા પ્રવચનમાં અયોધ્યામાં શ્રીરામમંદિર, આ પ્રકારના વિષયનો પહેલો સેમિનાર, સુરતના વિભિન્ન ઉદ્યોગો, અખિલ ભારતીય સાહિત્ય પરિષદના કામકાજ વિશે, જીવનના પ્રત્યક્ષ ક્ષેત્રમાં રામની ઉપસ્થિતિ વિશે, આર્થિક ક્ષેત્રમાં રામના રાજકીય કાર્યોનું મૂલ્યાંકન વગેરે બાબતો વિશે પોતાના વિચાર વ્યકત કર્યા હતા.

ઉદ્ઘાટન સત્રની પ્રથમ બેઠકમાં વિવિધ વકતાઓએ સેમિનારના વિષયને અનુરૂપ પોતાના વિચારો વ્યકત કર્યા હતા. આ વકતાઓનાં માનનીય ડૉ. સુધા શર્મા, ડૉ. નિખીલ કેલકર, ડૉ. વિમલ ખમાર અને ડૉ. ગેલજી ભાટીયા ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. સુધા શર્માએ રામરાજ્ય, રામમય વિશ્વ, શ્રીરામની સર્વ જન પ્રત્યે સમદષ્ટિ, કર્તવ્યપાલન અને રામચરિત્રની પૂજા વગેરે પર સંક્ષિપ્ત પ્રવચન આપ્યું હતું.

સત્રની બીજી બેઠકમાં સુમન ચૌરે, શ્રીમતી ડૉ. દીનાનાથ પાટીલ, શ્રી યતીન કટારિયા, શ્રી જયમલ દેસાઈ, શ્રી જયશ્રી નારંગ અને ડૉ. મહેન્દ્ર નાઈએ વિષયને અનુરૂપ સંક્ષિપ્ત પ્રવચન આપ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પત્રકારત્વ વિભાગના સંયોજક ડૉ. કિરણ મિત્તલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે આભારવિધિ તુલનાત્મક સાહિત્ય વિભાગના સમન્વયકશ્રી ડૉ. ભરત ઠાકોર દ્વારા કરવામાં આવી હતી.

















## ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનનું ગૌરવ

ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનની પી.જી ડિપ્લોમાની વિદ્યાર્થીની બાજરૈ ફરહીને ગત દિનાંક ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ખેલમહાકૂંભ ૨.૦ ઓપન એજ સિનિયર કેટેગરીમાં જિલ્લા કક્ષાની સ્પર્ધામાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરીને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી છે. કુલપતિશ્રી ડૉ.કે.એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ.આર.સી.ગઢવી, ડિપાર્ટમેન્ટ ઓફ જેએમસીના સંયોજકશ્રી ડૉ. ભરત ઠાકોર અને સંયોજકશ્રી ડૉ. કિરણ મિત્તલે ફરહીનને અભિનંદન પાઠવ્યા હતા.



## વિશ્વવિદ્યાલયમાં 'લોક જીવન મે રામ' વિષય પર દ્વિતીય દિવસની રાષ્ટ્રીય સંગોષ્ઠી પૂર્ણ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના તુલનાત્મક સાહિત્ય વિભાગ, હિન્દી–સંસ્કૃત કેન્દ્ર અને અખિલ ભારતીય સાહિત્ય પરિષદ ન્યાસ દિલ્હીનાં સંયુકત ઉપક્રમે તા ૧૬–૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ 'લોક જીવન મે રામ' વિષય પર બે દિવસની રાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજક કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત રાષ્ટ્રીય સંગોષ્ઠીના બીજા દિવસે યોજાયેલા અંતિમ સત્રનો પ્રારંભ દીપ પ્રાગટ્ય અને મંચસ્થ મહાનુભાવોના સ્વાગતથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટની અધ્યક્ષતામાં સત્રની શરૂઆત કરવામાં આવી હતી. તેમાં પ્રારંભે શ્રી કાનજીભાઈ મહેશ્વરી, શ્રી જ્યોતિભૂષણ જોશી, ડૉ. રવીન્દ્ર ઉપાધ્યાય, ડૉ. અનિતા ટંડેલ અને ડૉ. મિનેશ ડામોરે વિષયને અનુરૂપ વકતવ્ય આપ્યું હતું.

શ્રી ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટે ખાસ વચન પાલનની શીખમાં શ્રીરામ, નિરક્ષરો અને સાક્ષરોના શ્રીરામ, પ્રજા જીવનમાં વ્યાપ્ત શ્રીરામ, લોકોની આસ્થામાં શ્રીરામ, પ્રજાજીવનનું ચાલકબળ શ્રીરામ, સચોટ રામબાણ ઇલાજમાં શ્રીરામ બાબતે વકતવ્ય આપ્યું હતું.

શ્રી કાનજીભાઈ મહેશ્વરીએ ખાસ શ્રીરામ એટલે વિવાદોનું સમાધાન શ્રીરામ, સનાતમ ધર્મની કડી શ્રીરામ, નિર્મોહી શ્રીરામ, પ્રજાવત્સલ શ્રીરામ, ભકતજન પ્રિય શ્રીરામ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ડૉ. રવીન્દ્ર ઉપાધ્યાયે શ્રીરામ એટલે આનંદ, સદગુણો, સદાચાર, સામાજિક સમરસતા અને આદર્શ વ્યકિતત્વને કેન્દ્ર સ્થાનને રાખી લોકજીવનમાં ભગવાન શ્રીરામ વિશે વકતવ્ય આપ્યું હતું.

ડૉ. અનિતા ટંડેલે ભકતોના આધાર શ્રીરામ, સર્વગુણો સનાતન શ્રીરામ, જીવ માત્રના કલ્યાણકારી શ્રીરામ અને પરમતત્વ પ્રાપ્તિનો આધાર શ્રીરામ વિશે વિચારો રજૂ કર્યા હતા.

ડૉ. મિનેશ ડામોરે ગુજરાતી કહેવતો, રૂઢિપ્રયોગો, લોક–યૂકિતઓ અને ગ્રામીણ સમાજમાં લેવાતા શ્રીરામ નામ વિશેની વિસ્તૃત માહિતી વિશે ચર્ચા કરી હતી.

આ રાષ્ટ્રીય સંગોષ્ઠીના અંતિમ સત્રનું સંચાલનશ્રી મહેશ નાયી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં શ્રી ડૉ. રાજેશ શ્રીવાસ્તવ, ડૉ. શીતલ કોકટે, ડૉ. ભાવના ચાંપાનેરી, શ્રી વિનોદ ગજેરા, શ્રી બાલાજી રાજે, ડો. ઉષા ઉપાધ્યાય અને ડૉ. ખ્યાતિ પુરોહિત દ્વારા વિષયને અનુરૂપ વિચારો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

શ્રી ડૉ. રાજેશ શ્રીવાસ્તવે તેમના અધ્યક્ષીય ઉદબોધનમાં રામાયણની ભારતમાં ચાલતી ચાર પરંપરાઓ વિશે અને તેની ભારતીય સમાજમાં જોવા મળતી અસર વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

ડૉ. શીતલ કોકટેએ શ્રીરામના ભારતીય સમાજમાં જોવા મળતા સમર્પણ, ત્યાગ, બલિદાન, જન કલ્યાણ, સમાજ કલ્યાણ, આજ્ઞા ભાવ, ભાતૃ પ્રેમ, આદર્શ પતિ, વિવેકી વ્યકિતત્વ અને મર્યાદાપુરુષોત્તમ વગેરેમાં શ્રીરામના વ્યકિતત્વનો પરિચય આપ્યો હતો.

ડૉ. ભાવના ચાંપાનેરી માનવ જીવનનું રત્ન શ્રીરામ, માનવ મુશ્કલીઓના ઉપાય શ્રીરામ અને માનવજીવનના સંસ્કાર શ્રીરામ વિશે ચર્ચા કરી હતી.

પૂર્વ સિન્ડિકેટ સભ્યશ્રી વિનોદ ગજેરાએ ભૂલ સ્વીકારવામાં શ્રીરામ, યુવાનોના શ્રીરામ, વડીલોના શ્રીરામ, લોક કલ્યાણકારી શ્રીરામ, રામ રાજ્યના પ્રર્વતક શ્રીરામ અને સર્વજનોના શ્રીરામ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

શ્રી બાલાજી રાજેએ અયોધ્યા સ્થિત નવનિર્મિત શ્રીરામ મંદિરના સંદર્ભે વ્યકિતગત અનુભવોના આધારે લોક જીવનમાં શ્રીરામની છબી વિશે ચર્ચા કરી હતી.

ડૉ. ઉષા ઉપાધ્યાયે તેમના સંક્ષિપ્ત પ્રવચનમાં ભારતીય લોકજીવનના પ્રત્યેક પહેલુમાં શ્રીરામ વણાયેલા હોવાની ચર્ચા કરી હતી.

ડૉ. ખ્યાતિ પુરોહિતે તેમના યાત્રા જીવનના અનુભવોનું વર્ણન શ્રીરામના સંદર્ભમાં કર્યુ હતું.

ત્યારબાદ શ્રી ડૉ. મિથિલાપ્રસાદ ત્રિપાઠીના અધ્યક્ષપદે સમાપન સત્ર યોજાયું હતું. જેમાં અખિલ ભારતીય સાહિત્ય પરિષદના સંગઠનમંત્રી અને સાહિત્યકારશ્રી શ્રીધર પરાડકર અને અખિલ ભારતીય સાહિત્ય પરિષદના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ઋષિકુમાર મિશ્ર મંચસ્થ મહેમાનો હતા.

શ્રી શ્રીધર પરાડકર દ્વારા અખિલ ભારતીય સાહિત્ય પરિષદના હેતુઓ, કાર્યશૈલી અને તેના દ્વારા થતા વિભિન્ન કાર્યક્રમોના આયોજન વિશેની ચર્ચા કરી હતી. તેમણે સેમિનારના ગુણદોષોની પણ ચર્ચા કરી હતી. સાથે જ શ્રીરામ ભારતીય સમાજમાં ભારતીય લોકજીવનમાં કઈ કઈ જગ્યાએ કેવી રીતે પ્રસ્તુત છે તે વિશે સંક્ષિપ્ત માહિતી આપી પોતાનું પ્રવચન પૂર્ણ કર્યુ હતું.

શ્રી ડૉ.મિથિલાપ્રસાદે લોકોના જીવનમાં રામચરિત્રની પ્રસ્તુતિ અને રામચરત્રિ વિશે વાત કરી હતી.

આ રાષ્ટ્રીય સંગોષ્ઠીના અંતે કાર્યક્રમના સંયોજકશ્રી ડૉ. ભરતભાઈ ઠાકોર દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનો, સંશોધકો, અધ્યાપકો, વિશ્વવિદ્યાલય વહીવટદારો અને વિદ્યાર્થીઓનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો.
















## ૫૦મો ખેલકૂદ રમતોત્સવનો તૃતીય દિવસ : સ્પર્ધાના વિજેતા જાહેર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસરમાં દિનાંક ૧૫/૦૨/૨૦૨૪ થી ૧૮/૦૨/૨૦૨૪ સુધી એથ્લેટિકસ ટ્રેક ખાતે ૫૦મો ખેલકૂદ રમતોત્સવ યોજાયો છે. જે અંતર્ગત ત્રીજા દિવસે એટલે કે ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ૧૦૦૦૦ મીટર દોડ (પુરુષ), ૪૦૦ મીટર દોડ (પુરુષ), ૪૦૦ મીટર દોડ (મહિલા), ભાલા ફેંક (મહિલા), ટ્રિપલ જમ્પ (પુરુષ), ૮૦૦ મીટર દોડ (પુરુષ), ૮૦૦ મીટર દોડ (મહિલા), હથોડા ફેંક (પુરુષ), ઊંચી કૂદ (મહિલા), ૨૦૦ મીટર દોડ (પુરુષ), ૨૦૦ મીટર દોડ (મહિલા), ૪*૪૦૦ મીટર રિલે (પુરુષ), ૧૧૦ મીટર હર્ડલ્સ (પુરુષ), ૧૦૦ મીટર હર્ડલ્સ (મહિલા), ભાલા ફેંક (પુરુષ), ટ્રિપલ જમ્પ (મહિલા), ૪૦૦ મીટર હર્ડલ્સ (પુરુષ), ૪૦૦ મીટર હર્ડલ્સ (મહિલા),૧૦૦ મીટર દોડ (પુરુષ), ૧૦૦ મીટર દોડ (મહિલા), પોલ વૉલ્ટ (પુરુષ), ૪*૧૦૦ મીટર રિલે (પુરુષ), ૪*૧૦૦ મીટર રિલે (મહિલા), પોલ વૉલ્ટ (મહિલા), ૧૫૦૦ મીટર દોડ (પુરુષ) જેવી સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં વિજેતા થયેલા રમતવીરોને માનનીય કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, ડૉ. કેતન દેસાઈ, ડૉ. અપૂર્વ દેસાઈ, ડૉ. યશોધરા ભટ્ટ, શ્રી બાલાજી રાજે, ડૉ. ભરત ઠાકોર, ડૉ. રાજેશ મહેતા, ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, શ્રી શ્રીધર પરાડકર, પોલીસ ઇન્સ્પેકટરશ્રી આચાર્ય, ડૉ. કૈલાસબેન સોલંકી અને ડૉ. વિમલ પંડયાના હસ્તે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ ખેલકૂદ રમતોત્સવમાં વિશ્વવિદ્યાલય સંલગ્ન ૧૧૬ મહાવિદ્યાલયના ૮૫૯ ભાઈઓ અને ૫૪૮ બહેનો સહિત કુલ ૧૪૦૭ રમતવીરોએ ભાગ લીધો છે. વિવિધ સ્પર્ધામાં વિજેતા થયેલા રમતવીરોની નામની યાદી નીચે મુજબ છે.


































## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં યોજાયેલા ૫૦મો ખેલકૂદ રમતોત્સવનું સમાપન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસરમાં યોજોયેલ ચાર દિવસીય ૫૦મો ખેલકૂદ રમતોત્સવ વિજયશ્રી સમારંભ દિનાંક ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ના દિવસે વિશ્વવિદ્યાલય એથલેટિક ટ્રેક ખાતે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના અધ્યક્ષ સ્થાને, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શનમાં તેમજ યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી.ડૉ. પ્રકાશચંદ્ર પટેલના સંયોજનમાં યોજાયો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રી ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, શ્રી એ.વી.ધડુક અને ડૉ. યોગેશ વાસિયા ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ તેમના આશીર્વચનમાં ગતવર્ષ કરતા ૨૫૦ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો એ બદલ અને ખેલકૂદ રમતોત્સવના સફળ આયોજન બદલ વિશ્વવિદ્યાલય પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ વિધિવત રીતે ખેલકૂદ રમતોત્સવને પૂર્ણ જાહેર કર્યો હતો.

કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ વિજયશ્રી સમારંભમાં તેમણે ચાર દિવસના આ ખેલકૂદ રમતોત્સવમાં ૧૪૦૦ ખેલાડીઓને કાર્યક્રમમાં ભાગ લઈ પોતાની પ્રતિભાનું પ્રદર્શન કરવા માટે અને ખેલકૂદ રમતોત્સવમાં પોતાની ભાગીદારી નોંધવનાર દરેક વ્યકિતનો વિશ્વવિદ્યાલય પરિવાર તરફથી આભાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે ખાસ બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રી ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણે ખેલકૂદ રમતોત્સવ તેમજ શ્રીરામોત્સવ જેવા કાર્યક્રમનું આયોજન કરી તેને સફળ બનાવવા માટે તન, મન, ધનથી જોડાનાર દરેક કર્મચારીને અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ ૫૦મો ખેલકૂદ રમતોત્સવની એક વિશેષતા એ હતી કે આ ખેલકૂદ રમતોત્સવમાં ગત વર્ષની સરખામણીએ અંદાજે ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ આ વર્ષે ભાગ લીધો હતો. જેમાં દૂર ગામ અને જિલ્લાઓથી પોતાની પ્રતિભા દર્શાવવા માટે આવેલા વિદ્યાર્થીઓમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. તેમને માટે ૫૦ મીટર દોડ, લોન્ગ જમ્પ અને શોર્ટ પૂટ જેવી સ્પર્ધા યોજાઈ હતી અને કુલ ૬૩ દિવ્યાંગ વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૪૩ હતી. જ્યારે વિદ્યાર્થીનીઓની સંખ્યા ૨૦ હતી. આ તમામ વિદ્યાર્થીઓએ તેમના કૌશલ્યને દર્શાવતા સૌ કોઈને આશ્ચયચકિત કરી દીધા હતા અને સંભવત આ પ્રથમ વખત છે કે આટલી મોટી સંખ્યામાં દિવ્યાંગ ખેલાડીઓએ ભાગીદારી નોંધાવી હતી.

જ્યારે બીજી એક વિશેષતા એ હતી કે વિવિધ સ્પોર્ટ્સ કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓ બુહારી, ધરમપુર, કાછલ, ભિલાડ, ખેરગામ, ડેડિયાપાડા, વાંસદા, સોનગઢ, નેત્રંગ, સાગબરા, કપરાડા ડાંગ, ઉમરગાવ, થવા તેમજ વાપી, નવસારી, ભરૂચ, બારડોલી, અંકલેશ્વર, તરસાડી, વલસાડ જેવા અનેક અંતરિયાળ જિલ્લા અને વિસ્તારોથી ખાસ આવ્યા હતા. વિજેતા વ્યકિતઓ અને ટીમને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ વિતરણની સાથે પીએચ.ડી.ની પદવી મેળવનાર વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. જે બાદ વ્યકિતગત ચેમ્પિયનશિપ (પુરુષ+મહિલા) અને જનરલ ટીમ ચેમ્પિયનશિપના વિજેતાઓને એવોર્ડ આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમના અંતે કાર્યક્રમના સંયોજક અને યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી.શ્રી ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનો, અધ્યાપકો, વિશ્વવિદ્યાલય વહીવટના વહીવટદારો, વિશ્વવિદ્યાલય કર્મચારીઓ, ફિઝિકલ એજ્યુકેશન વિભાગના અધિકારીશ્રીઓ, વિદ્યાર્થીઓનો, સેવક કર્મચારીઓ, સિકયુરિટી કર્મચારીઓ વગેરે અનેક પડદા પાછળના કર્મચારીઓની આભારવિધિ કરવામાં આવી હતી. અંતે રાષ્ટ્રગાન કરી ૫૦મો ખેલકૂદ રમતોત્સવનું સમાપન કરવામાં આવ્યું હતું.


































## ૫૫મો પદવીદાન સમારંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા ૫૫મો પદવીદાન સમારંભ દિનાંક ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦ વાગે વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં કન્વેન્શન હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. આ પદવીદાન સમારંભના પ્રમુખસ્થાને કુલાધિપતિ અને ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત હતા, જ્યારે અતિથિ વિશેષરૂપે ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા હતા. પદવીદાન સમારંભમાં વિશ્વવિદ્યાલયની વિવિધ વિદ્યાશાખાઓના મળીને કુલ ૧૭,૩૭૫ જેટલા વિદ્યાર્થીઓએ પદવી પ્રાપ્ત કરી હતી. જે–તે પદવી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓ પોતાની પદવીઓને પોતાના ડીજી લોકરના એકાઉન્ટમાં લોગીન કરીને મેળવી શકશે અને વિવિધ જગ્યાએ રજૂ પણ કરી શકશે. કુલ વિદ્યાર્થીઓ પૈકી ૧૪૬ વિદ્યાર્થીઓને મેડલ, પ્રાઈઝ અને પારિતોષિક આપવામાં આવ્યા હતા. ૮૧ વિદ્યાર્થીઓને પીએચ.ડી. પદવી પ્રદાન કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત વિશ્વવિદ્યાલયના ગીતથી કરવામાં આવી હતી. ત્યારબાદ સૂર્યપુર સંસ્કૃત પાઠશાળાના ઋષિકુમારો દ્વારા અગ્નિહોત્ર કરવામાં આવ્યું હતું. અગ્નિહોત્ર બાદ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા મંચસ્થ મહેમાનો રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને પરીક્ષા નિયામકશ્રી ડૉ. એ.વી.ધડુક, તમામ ફેકલ્ટીના ડીન, વિશ્વવિદ્યાલયના બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને એકિઝકયુટિવ કાઉન્સિલના તમામ સદસ્યશ્રીઓ, વિશ્વવિદ્યાલયના વિભાગોના અધ્યક્ષશ્રીઓ, મહાવિદ્યાલયના આચાર્યશ્રીઓ, તમામ અધ્યાપકશ્રીઓ, પદવી લેનાર વિદ્યાર્થીઓ અને કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનું સંસ્કૃત ભાષામાં શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે તેમના સ્વાગત પ્રવચનમાં વિશ્વવિદ્યાલય દ્વારા સમગ્ર ભારતમાં ABCમાં હાસિલ કરેલી ઉપલબ્ધિ, આજરોજ પ્રદાન થયેલ તમામ ૧૭૩૭૫ પદવીઓની ડીજી લોકરમાં ઉપલબ્ધતા, પીએમ ઉષા સ્કીમમાં કેન્દ્ર સરકાર દ્વારા વિશ્વવિદ્યાલયને ફાળવવામાં આવેલ ૧૦૦ કરોડ રૂપિયાનું માતબર અનુદાન, પ્રોફેસર ઓફ પ્રેકિટસનો વિશ્વવિદ્યાલય દ્વારા સૌ પ્રથમ અમલ, વિશ્વની પ્રતિષ્ઠિત વિશ્વવિદ્યાલયો સાથે એમ.ઓ.યુ, ઇ–મોડયુલ થકી સંપૂર્ણ પેપરલેસ વિશ્વવિદ્યાલય વહીવટ, ૭૦૦૦૦ના એનરોલમેન્ટ સિદ્ધિ, NEP 2020 અંતર્ગત વિદ્યાર્થીઓને જુદા જુદા સ્તરે પ્રવેશ માટે સરળતા, ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા, સુરત બુર્સ માટે વિદેશી ભાષાના અભ્યાસક્રમોની શરૂઆત, શ્રીરામોત્સવ કાર્યક્રમની સફળ અને ભવ્ય ઉજવણી, ૮૦૦ કરતા વધારે સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવાની સિદ્ધિ, શોધ અને સ્ટાર્ટઅપમાં વિશ્વવિદ્યાલય દ્વારા મેળવેલ સિદ્ધિઓ, શોધગંગામાં શોધ નિબંધોને સંપૂર્ણપણે અપલોડ કરવાની સિદ્ધિ વગેરે બાબતો વિશે પ્રકાશ પાડયો હતો.

ત્યારબાદ મંચસ્થ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતનું સ્વાગત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ ચાવડા દ્વારા શ્રીરામમંદિરની પ્રતિમા અને ફાઈન આર્ટસના વિદ્યાર્થીઓએ

તૈયાર કરેલી છબીઓ ભેટ આપીને કરવામાં આવ્યું હતું. રાજ્યના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાનું સ્વાગત પણ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી દ્વારા શ્રીરામ મંદિરની પ્રતિમા ભેટ આપીને કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાનું સ્વાગત કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી જ્યારે પરીક્ષા નિયામકશ્રી ડૉ. એ.વી.ધડુકનું સ્વાગત નાયબ કુલસચિવશ્રી નરેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા કાર્યક્રમને અનુરૂપ પ્રવચનમાં કાર્યક્રમમાં ઉપસ્થિત મંચસ્થ મેહમાનો, વિશ્વવિદ્યાલયના બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને એકિઝક્યુટિવ કાઉન્સિલના સદસ્યશ્રીઓ, વિશ્વવિદ્યાલયના વિભાગોના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, મહાવિદ્યાલયના આચાર્યશ્રીઓ, પદવી લેનાર સૌ વિદ્યાર્થીઓ અને કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય અતિથિ રાજ્યના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ કાર્યક્રમને અનુરૂપ વકતવ્ય આપ્યું હતું. તેમણે કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો અને ઉપસ્થિત તમામ લોકોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમણે તેમના વકતવ્યમાં વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાલય અને મહાવિદ્યાલયની સારી સ્મૃતિઓ જાળવી રાખવા, સ્વાધ્યાયકાર્યમાં ઉત્સાહ રાખવા, સત્ય બોલવું, ધર્મનું આચરણ કરવું, પદવીને હેતુ માત્ર રોજગારી ન રહેતા ઉચ્ચજીવન પ્રાપ્તિ, વિદ્યા અને અવિદ્યા વિશે, યોગક્ષેમ વિશે, વિદ્યાર્થીઓને જીવનની તમામ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થવા બાબતે, NEP 2020ના અમલીકરણ બાબતે વિશ્વવિદ્યાલયની ઉપલબ્ધિ, શિક્ષણ થકી વિદ્યાર્થીઓમાં હકારાત્મક વિચારો, સત્ય, પ્રેમ, દયા, કરુણા ઉદારતા, લોકસેવા, સ્વ વિચાર, જીવનના પડકારોને ઝીલવા વગેરે બાબતો પર મીઠી શીખ આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રત દ્વારા અધ્યક્ષીય ઉદબોધનમાં વિદ્યાર્થીઓને પદવી મેળવવામાં સહાયક એવા સૌ કોઈને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે પ્રાચીન ભારતમાં પદવીદાન સમારંભના મહત્વને વિગતે ઉપનિષદો અને વેદના શ્લોકોના સંદર્ભો દ્વારા વિદ્યાર્થીઓને સમજાવ્યું હતુ. તેમણે વિદ્યાર્થીઓને વર્તમાનમાં પણ પ્રાચીન ભારતના વિદ્યાર્થી જીવનના સિદ્ધાંતો સત્યનું આચરણ, પ્રમાદ વગરનું સ્વાધ્યાય, શિક્ષણને જીવનમાં ઉતારવું, અંતિમક્ષણ સુધી જિજ્ઞાસાવૃત્તિ જાળવવી, પૃથ્વી પર ઉપસ્થિત તમામ ધન અને સંપત્તિમાં વિદ્યાધનની શ્રેષ્ઠતા, શિક્ષિત વ્યકિત દ્વારા કુટુંબ અને રાષ્ટ્રની ઉન્નતી, વિદ્યાપ્રાપ્તિથી વિદ્યાર્થીના જીવનમાં ખીલતા વિનય, વિનમ્રતા, સરળતા વગેરે ગુણો, વિદ્યા પ્રાપ્તિમાં મા–બાપ અને શિક્ષકોનું યોગદાન, ભારતની આધ્યાત્મિક સમૃદ્ધ સંસ્કૃતિ, ભારતની પ્રાચીન અને અર્વાચીન વિરાસત તરફ મક્કમ ગતિ વગેરે બાબતો પર વિસ્તૃત વકતવ્ય આપ્યું હતું. ગુજરાતરાજ્યએ દેશને નર્મલ જેવા સુધારકો, સરદાર પટેલ જેવા રાષ્ટ્રવાદીઓ આપ્યા હોવાની અને તેમના યોગદાનની વાત કરી હતી. ભારતમાં સર્વાંગીણ વિકાસ માટે, રેલવેના વિકાસ, ભવન નિર્માણ, ગરીબી ઉન્મૂલન કાર્યક્રમ, દેશને વિશ્વમાં પાંચમી મોટી અર્થવ્યવસ્થા બનાવવા વગેરે માટે પ્રધાનમંત્રીને યાદ કર્યા હતા. ત્યારબાદ તેમણે કાર્યક્રમના સમાપનની વિધિવત જાહેરાત કરી હતી.


























**કંપનીમાં હેલ્પરની નોકરી કરવાને બદલે પીએચ.ડી. કરવાનો લક્ષ્ય રાખ્યો અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ૫૫મો વાર્ષિક પદવીદાન સમારોહમાં ડિગ્રી પણ હાંસલ કરી**



ધરમપુર જિલ્લાના ગામડામાં મોટાભાગના યુવા વર્ગ B.A., B.Ed.નું ભણતર કરી નોકરી મેળવે છે અથવા તો વાપી અને સેલવાસની કંપનીમાં હેલ્પર તરીકેની નોકરી કરી રહ્યા છે. જો કે તેમની વચ્ચે ભાંભા ગામના ૩૪ વર્ષના ડૉ. જીતેન્દ્રસિંહ પરમારે આ પ્રકારની નોકરીને બદલે પોતાનું ભવિષ્ય બનાવવા ઘર પરિવારથી દૂર રહી અથાગ પ્રયત્નો બાદ પીએચ.ડી.નો અભ્યાસ કરી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત ૫૫મો વાર્ષિક પદવીદાન સમારોહમાં ડિગ્રી મેળવી છે.

આજના યુગમાં અંતરિયાળ ગામમાં રહેતા આદિવાસી વિદ્યાર્થીઓનું જીવન ધોરણ ઊંચું આવે અને તેઓ પગભર બની શકે તે માટે તેઓના વિસ્તારથી શાળા પૂરી કર્યા બાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મેળવે છે અને સ્નાતક તેમજ અનુસ્નાતકની પદવીઓ મેળવી સારી

નોકરી પણ મેળવી રહ્યા છે. ત્યારે ધરમપુરના ભાંભા ગામના ખેડૂત પરિવારના સાત સભ્યમાંથી એક એવા ડૉ. જીતેન્દ્ર પરમારે Religious Violence in Selected Novel વિષય પર ૩ વર્ષ અને ૨ મહિનાના સમયગાળામાં પીએચ.ડી.ની ડિગ્રી પૂર્ણ કરી છે. વર્ષ ૨૦૧૨માં પ્રથમવાર તેમણે સુરત શહેરમાં પગ મૂકયો હતો ત્યારે ડૉ. અમિત પ્રજાપતિ અને કુલસચિવશ્રી ડૉ.રમેશદાન ગઢવીના માર્ગદર્શન હેઠળ તેમણે M.Phil. અને Ph.D. કરવાની સૂઝબૂઝ કેળવી હતી.

તેમણે વર્ષ ૨૦૧૪માં અનુસ્નાતક પૂરું કર્યાબાદ વર્ષ ૨૦૧૬માં એમ.એસ.વિશ્વવિદ્યાલયમાં જી.એસ.ટી. માટે એન્ટ્રન્સ પરીક્ષા પણ પાસ કરી. પરંતુ અઢી વર્ષ સુધી ગાઈડ ફાળવવામાં ન આવ્યા હતા. ૧૦ થી ૧૫ ધક્કા ખાયા બાદ પણ પરિણામ મળ્યું ન હતું. તેમણે પાટણથી M.Phil.ની પરીક્ષા પાસ કરી વર્ષ ૨૦૧૯માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં પીએચ.ડી.માં પ્રવેશ મેળવ્યો હતો. તેમના ૧૨૦૦ લોકોની વસ્તી ધરાવતા ગામમાં મોટા ભાગના લોકો ખેતીનો વ્યવસાય કરે છે, પરંતુ તેમનો પીએચડી કરવાનો ધ્યેય રાખી ડૉ. રાધા એસ. ગૌતમના માર્ગદર્શનમાં Ph.D. પૂર્ણ કર્યુ. હાલ તેઓ વિશ્વવિદ્યાલયમાં કાર્યરત ડૉ. બાબા આંબેડકર રિજનલ સેન્ટરમાં વર્ષ ૨૦૨૧થી રિજનલ ડિરેકટર તરીકે નિયુકત છે.

## સુથારીકામ અને વેજીટેબલ મર્ચન્ટ તરીકે કામ કરતા પિતાની દીકરીઓએ ૫૫મો વાર્ષિક પદવીદાન સમારોહમાં ગોલ્ડમેડલ હાંસલ કર્યો



'કુછ કર ગુઝરને કે લિયે મોસમ નહીં મન ચાહીએ' સુવાકયની જેમ જ ભણવાની ધગશ હોય તો પ્રતિબંધોની સાથે રહીને સફળતા મેળવી શકાય એમ છે અને આ વાતને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ૫૫મો વાર્ષિક પદવીદાન સમારોહમાં ગોલ્ડમેડલ મેળવનાર બે વિદ્યાર્થીની ઝેબા દુધવાલા અને મિસબા પઠાણે સાબિત કરી બતાવી છે. આ બંને વિદ્યાર્થીનીઓ મધ્યમવર્ગમાં ઉછરી છે અને તેમના માતા–પિતાએ સામાન્ય ભણતર મેળવ્યુ હતું.

ભરૂચમાં રહેતી વી.સી.ટી. મહિલા આર્ટસ એન્ડ કોમર્સ મહાવિદ્યાલયમાં અભ્યાસ કરનાર દુધવાલા ઝેબા સઈદ ઈસ્માઈલે B.A.માં અંગ્રેજી (PRIN) કરનારા ઉમેદવારમાં સૌથી વધુ સીજીપીએ મેળવીને ચન્નમલ સાહાની અંગ્રેજી મેડલ હાંસલ કર્યો છે. ઝેબાના પિતા સુથારી કામ કરે છે અને તેમના પરિવારમાં પાંચ સભ્યો છે. આ અંગે ઝેબાએ જણાવ્યું હતું કે, હું મુસ્લિમ સમુદાયથી છું અને મારા માતા–પિતા પોતે ઓછું ભણ્યા છે પરંતુ પહેલેથી જ અમારો ઉછેર એ રીતે કર્યો છે કે પ્રતિબંધને અવસરમાં ફેરવીને સફળ થઈ શકાય છે. તેમણે જ મને આ મહાવિદ્યાલયમાં એડમિશન લઈને આગળ ભણવાનું કહ્યું હતું અને મારા મહાવિદ્યાલયના પ્રોફેસરો અને પ્રિન્સિપલના માર્ગદર્શન હેઠળ જ હું અંગ્રેજી ભાષા કે જે મારી કમજોરી હતી તેમને આજે હિંમત બનાવીને આ મેડલ મેળવી શકી છું. મારા માતા પિતાએ કાયમ જ ગીવ અપ ન કરવાની સલાહ આપી છે જે હું જીવનભાર અનુસરીશ.

શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચમાં ભણતી મિસબા યુસુફખાન પઠાણે બી.એ.માં સાયકોલોજી (PRIN) કરનારા ઉમેદવારોમાં સૌથી વધુ સીજીપીએ મેળવીને ડૉ. ધીરેન્દ્ર મહેતા મેડલ પ્રાપ્ત કર્યો છે. મધ્યમવર્ગના પરિવારમાં ઉછરેલી મિસબાએ જણાવ્યું હતું કે, મારા પરિવારમાં છ સભ્યો છીએ અને મારા માતા–પિતા ઓછું ભણ્યા છે પરંતુ અમને ભણાવવાની કોઈ કસર છોડી નથી. મારા પિતા વેજીટેબલ મર્ચન્ટ છે. તેમના અવિરત સહયોગને કારણે હું આ યોગ્ય બની શકું છું. મારા અભ્યાસ દરમિયાન એક મહિના માટે પારિવારિક કારણોસર સાઉદી અરેબિયા જવાનું થયું હતું જોકે ત્યાંથી આવ્યા બાદ મને મારા પ્રોફેસરો તરફથી સતત માર્ગદર્શન મળતું રહ્યું હતું. જેને લઈને હું મેડલ પ્રાપ્ત કરી શકું છું. જેથી હું તેમની પણ આભારી છું.

## ૫૫મો પદવીદાન સમારોહમાં Ph.D.ની ડિગ્રી મેળવનાર તાપી જિલ્લાના આદિવાસી યુવકની સરકારી શાળાથી GPSC પ્રોફેસર તરીકેની સફળતાની કહાની



કોઈ પણ કાર્યની સાર્થકતા પ્રબળ ઇચ્છા પર અવલંબે છે અને જાણીતી એક કહેવત પણ છે કે 'મન હોય તો માળવે જવાય' આ કહેવતનું એક ઉત્તમ ઉદાહરણ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ૫૫મો વાર્ષિક પદવીદાન સમારોહમાં Ph.D.ની ડિગ્રી મેળવનાર તાપી જિલ્લાના આદિવાસી યુવક ડૉ. કુમાર ગામીત પોતે છે. તેમણે Synthesis of Heterocyclic compounds by Multi Component reaction and their Biological evaluation વિષય પર Ph.D.ની ડિગ્રી હાંસલ કરી છે.

સોનગઢ તાપી જિલ્લાના ધાંચીકુવા ગામે રહેતા ડૉ. કુમાર ગામીતનો જન્મ આદિવાસી આંતરિયાળ વિસ્તારના ગામમાં ગરીબ પરિવારમાં થયો હતો. તેમના માતા પિતા ભણ્યા નથી. ડૉ. કુમાર ગામીતનો ૧–૪નો અભ્યાસ ગામની

પ્રાથમિક શાળામાં, ૫–૭નો અભ્યાસ બાજુના ગામની આદર્શ પ્રાથમિક શાળામાં, ૮–૧૦ જાગૃતિ સ્કુલ માંડળમાં ભણ્યા હતા. ધોરણ ૧૦માં ૮૦% આવતા સેનેટરીગનું કામ કરતા પિતાએ ખુશ થઈને પોતે અભણ હોવાથી છતાં પણ તેમણે વિજ્ઞાન પ્રવાહનો માર્ગ પસંદ કરવા કહ્યું. તેમના પિતા ગુલજીભાઈ સુરત–ઉધના ખાતે કામ અર્થે વહેલી સવારે ૩ વાગ્યે ઊઠીને આવતા હતા અને રાત્રે ૯ વાગ્યે પરત જતા હતા અને તેમના સ્વ.માતા સુકીબેન બે ભેંસ લઈને જંગલમાં ચારવા જતા અને કપડાં બીજા દિવસે પહેરવાના હોવાથી આગલા દિવસે એ જ ધોઈને સૂકવી દેતા અને સવારે ફરી પહેરતા હતા. એ સ્થિતિમાં કુમાર સિવાય અન્ય બે સંતાનોનું પણ ભરણપોષણ કરવાનું હતું. તેમ છતાં સંતાનોને ભણવાનું માર્ગદર્શન તેઓ પૂરું પાડતા હતા.

આ અંગે ડૉ. કુમાર ગામીતે જણાવ્યું હતું કે, જ્યારે ધોરણ ૧૦માં હતો ત્યારે માતા કેન્સર થી પીડિત હતા. તેમ છતાં મે હિંમત ન હારી હતી. અને ધોરણ ૧૨નો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. ત્યારબાદ સ્નાતક–અનુસ્નાતકનો અભ્યાસ ગુજરાતની ખ્યાતનામ સ.જી. વિશ્વવિદ્યાલય બરોડામાં પૂર્ણ કર્યો અને બાદ કોઈ પણ કોચિંગ વિના જાતે મહેનત કરીને DGVCL, PSI, ONGC, NET, GATE G-SET, GPSC જેવી ઉચ્ચકક્ષાની પાસ કરીને આજે અધ્યાપકની નોકરી તરીકે સરકારી વિજ્ઞાન મહાવિદ્યાલય, વાંકલમાં સેવા બજાવી રહ્યો છું. આસિસ્ટન્ટ પ્રોફેસર બનીને અંતરિયાળ વિસ્તારમાં મોટા ભાગના આદિવાસી વિદ્યાર્થીઓ અને અન્ય વિદ્યાર્થીઓના માર્ગદર્શક તરીકે તક પણ મળી છે. વિશ્વવિદ્યાલયના કેમેસ્ટ્રી વિભાગના હેડ ડૉ. નવીન પટેલના માર્ગદર્શન હેઠળ Ph.D.ના અભ્યાસ પૂર્ણ કરી આનંદની લાગણી અનુભવું છું. મારી સફળતાની પાછળ માતા–પિતા, પતિ, બહેનો–જીજાશ્રીઓનો, ગુરુઓનો, વડીલો, મિત્રોનો સહકાર લીધે હાંસલ થઈ છે. મારી મહેનત, સંઘર્ષમય સફળતા, આદિવાસી ભાઈઓ–બહેનો અને તમામ લોકોએ માટે એક પ્રેરણારૂપ સાબિત થશે.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં ભારતેન્દુ હરિશ્ચંદ્ર ઔર નર્મદ કે નાટકો મે સંપ્રેષણ, સમૂહ પ્રબંધન, નેતૃત્વ આદિ કૌશલો કી અભિવ્યક્તિ વિષય પર રાષ્ટ્રીય સંગોષ્ઠી યોજાઇ

ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના કેન્દ્રીય હિન્દી સંસ્થાન, આગ્રા (અમદાવાદ કેન્દ્ર) અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના તુલનાત્મક સાહિત્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે દિનાંક ૨૭–૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બે દિવસની રાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજન વિશ્વવિદ્યાલયના કમ્પ્યૂટર સાયન્સ વિભાગના સેમિનાર હૉલમાં કરવામાં આવ્યું હતું. સંગોષ્ઠી, ભારતેન્દુ હરિશ્ચંદ્ર ઔર નર્મદ કે નાટકો મે સંપ્રેષણ, સમૂહ પ્રબંધન, નેતૃત્વ આદિ કૌશલો કી અભિવ્યક્તિ વિષય પર કેન્દ્રિત હતી. સંગોષ્ઠીના અધ્યક્ષ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા હતા. કેન્દ્ર હિન્દી સંસ્થા, આગ્રાના નિર્દેશક પ્રોફેસર સુનિલ કુલકર્ણી મુખ્ય અતિથિ હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પર્ફોર્મિંગ આર્ટ વિભાગના પૂર્વ અધ્યક્ષ કપિલ શુકલ બીજ વકતાપદે હતા. કેન્દ્રીય હિંદી સંસ્થાન, આગ્રાના ક્ષેત્રીય નિર્દેશક ડૉ. સુનિલકુમાર સંગોષ્ઠીના સંયોજક હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી સંગોષ્ઠીના આયોજન સચિવ હતા. જ્યારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના તુલનાત્મક સાહિત્ય વિભાગના સંયોજક ડૉ. ભરત ઠાકોર સંગોષ્ઠીના સહસંયોજક હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. કિરણ મિત્તલ દ્વારા કરવામાં આવ્યું હતું.

સમગ્ર સંગોષ્ઠી સમાપન સત્ર સહિત કુલ આઠ સત્રમાં વહેંચાયેલી હતી. સંગોષ્ઠીનો આરંભ ઉદ્ઘાટન સત્રથી કરવામાં આવ્યો હતો. તેમાં ઉદ્ઘાટન સત્રના મંચસ્થ મહેમાનો વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, ડૉ. સુનિલ કુમાર, ડૉ. ભરત ઠાકોર અને શ્રી કપિલ શુકલ દ્વારા ભારતીય પરંપરા મુજબ દીપ પ્રજ્વલન કરીને સંગોષ્ઠીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મૉ સરસ્વતીની પ્રાર્થના વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. પ્રાર્થના બાદ મંચસ્થ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવીનું સ્વાગત ડૉ. ભરત ઠાકોર અને ડૉ. સુનિલકુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. કપિલદેવ શુકલનું સ્વાગત કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને ડૉ. સુનિલકુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. સુનિલકુમારનું સ્વાગત ડૉ. ભરત ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે ડૉ. ભરત ઠાકોરનું સ્વાગત ડૉ. સુનિલકુમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉદ્ઘાટન સત્રના આરંભમાં મુખ્ય અતિથિ ડૉ. સુનિલકુમારે સંગોષ્ઠીનો વિષયનો વિસ્તૃત પરિચય આપ્યો હતો. જેમાં તેમણે સાહિત્ય રચનાના હેતુઓ, તેમને જુદા જુદા સંદર્ભો દ્વારા સંપ્રેષણ વિદ્યામાં વધારે સફળતાપૂર્વક થાય છે તે વિશે, ભારતેન્દુ હરિશ્ચંદ્ર અને નર્મદાના નાટકોની સમાજ સાપેક્ષતા, સમાજ માટે નાટકોની ઉપાદેયતા, આમ જનતા માટે નાટકોની રચના, લોકભોગ્ય નાટકોની આવશ્યકતા વગેરે બાબતો પર બૌદ્ધિક પ્રવચન કર્યુ હતું. ત્યારબાદ કાર્યક્રમના સહસંયોજક ડૉ. ભરત ઠાકોર દ્વારા સંગોષ્ઠીમાં ઉપસ્થિત મંચસ્થ મહેમાનો, જુદા જુદા વિભાગના અધ્યાપકો, શોધાર્થીઓ, વિદ્યાર્થીઓ વગેરેને શાબ્દિક આવકાર આપ્યો હતો.

સંગોષ્ઠીના આયોજન સચિવ અને વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીએ વિષયને અનુરૂપ સંક્ષિપ્ત વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને શાબ્દિક આવકાર આપ્યો હતો. વિશ્વવિદ્યાલયમાં હિન્દી વિભાગ શરૂ કરવા સંબંધી વિસ્તૃતચર્ચા કરી હતી. તેમણે નર્મદ, કવિ કલાપી અને ભારતેન્દુ હરિશ્ચંદ્ર દ્વારા અલ્પાયુમાં શાશ્વત સમાજલક્ષી સાહિત્યની રચના, વિશ્વવિદ્યાલયનું નર્મદ વિશ્વવિદ્યાલય નામાભિધાન વગેરે બાબતો પર પ્રકાશ પાડયો હતો.

ત્યારબાદ કાર્યક્રમના મુખ્ય અતિથિ કપિલદેવ શુકલ દ્વારા વિષયને અનુરૂપ સંવાદાત્મક વિસ્તૃત વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. જેમાં તેમણે ભરતમુનિથી શરૂ થયેલી

ભારતીય નાટ્ય પરંપરા, નર્મદ અને ભારતેન્દુ હરિશ્ચંદ્ર દ્વારા સમાજલક્ષી નાટકોની રચના, સમાજ માટે સાહિત્યનો ઉપયોગ, બંને લેખકોની કલમની આકર્ષકતા, સર્વકાલીન પ્રસ્તુત સાહિત્ય રચના, હિન્દી અને ગુજરાતી ભાષાના આરંભકાળમાં રચાયેલ સાહિત્ય, નર્મદની નાટ્ય પરિભાષા, પુનઃ જાગરણકાલીન સાહિત્ય, સુધારાલક્ષી સાહિત્ય વગેરે વિશે સમીક્ષાત્મક ચર્ચા કરી હતી. ઉદ્ઘાટન સત્રના અંતે સાહિત્ય વિભાગનાં અધ્યાપિકા ડૉ. જ્યોતિસિંહ દ્વારા ધન્યવાદ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.







## ગુજરાત સાહિત્ય અકાદમી પ્રેરિત સર્જનાત્મક લેખન શિબિર ૨૦૨૪નો ઉનાઈ ખાતે પ્રારંભ

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના ઉપક્રમે દિનાંક ૨૮-૨૯ ફેબ્રુઆરી અને ૦૧ માર્ચ, ૨૦૨૪ના રોજ ઇકોલોજીકલ સાઈટ, પદમડુંગરી, ઉનાઈ ફોરેસ્ટ રેન્જ ખાતે ગુજરાત વાર્તા, નવલકથા, નિબંધ, કવિતા અને ગઝલ સંદર્ભે ત્રણ દિવસની સર્જનાત્મક લેખન શિબિર ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરની શરૂઆત આજરોજ એટલે કે દિનાંક ૨૮/૦૨/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ઉદ્ઘાટન સત્રના આરંભથી કરવામાં આવી હતી. ઉદ્ઘાટન સત્રમાં અતિથિ વિશેષ પદે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા હતા. સમગ્ર શિબિરની ભૂમિકા શિબિર સંયોજક ડૉ. ભરતભાઈ ઠાકોરે બાંધી હતી. શિબિરની પ્રેરણા ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહાએ પૂરી પાડી હતી. ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ, શ્રી માવજી મહેશ્વરી, શ્રી ચંદ્રેશ મકવાણા અને ડૉ. મહેન્દ્ર નાઈએ શિબિરના સંચાલકો અને વકતાઓની ભૂમિકા નિભાવેલ છે. જ્યારે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ શિબિરના નિમંત્રક હતા. શ્રી ભગીરથ દેસાઈએ શિબિરનું ઉદ્ઘાટન કર્યું હતું. સમગ્ર શિબિરનું સંચાલન ડૉ. ભરતભાઈ ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.

શિબિરનો આરંભ દીપપ્રાગટય અને સરસ્વતી માતાની પ્રાર્થના દ્વારા કરવામાં આવ્યો હતો.ત્યારબાદ ઉદ્ઘાટન સત્રમાં ઉપસ્થિત મંચસ્થ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગત બાદ શિબિરના અતિથિ વિશેષ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ વિષયને અનુરૂપ પ્રવચન આપ્યું હતું. જેમાં તેમણે શિબિરમાં ઉપસ્થિત મંચસ્થ મહેમાનોનું અને શિબિરાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરી આવકાર આપ્યો હતો. તેમણે વિશ્વવિદ્યાલયની વિભિન્ન પ્રવૃત્તિઓ પીએમ ઉષા સ્કીમ અંતર્ગત વિશ્વવિદ્યાલયને ભારત સરકાર દ્વારા મળેલ ૧૦૦ કરોડ રૂપિયાનું અનુદાન અને તેના વિભિન્ન ઉપયોગો, ૫૦૦ વર્ષના સંઘર્ષ બાદ અયોધ્યામાં બનેલ શ્રીરામમંદિર, નવી શિક્ષણનીતિ ૨૦૨૦ અંતર્ગત મૂળ ભારતીય શિક્ષણ પદ્ધતિનું અમલીકરણ અને તેના દ્વારા પાશ્ચાત્ય શિક્ષણ પદ્ધતિને દૂર કરવાના ઉપાયો, વિદ્યાર્થીઓ દ્વારા શિબિરમાં વ્યવસ્થિત લેખન શીખીને તેને જાળવી રાખવાની પ્રવૃત્તિ સુરત શહેરની સામાજિક, આર્થિક, દરિયાઈ, આંતરમાળખાકીય સુવિધાઓ, દક્ષિણ ગુજરાતની આદિવાસી સંસ્કૃતિને ટકાવી રાખવાની વિશ્વવિદ્યાલયની જવાબદારી અને તેમાં વિદ્યાર્થીઓનો સહયોગ મળે તેવી અપેક્ષા, શબ્દબ્રહ્મની શકિત, ભવિષ્યમાં રમાનારી ઓલમ્પિક સ્પર્ધામાં વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ ભાગ લે તેવી અપેક્ષા, વિશ્વવિદ્યાલયમાં જુદી જુદી વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને શિક્ષણને અનુરૂપ વ્યવસાય મળે, વિદ્યાર્થીઓને કામ સિવાય મોબાઈલનો ઉપયોગ ટાળવા વગેરે બાબતો વિશે પ્રેરક વિચારો વ્યકત કર્યા હતા.

શિબિરના ઉદ્ઘાટકશ્રી ભગીરથ દેસાઈએ તેમના સંક્ષિપ્ત ઉદબોધનમાં સાહિત્યસર્જન વિશે જણાવતા કહ્યું હતું કે, સંવેદનાઓ આત્માને જંકૃત કરે છે અને તેને સાહિત્ય સર્જન તરફ લઈ જાય છે. તેમણે ભારતેન્દુ પ્રકાશસિંહ દ્વારા રચિત હિન્દી 'પુસ્તક મા કી પુકાર' દ્વારા સમાજ ઉપયોગી અને રાષ્ટ્રની આવશ્યકતાઓ અનુસારનું સાહિત્ય કેમ લખાય તેની

સમજ આપી હતી. તેમણે સમાજ સંવેદનાને લઈને આગળ વધનાર સર્જક જ સદ અને સમાજ ઉપયોગી સાહિત્ય આપી શકે છે તેવો વિચાર વ્યકત કર્યો હતો.

શિબિર ઉદ્ઘાટક અને વકતા અધ્યાપકશ્રી ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ દ્વારા શિબિર વિષયને અનુરૂપ વકતવ્ય આપવામાં આવ્યું હતું. જેમાં તેમણે શિબિરમાં ઉપસ્થિત સૌને આવકાર્યા હતા. તેમણે સંસ્કૃતિ અને સંસ્કારને સમજવા માટે મનુષ્યએ સાહિત્ય પાસે જવાની આવશ્યકતા સાહિત્યનું પ્રજા, લેખક, વાચક અને સમાજ સાથે જોડાણ, સાહિત્ય ચેતનાનું ઊર્ધ્વિકરણ, સાહિત્ય થકી માણસાઈનો વિકાસ, સાહિત્ય થકી માનવ ચેતનાની નિર્મલતા દૂર કરવી, ખરાબ પ્રવૃત્તિઓનો સાહિત્ય દ્વારા અટકાવ, 'ગામમાં પિયરયું ને ગામમાં સાસરિયું' લોકગીત દ્વારા સાહિત્ય વ્યકિતના જીવનમાં કેવું પરિવર્તન લાવી શકે છે તેની વ્યવસ્થિત સમજ, કવિ રાજેન્દ્ર શાહની કવિતા 'ભાઈ રે આપણા દુઃખનું કેટલું જોર' દ્વારા સાહિત્ય વ્યકિતને મુશ્કેલીઓમાંથી કેવી રીતે બચાવે છે તેની સમજ, સાહિત્ય દ્વારા ઉત્તમ માનવીનું નિમાર્ણ વગેરે બાબતો પર સમીક્ષાત્મક દષ્ટિ બિંદુ રજૂ કર્યું હતું. ઉદ્ઘાટન સત્રના અંતે શિબિરના સંયોજક ડૉ. ભરત ઠાકોર દ્વારા આભારવિધિ કરી ઉદ્ઘાટન સત્રની સમાપ્તિ કરવામાં આવી હતી.






















## Department of Physics

### બાયો ફેબ્રીકસ અને બાયો પોલીમરનો વિકાસ

વિશ્વવિદ્યાલય ખાતે આવેલાં ભૌતિકશાસ્ત્ર વિભાગનાં એમ.એસસી. ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં તમામ મુખ્ય વિષયો માટે પ્રોજેક્ટવર્ક ફરજિયાત છે. ભૂતકાળમાં વિભાગનાં વિદ્યાર્થીઓ દ્વારા ડિજિટલ ડિસ્પ્લે, પોલીમર બ્લોકસ, એકવીવેડેટ કાર્બન, વગેરેનો વિકાસ કરવામાં આવ્યો હતો. આ વર્ષે એમ.એસસી. સેમેસ્ટર–૪માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ (૧) હેમાંગીની કે. વસાવા, (૨) જાંગીડ વંશિતા એમ., (૩) ટેલર નમ્રતા વિજયકુમાર, (૪) પરમાર હિરલ દિનેશસિંહ, (૫) પટેલ પાર્થ, (૬) પટેલ પ્રતીક્ષા અને (૭) પટેલ કમલ દ્વારા અનુક્રમે બાયોફેબ્રિકસ અને બાયોપોલીમર મટીરીયલ્સનો વિકાસ કરવામાં આવ્યો છે. બાયોફેબ્રિકસ અને બાયોપોલીમર એ નામ પ્રમાણે જીવંતકોષો અને બાયો મટીરીયલ્સ ધરાવતી જૈવિક સંરચના (માઈક્રો મોલેકયુલ્સ)નો ઉપયોગ કરી વિકસિત કરવામાં આવેલ છે. આ સંરચનાઓ માટે કુદરતમાંથી પ્રાપ્ત બીટ (કંદ)નો ઉપયોગ કરી બાયોફેબ્રિકસ બનાવવામાં આવ્યુ છે. જે સામાન્ય કાપડ કરતાં વધુ સમુદ્ધ રેકઝીન જેવી સંરચના ધરાવે છે. જુદા જુદા પ્લેટફોર્મ તથા એલ્યુમિનિયમ ફોઈલ વગેરે પર આ બાયોફેક્રિકસ તૈયાર કરવામાં આવ્યુ છે. જે જુદી જુદી સંરચના, સ્નીદયતા અને સરફેઈસ ધરાવે છે. આવા પ્રકારનું ફેબ્રીક ભવિષ્યમાં ઈન્ફેકશન રેઝિસ્ટન્ટ મટીરીયલ્સ તરીકે અને હેલ્થ સેકટરમાં ઉપયોગ થવાની સંભાવનાઓ છે. કિંમતની દૃષ્ટિએ ખૂબ જ સસ્તુ અને કીફાયની રહેશે. આ ઉપરાંત વિભાગમાં તૈયાર કરવામાં આવેલ બાયોપોલીમર જૈવ સુસંગત અને બાયો ડિગ્રેડેબલ છે. તેમને જુદી જુદી ઓપ્ટીકલ પ્રોપર્ટી છે. તે ટ્રાન્સપેરેન્ટ અને સેમી ટ્રાન્સપેરેન્ટ લાક્ષણિકતાઓ ધરાવે છે. જે ઈકોસિસ્ટમને જાળવવામાં મદદરૂપ થશે તેમજ ફેલેશીયલ અને સોલીડ સીટો બનાવવામાં મદદરૂપ થઈ શકે તેમ છે. જેથી સાદી થેલી સાદી ફિલ્મ અને સીટો બનાવવામાં મદદરૂપ થશે. આરોગ્યપ્રદ અને ડિગ્રેડેબલ ઉપરાંત કીફાયતી હોવાથી ભવિષ્યમાં પર્યાવરણ બચાવવામાં અને દેશની કાર્બન ક્રેડિટ ઘટાડવામાં મદદરૂપ સાબિત થાય તેમ છે. આ સમગ્ર પ્રોજેકટ વિભાગનાં અધ્યક્ષ પ્રો. ડૉ. કિશોરભાઈ પોરીયા અને ટીચીંગ આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. દિપાલી ચોખાવાલાનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે.









## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### કેમ્પસ ડ્રાઈવનું આયોજન

દિનાંક ૦૬–૦૨–૨૦૨૪ ને મંગળવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ ટી.વાય. બી.કોમ. સેમેસ્ટર–૬ અને એમ.એ.–એમ.કોમ. સેમેસ્ટર–૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'કેમ્પસ ડ્રાઇવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વિવિધ કંપનીઓ Pursuit Industries Pvt.Ltd., MHK Infotech, Dreamchild Life Science L.L.P Nexus Consultant, Innov Source, Star Health Insurance Ltd વિવિધ પોસ્ટ જેમ કે, એક્ષપોર્ટ સેલ્સ એક્ઝિક્યુટિવ, માર્કેટિંગ એક્ઝિક્યુટિવ, ડિજિટલ માર્કેટિંગ એક્ઝિક્યુટિવ, ગ્રાફીક ડિઝાઈન એક્ઝિક્યુટિવ, એકાઉન્ટ એક્ઝિક્યુટિવ, એચ.આર.એન્ડ એડમિન એક્ઝિક્યુટિવ માટે વિદ્યાર્થીઓને રોજગારી મળી રહે તેવા ઉમદા હેતુથી ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કંપનીઓમાં એચ.આર.અને કંપનીના માલિકો તથા મહાવિદ્યાલયનાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરિયો અને આભારવિધિ પ્રા.ડૉ. મયંકભાઈ સોઢાએ કર્યું હતું તેમજ ઉદઘોષક તરીકે પ્રા.સોનલબેન કાકલોતર તથા પ્રા. મયુરભાઈ પાંડવ, પ્રા. રાજભાઈ ડુમસિયા, પ્રા. સંદિપભાઈ કલસારિયા, પ્રા. રોહિતભાઈ ચૌહાણ અને શૈક્ષણિક કે બિનશૈક્ષણિક પણ સહભાગી બન્યા હતા.

જીવન જ્યોત ટ્રસ્ટ અને અમરોલી પરિવાર પસંદગી પામેલા ૮૦ થી વધુ ઉમેદવારો કોર્પોરેટ જગતમાં તેમની ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન પાઠવે છે.





### Career in Statistics સેમિનારનું આયોજન

દિનાંક ૫–૨–૨૦૨૪ને સોમવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરતના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ એલ્યુમની એસોસિએશન અને IQAC દ્વારા સંયુક્ત ઉપક્રમે 'Career in Statistics' વિષય પર F.Y.B.Com.ના વિદ્યાર્થીઓ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે મહાવિદ્યાલયનાં IQACના Co-Ordinator ડૉ. સેજલબેન દેસાઈએ વિદ્યાર્થીઓને Statistics વિષયનું કારકિર્દીમાં કેટલું મહત્વ છે અને આજના સમયની માંગ અનુસારના વિવિધ કોર્સની સમજ માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જેમાં મહાવિદ્યાલયનાં ભૂતપૂર્વ અને વર્તમાનમાં M.Sc. (Applied Statistics)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પણ હાજર રહીને હાલના અન્ય વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર સેમિનારનું સંચાલન પ્રા. રોહિતભાઈ ચૌહાણ, પ્રા. ક્રિષ્નાબેન દેવાણી, પ્રા. ભ્રાતીબેન ગોહેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.






## શૈક્ષણિક ઈનામ વિતરણ કાર્યક્રમ

દિનાંક ૦૯–૦૨–૨૦૨૪ને શુક્રવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક ઇનામ વિતરણ સમારંભ રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે સુરતના પ્રથમ નાગરિક મેયર આદરણીયશ્રી દક્ષેશભાઈ માવાણી, વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી પ્રિ.ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખ આદરણીયશ્રી ભરતભાઈ શાહ તેમજ અતિથિ વિશેષ તરીકે ઉપપ્રમુખશ્રી ભાનુકુમાર શાહ, ગિરિધરગોપાલજી મુન્દ્રા, માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, આદરણીયશ્રી સ્નેહલભાઈ શાહ, આદરણીય ડૉ. મહેન્દ્રભાઈ સોલંકી, આચાર્યશ્રી મુકેશભાઈ ગોયાણી, આચાર્યશ્રી નરેશભાઈ રાણા, ગાર્ડન સમિતિના ચેરમેન શ્રીમતી ગીતાબેન સોલંકી, આચાર્યશ્રી મુકેશભાઈ ગોયાણી, આચાર્યશ્રી કેયૂરભાઈ શર્મા, ગાયત્રી પરિવાર ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના સ્વયંસેવક આદરણીયશ્રી ચંદુભાઈ ચોવટિયા તથા વિદ્યાર્થીઓ અને એમના વાલીશ્રીઓ હાજર રહી વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા.

ઇનામ વિતરણ સમારોહની શુભ શરૂઆત અમરોલી મહાવિદ્યાલયનાં ગીતથી તેમજ ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કુ. જાનવી ચૌહાણે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા. પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણા સમારોહમાં ઉપસ્થિત સૌ મહેમાનશ્રીઓનો શબ્દ દ્વારા આવકાર તથા મહાવિદ્યાલય વિશે ટૂંકો ઇતિહાસ આપ્યો હતો અને IQACના સંયોજક ડૉ. સેજલબેન દેસાઈએ મહેમાનોનો પરિચય આપ્યો હતો. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ શૈક્ષણિક સફળતા મેળવવા બદલ મહાવિદ્યાલય પરિવાર અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા તથા ભવિષ્યમાં એક સારા નાગરિક બનવા માટેનું માર્ગદર્શન તથા સ્વચ્છતા જાળવવા માટે જીવનમાં અપનાવવાના ઉપયોગી નિયમો આપ્યા હતા.

પ્રાધ્યાપક બનવા માટેની લઘુત્તમ લાયકાત જીસેટ પાસ થનાર વિદ્યાર્થી અને ફેકલ્ટીઝ તેમજ મહાવિદ્યાલયની ફેકલ્ટીઝના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની.ડીગ્રી હાંસલ કરનાર સંશોધનાર્થીઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ શૈક્ષણિક સફળતા મેળવનાર કુલ ૧૮૫ વિદ્યાર્થીઓને શિલ્ડ અને મહાવિદ્યાલયમાં લેવાયેલ ગાયત્રી પરિવાર ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્રો અને ટ્રોફી આપવામાં આવ્યા હતા. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શૈક્ષણિક તેમજ વહીવટી સ્ટાફ દ્વારા તેમજ શિલ્ડ વિતરણ સંચાલનશ્રી કિશોરભાઈ સોલંકી, કુ. રસ્મિતાબેન ઢીવરે, કુ. તન્વીબેન મિસ્ત્રી, અને કુ.ખ્યાતીબેન ડબગરે કર્યું હતું. ઉદઘોષક તરીકેની સેવા પ્રા. જીતેન્દ્રભાઈ ચૌધરી અને પ્રા. સોનલબેન કાકલોતરે બજાવી હતી અને આભાર વિધિ પણ કરી હતી. ઇનામોની જાહેરાત પ્રા.ડૉ.રીતુ અગ્રવાલ, પ્રા.ડૉ.બળવંતભાઈ ઢીમ્મર, પ્રા.ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરિયા, કનુભાઈ સુતરિયા, પ્રા.ભરતભાઈ ડી. પટેલ, પ્રા. નેહાબેન ઉપાધ્યાય, પ્રા. કનુભાઈ પટેલ, પ્રા. ભરતભાઈ એન. પટેલ, પ્રા.ડૉ. મનીષભાઈ ટેલર, પ્રા. ચાંદનીબેન જોષી, પ્રા.ડૉ.કૃતિબેન પટેલ, પ્રા.વિજયભાઈ ચૌધરી, પ્રા.નરેન્દ્રભાઈ બારૈયો કરી હતી. કાર્યક્રમને અંતે રાષ્ટ્રગાન કરવામાં આવ્યું હતું.












## कला बजार (Art का मेला )નું આયોજન









દિનાંક ૦૯–૦૨–૨૦૨૪ને શુક્રવારના રોજ સવારે ૯:૩૦ કલાકે જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં Idea & Innovision Cell and IQACના સંયુક્ત ઉપક્રમે પંચ પ્રકલ્પ અમૃત મહોત્સવ અને My Bharat પોર્ટલ અંતર્ગત યુવા સંકલ્પ શ્રેષ્ઠતા ભારતની દીકરીઓ આત્મનિર્ભર બને તે હેતુથી ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ कला बजार (Art का मेला)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે સુરતના પ્રથક નાગરિક અને મેયર આરદણીયશ્રી દક્ષેશભાઈ માવાણી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિ આદરણીયશ્રી પ્રિ.ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખ આદરણીયશ્રી ભરતભાઈ શાહ તેમજ અતિથિ વિશેષ તરીકે ઉપપ્રમુખશ્રી ભાનુકુમાર શાહ, આદરણીયશ્રી ગિરિધરગોપાલજી મુન્દ્રા, માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, આદરણીયશ્રી સ્નેહલભાઈ શાહ, આદરણીય ડૉ. મહેન્દ્રભાઈ સોલંકી, સુ.મ.ન.પા.ની.કાયદા સમિટિના ચેરમેન આદરણીયશ્રી નરેશભાઈ રાણા, ગાર્ડન સમિતિના ચેરમેન શ્રીમતી ગીતાબેન સોલંકી, આચાર્યશ્રી મુકેશભાઈ ગોયાણી, આચાર્યશ્રી કેયૂરભાઈ શર્મા, ગાયત્રી પરિવાર ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના સ્વયંસેવક આદરણીયશ્રી ચંદુભાઈ ચોવટિયા તથા મહાવિદ્યાલયની આજુબાજુની સ્કુલના વિદ્યાર્થીઓ પણ હાજર રહી આ કલાબજાર (Art का मेला)ના પ્રદર્શન અને હુન્નરો નિહાળ્યા હતા.

આ કલાબજાર (Art का मेला)ની શુભ શરૂઆત સરસ્વતીમાતાને વંદન કરીને તેમજ મહેમાનો દ્વારા રીબીન કાપીને કરવામાં આવી હતી. કુલ ૩૦ જેટલા હુન્નર જેમાં રંગોળી, મહેંદી, નેઇલ આર્ટ, હેર સ્ટાઈલ, બ્યુટી પાર્લર, મેક અપ આર્ટિસ્ટ, ટી–શર્ટ પેઇન્ટિંગ, ભરત ગુંથર, તાવડી ડિઝાઈન, પોસ્ટર મેકિંગ, ચિત્રકલા, ટેટુ ડિઝાઇન ડેટા સાયન્સ જેવી કળાઓના સ્ટોલ્સનું આયોજન થયું હતું. આ કળાઓમાં ઘણા બધા વિદ્યાર્થીઓને કામના ઓર્ડરો પણ મળ્યા હતા. મહાવિદ્યાલયની દીકરીઓનાં કૌશલ્યની સરાહના, પ્રોત્સાહન તથા તેમનામાં રહેલ હુન્નરને સમાજ સમક્ષ મુકવાના હેતુથી મહાવિદ્યાલયના પ્લેટફોર્મ દ્વારા યુવા ઉદ્યોગ સાહસિકતાના ઓળખ માટેનો ઉત્સવ સફળતા પૂર્વક પાર પાડયો હતો.

સમગ્ર कलाबजार (Art का मेला)નું સંચાલન IQACના સંયોજક ડૉ. સેજલબેન દેસાઈ અને એન.એસ.એસ.ના સંયોજક પ્રા.ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રા. મયૂરભાઈ પાંડવ, એન.એસ.એસ.ના સ્વયંસેવકો/ સેવિકાઓ, એન.સી.સી.ના કેડ્ટ્સ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફમિત્રો પણ સંચાલનમાં સહભાગી બન્યા હતા.

## એમ.એ.ની વિદ્યાર્થીનીઓ માટે વિદાય સમારંભનું આયોજન




દિનાંક ૧૫–૦૨–૨૦૨૪ને ગુરુવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ IQAC દ્વારા એમ.એ.ની વિદ્યાર્થીની માટે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, IQACના સંયોજક પ્રા. ડૉ. સેજલબેન દેસાઈ અને પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરીએ આશીર્વચન આપી તેમની કારકિર્દીમાં વધુને વધુ આગળ વધે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. દર વર્ષે

દિનાંક ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીના રોજ વિદ્યાર્થીનીઓ આવતી રહે તેવું આમંત્રણ પણ પાઠવ્યું હતું. એમ.એ.ની વિદ્યાર્થીનીઓએ પાંચ વર્ષ દરમિયાન મહાવિદ્યાલયમાં થયેલ અનુભવોને પ્રતિભાવ રૂપે રજૂ કર્યા હતા. સમગ્ર વાતાવરણ લાગણીસભર બની રહ્યું હતું. સમગ્ર સમારંભનું આયોજન અને સંચાલન એમ.એ.ની વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## VNSGU અને DIET ના સંયુકત ઉપક્રમે શિક્ષકો માટે રોજગાર ભરતી મેળાનું આયોજન




દિનાંક ૨૪–૦૨–૨૦૨૪ને શનિવાના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા સંયુકત ઉપક્રમે શાળામાં શિક્ષકોની ભરતી માટેના રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરની શાળાઓને શિક્ષણ વિભાગનાં નિયમો મુજબ શિક્ષકો મળી રહે તે માટે યોજાયેલા રોજગાર મેળામાં સુરતની ૫૧ શાળાઓને રજિસ્ટ્રેશન કરાવી શિક્ષકોની ભરતી કરવા માટે તત્પરતા દાખવી હતી અને ભાગ લેનાર બી.એડ્.નો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હોય તેવા ૧૬૮ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરી હતી. રોજગાર મેળામાં હાજર રહેલ ૨૯૯ જેટલા ઉમેદવારો પૈકી ૧૬૮ને એટલે કે ૬૦ ટકા ઉમેદવારોને નોકરીની તક મળી હતી, જેમાં ઉમેદવારોને ૧૫ થી ૨૫ હજાર સુધીનાં માસિક પગારની ઓફર કરવામાં આવી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વાઈસ ચાન્સેલર આદરણીય પ્રિ. ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી આદરણીય ડૉ. રમેશદાન ગઢવી, શિક્ષણ વિદ્યાશાખાના ડીન આદરણીય ડૉ. પત્રલેખાબેન બારડ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય આદરણીય ડૉ. યોગેશભાઈ પટેલ અને આદરણીય ડૉ. સંજયભાઈ બારડ, અમરોલી મહાવિદ્યાલયની પ્લેસમેન્ટ ટીમના સભ્યશ્રીઓ પ્રા. છાયાબેન ઉપાધ્યા, પ્રા. જિતેન્દ્રભાઈ વાછાણી, પ્રા. પંકજભાઈ નાયકા ઉપસ્થિત રહ્યા હતા.

અમરોલી મહાવિદ્યાલયના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ ઉપસ્થિત સૌ મહેમાનશ્રીઓ, શાળાના સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકમિત્રો, નોકરી માટે આવેલ ઉમેદવારો સૌનો આભાર વ્યકત કર્યો હતો.

## One Day National Conference On "Multidisciplinary Research And Practices" નું આયોજન



દિનાંક ૧૭–૦૨–૨૦૨૪ ને શનિવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર અને માનવ સંશાધન વિભાગ, જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, સેલ્ફ ફાયનાન્સ કૉલેજ અમરોલી અને નવયુગ કોમર્સ કૉલેજના સંયુકત ઉપક્રમે "One Day Nationa Conference on" Multidisciplinary Research and Practices"નું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હૉલ મુકામે કરવામાં આવ્યું હતું.

જેમાં મુખ્ય અતિથિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી પ્રિ.ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી આદરણીય ડૉ. રમેશદાન ગઢવી હાજર રહ્યા હતા. કોન્ફરન્સના મુખ્ય વકતા તરીકે પૂર્વ કુલપતિશ્રી આદરણીય ડૉ. રમેશચંદ્ર કોઠારી અને તાલુકા હેલ્થ વિભાગના અધિકારી ડૉ. અખિલેશ પાંડે હાજર રહી સંશોધન દરમિયાન થતી ભૂલો, સમસ્યાની ઓળખ, લીટરેચર રીવ્યુ, નિર્દેશની પસંદગી અને તેની માહિતીના વિશ્લેષણમાં થતી ભૂલો કેવી રીતે સુધારવી તેની માહિતી ઉદાહરણ દ્વારા રિસર્ચ સ્કોલરોને આપી હતી. તેમના અનુભવનાં નીચોડ દ્વારા સંશોધન કઈ દિશામાં કેવી રીતે અને કોના પર કરી શકાય તેનું માર્ગદર્શન પણ તેઓએ આપ્યું હતું.

એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદમાં જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ આભારવિધિ કરી હતી. આ પરિસંવાદમાં જીવન જ્યોત ટ્રસ્ટના માનદ મંત્રીશ્રીઓ આદરણીયશ્રી અશ્વિનભાઈ પટેલ અને આદરણીય શ્રી અનુજભાઈ શાહ તેમજ મોટી સંખ્યામાં રિસર્ચ સ્કોલર્સ અને શૈક્ષણિક સ્ટાફ હાજર રહ્યા હતા. પરિસંવાદમાં વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો સહીત કુલ ૪૬૬ સંશોધકોએ ભાગ લીધેલ હતો. ટેકનીકલ સેશનમાં કુલ ૧૫ કલાસરૂમમાં ૩૨૬ સંશોધન પેપર વિદ્યાર્થીઓ, રિસર્ચ સ્કોલરો અને અધ્યાપકો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. આ પરિસંવાદનાં સમાપન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખ આદરણીયશ્રી ભરતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉચ્ચ શિક્ષણ દ્વારા પ્રાધ્યાપકો અને સંશોધકોને યોગ્ય માર્ગદર્શન આપી સમાજ અને રાષ્ટ્રની ઉન્નતીમાં યોગદાન આપવા પ્રોત્સાહિત કર્યા હતા.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### અમરોલી સેલ્ફ ફાઇનાન્સ કૉલેજ માં સેમિનાર અને સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો







જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત અમરોલી સેલ્ફ ફાઇનાન્સ બી.બી.એ., બી.કોમ, અને બી.સી.એ. કૉલેજ દિનાંક ૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ મહાવિદ્યાલયની વિવિધ પ્રવૃત્તિઓમાં સ્વયંસેવકની સેવા આપનાર વિદ્યાર્થીઓ માટે એક વિશેષ પરિસંવાદ તેમજ પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના ઉપલક્ષમાં SRK Houseના CEO શ્રી અક્ષયભાઈ ધોળકિયા મુખ્ય વકતા તરીકે હાજર રહ્યા હતા. શ્રી અક્ષયભાઈએ Form Idea to Enterprise વિષય ઉપર યુવાવર્ગને પોતાની યુવા ઉદ્યોગપતિ બનવાની આખી વાતને રજૂ કરી મહાવિદ્યાલયના યુવાન વિદ્યાર્થીઓને પ્રેરણા મળી રહે તેવું વકતવ્ય રજૂ કર્યું. તેમના વકતવ્યમાં યુવાવર્ગ આત્મવિશ્વાસ રાખીને અડગ રહી સતત કાર્યશીલ રહે તો ધાર્યા પરિણામ મેળવી શકો છો, એવો વિશ્વાસ અપાવ્યો હતો. અન્ય મહેમાન તરીકે શ્રી ભાવેશભાઈ લાઠિયા, Aviate Immigration Services પ્રતિનિધિ તરીકે શ્રી ગોપાની અને નિકિતા બેન અને C.K.Pithawala મહાવિદ્યાલયના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. માર્ટીન પટેલ આ પ્રસંગે વિદ્યાર્થીની સેવા બિરદાવવા હાજર રહ્યા હતા. આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીની અધ્યક્ષતામાં મહાવિદ્યાલયના વિવિધ સંયોજક ડૉ. સ્વાતિ મહેતા, શ્રી ભરતભાઈ બસરાની અને ડૉ. વિરલ પોલિસવાળાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

### પ્રો.વી.બી.શાહ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમરોલીમાં વિદ્યાર્થીઓ માટે કેમ્પસ ટુ કોર્પોરેટ આયોજન











જીવન જ્યોત ટ્રસ્ટ દ્વારા સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમરોલીના અંતિમ વર્ષ ફાઇનાન્સ, માર્કેટિંગ અને એચઆરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કેમ્પસ ટુ કોર્પોરેટ હેઠળ નોકરીના ઇન્ટરવ્યુનું આયોજન કર્યું હતું. જેમાં કુલ ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં એસોટ સોલર પ્રાઈવેટ લિમિટેડ, જિયાન ઇન્ફોસોફ્ટ, પેસિફિક ઇન્વેસ્ટમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ (એનજે એચઆર નેસ્ટ), ડ્રીમ ચાઇલ્ડ લાઈફસાયન્સ પ્રાઈવેટ લિમિટેડ, જીટીપીએલ, નેટસોલ આઈટી સોલ્યુશન પ્રાઇવેટ લિમિટેડ, પાર્ક ૩૬૦ આઇટી પ્રાઈવેટ લિમિટેડ, એડી ટેક આઈટી એન્ડ ડિઝાઇન ઇન્સ્ટિટ્યૂટ વિવિધ કંપનીઓએ કેમ્પસ ટુ કોર્પોરેટ પ્રોગ્રામના ભાગરૂપે વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ માટે પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે. ૩૦ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ માટે કંપનીઑ દ્વારા પસંદગી કરવામાં આવેલ છે. સમગ્ર પ્લેસમેન્ટ પ્રક્રિયાનું સંચાલન આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રો.સોયેબ મેમણ દ્વારા કરવામાં આવ્યું હતું.

## આર.વી.પટેલ કૉલેજ, અમરોલી માં કેમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન થયું



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર. વી. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં કૉલેજના વિદ્યાર્થીઓને અભ્યાસને સાર્થક બનાવવા તેમજ યોગ્ય રોજગારી મળી રહે એવા ઉમદા આશયથી દિનાંક ૦૭/૦૨/૨૦૨૪ના રોજ કેમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન છાપરાભાઠા મહાવિદ્યાલય કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કોમર્સ અને મેનેજમેન્ટના ક્ષેત્રે આગવું સ્થાન ધરાવનાર કંપનીઓ જેવી કે Stitchmax, bajaj finance, I Quanta, I vision, Jiyan Infosoft વિદ્યાર્થીઓના પરિસર ઇન્ટરવ્યૂ પ્રક્રિયા માટે હાજર રહી હતી. પરિસર ઇન્ટરવ્યૂમાં મહાવિદ્યાલયના ૧૦૭ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી ૭૨ વિદ્યાર્થીઓને કંપનીઓ દ્વારા પસંદગી કરવામાં આવેલ છે. સમગ્ર પ્લેસમેન્ટ પ્રક્રિયાનું સંચાલન આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા. ડૉ. ધ્રુવ ગાંગડવાલા દ્વારા કરવામાં આવ્યું હતું. જીવન જ્યોત ટ્રસ્ટ અને સ્ટાફ પસંદગી પામેલા ઉમેદવારને કોર્પોરેટ જગતમાં તેમની ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન પાઠવે છે.

## કેમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર. વી. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં ટી.વાય.બી.બી.એ.અને બી.કોમ.ના વિદ્યાર્થીઓને રોજગારી મળી રહે એવા ઉમદા આશયથી દિનાંક ૨૨/૦૨/૨૦૨૪ના રોજ પરિસર ઇન્ટરવ્યૂનું આયોજન છાપરાભાઠા મહાવિદ્યાલય કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ICICI PRUDENTIAL LIFE INSURANCE કંપનીએ કેમ્પસ ઇન્ટરવ્યુ કર્યું હતું. કેમ્પસ ઇન્ટરવ્યુમાં મહાવિદ્યાલયના ૪૧ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી ૦૭ વિદ્યાર્થીઓને કંપની દ્વારા પસંદગી કરવામાં આવેલ છે. સમગ્ર પ્લેસમેન્ટ પ્રક્રિયાનું સંચાલન આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા. ડૉ. ધ્રુવ ગાંગડવાલા દ્વારા કરવામાં આવ્યું હતું. જીવન જ્યોત ટ્રસ્ટ અને સ્ટાફ પસંદગી પામેલા ઉમેદવારને કોર્પોરેટ જગતમાં તેમની ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન પાઠવે છે.





## જે.બી.ધારુકાવાલા મહિલા આર્ટસ કૉલેજ,સુરત અને પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમરોલી વચ્ચે સમજૂતી પત્ર (MoU) થયું

શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા સંચાલિત, જે.બી. ધારુકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજ, બી.કોમ. (ઇંગ્લીશ મીડિયમ) એડિશનલ ડિવિઝન સેલ્ફ ફાઈનાન્સ (ફોર વિમેન્સ), વરાછા રોડ, સુરત અને જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ),

વી.એલ. શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી, સુરત વચ્ચે સમજૂતી પત્ર (MoU) પર ૨૪મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ જે.બી.ધારુકાવાલા મહાવિદ્યાલય ખાતે સહી થઈ. સમજૂતી પત્ર (MoU) સમયે માનનીયશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા, શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, સુરત મહાનગરપાલિકા તેમજ જે.બી.ધારુકાવાલા મહાવિદ્યાલયના સંચાલક મંડળના સભ્ય હાજર રહ્યા હતા. માનનીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા, મેયરશ્રી દક્ષેશભાઈ માવાણીએ આ કાર્યને બિરદાવી શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન મળે તે માટે ઘણું જ મહત્વનું ગણાવ્યું હતું.

MoUની વિશેષતાઓ જેવી કે સંયુકત સંશોધન પ્રોજેકટમાં જોડાયું, ફેકલ્ટી એકસચેન્જ અંતર્ગત બંને મહાવિદ્યાલય વચ્ચે ફેકલ્ટીના સભ્યોના વિચાર, કુશળતા અને અનુભવો ઉપયોગ કરવો, સુવિધાનો ઉપયોગ અંતર્ગત–બંને મહાવિદ્યાલયની લાઈબ્રેરી, લેબ સહિતની સુવિધા સંશોધકો અને વિદ્યાર્થીઓ ઉપયોગ કરશે, જેથી સંશોધન અને ગુણવત્તામાં વધારો થશે. સ્ટુડન્ટ ઇન્ટર્નશીપ અંતર્ગત વિદ્યાર્થીઓ ઇન્ટનશિપ અને હેન્ડઓન પ્રોજેકટની ટક વધુ મળશે. સેમિનાર અને કોન્ફરન્સ અંતર્ગત–વિદ્યાર્થીઓ, સંશોધકો અને અધ્યાપકો માટે સેમિનાર અને કોન્ફરન્સનું આયોજન કરી શકશે. ધારુકા મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ ડૉ. દિલીપભાઈ એલ. વરસાણીએ જણાવ્યું કે ભાગીદારીથી સંશોધન અને વિકાસના કાર્યને આગળ વધારવાનું એક મહત્વનું આ પગલું છે, જ્યારે અમરોલી સેલ્ફ ફાઈનાન્સ મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીએ જણાવ્યું કે, આ એમઓયુ એ સહયોગ અને નવીનતાની એક ચાવી છે. બંને સંસ્થાના સંયુકત કામગીરીથી શૈક્ષણિક પ્રગતિ અને સમાજ સુધારા માટે અર્થપૂર્ણ યોગદાન આપી શકશે.





## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### કરિયર ગાઇડન્સ અંગેનો સેમીનાર





એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરા ખાતે કરિયાર ગાઈડન્સ સેલ અંતર્ગત ટી.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ માટે કરિયર ગાઇડન્સના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું નારણલાલા મહાવિદ્યાલય, નવસારીના આસિસ્ટન્ટ પ્રો. ડૉ. દિવ્યેશભાઈ ગાંધી વકતા તરીકે હાજર રહ્યા હતા. જુદી જુદી બેંકોમાં રોજગારીની તક મેળવવા માટે કઈ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવી જરૂરી છે? આ પરીક્ષાના અભ્યાસક્રમો, પેપરની બ્લુ પ્રિન્ટ, પરીક્ષાની તૈયારીઓ માટે જરૂરી સાહિત્ય–પુસ્તકો વગેરે અંગે વિદ્યાર્થીઓને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત ઇન્ટરવ્યૂ આપતી વખતે રાખવા માટેની કાળજીઓ પણ જાણાવી હતી. કાર્યક્રમના આયોજનમાં મહાવિદ્યાલયના ઇ.ચા.આચાર્યશ્રીઓ પ્રા. વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન અને દોરવણી મળી રહ્યા. કાર્યક્રમનું સંચાલન સેલ્ફ ફાઇનાન્સ ડિવિઝનના આસિસ્ટન્ટ પ્રો. પૂજાબેન વાઘેલાએ કર્યું હતું અને આભારદર્શન પ્રા.દીપિકાબેન લાડે કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન મહાવિદ્યાલયના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ સભ્યોનો સહકાર મળી રહ્યો.

### રામાયણ આધારિત નાટિકા અને એકપાત્રીય અભિનય

ભારતીય સમાજના વ્યકિતગત, સામાજિક તેમજ રાષ્ટ્રીય જીવનના આદર્શ એવા રાષ્ટ્રીય પુરુષ એવા મર્યાદા પુરુષોત્તમ શ્રીરામચંદ્ર ભગવાનના મંદિરની તેમની જન્મભૂમિ અયોધ્યા ખાતે પ્રાણ પ્રતિષ્ઠા થઈ ચુકી છે. તે અવસર પર નાટયધારા અંતર્ગત એ. વી. પટેલ કોમર્સ કૉલેજ,

બીલીમોરામાં નાટિકા અને એકપાત્રીય અભિનયનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ હોંશે હોંશે અને ઉત્સાહભેર મોટી સંખ્યામાં ભાગ લઈ પોતાના કૃતિઓની ઉત્કૃષ્ટ અને અવિસ્મરણીય રજૂઆત કરી હતી. આ કાર્યક્રમનું આયોજન મહાવિદ્યાલયના પ્રભારી આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન અને સહકારથી થયું હતું. આ કાર્યક્રમમાં બે નાટિકા એક એકપાત્રીય અભિનય અને એક નૃત્ય નાટીકાની આગવી અને આકર્ષક રજૂઆત થઈ હતી. વિદ્યાર્થીઓને આ નાટિકા અને એકપાત્રીય અભિનયમાં પ્રેરણાના પીઠબળ તરીકે પ્રો. દીપિકાબેન લાડ, પ્રો. સ્વીટીબેન પરમાર, પ્રો. પૂજાબેન વાઘેલા, પ્રો. અંજલીબેન પટેલ અને પ્રો. હરમિતસિંહ સરદારે આગવી ભૂમિકા ભજવી હતી. દરેક વિદ્યાર્થીઓએ પોતાના કૃતિની રજૂઆત થકી જાણે આધ્યાત્મિકતા અને રામરાજ્યનો અનુભવ કરાવ્યો હતો. અને ખૂબ જ ભકિતમય એવો માહોલ જામ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. હરમિતસિંહ સરદારે કર્યું હતું. આ કાર્યક્રમમાં કૉલેજના આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાએ પ્રસંગોચિત ઉદ્દબોધન કર્યું હતું. અંતે આભારવિધિ ડૉ. સોનલબેન એસ. વસાવાએ કરી હતી. અને સૌના માર્ગદર્શન હેઠળ અંતે રાષ્ટ્રીય વંદના સાથે આ કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ.
























## આંતર કૉલેજ રસ્સાખેંચ સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન














એ.વી.પટેલ કૉમર્સ કૉલેજની જીમખાના સમિતિ હેઠળ આયોજિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરત રસ્સાખેચ બહેનોની સ્પર્ધામાં ૧૮ મહાવિદ્યાલયની ટીમોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ઉપસ્થિત મહેમાનોનું ઓર્ગેનઇઝિંગ સેક્રેટરી ડૉ. સોનલબેન એસ. વસાવા શાબ્દિક આવકાર કરી ઉપસ્થિત તમામને આવકાર્યા હતા. આ પ્રસંગે સ્પર્ધાના મુખ્ય મહેમાનશ્રી ભુપેન્દ્રભાઈ અમીન પ્રમુખ બીલીમોરા વિભાગ કેળવણી મંડળ પ્રસંગોચિત ઉદ્બોધનમાં ખેલાડી બહેનોને મોટીવેઈટ કરી ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે કાર્યક્રમના ઉદ્ઘાટક શ્રીમતી કોમલબેન ઘિનૈયા ચીફ ઓફિસર નગરપાલિકા તેમણે ખેલાડી બહેનોને શુભેચ્છા પાઠવી હતી. અતિથિ વિશેષ મેનેજિંગ કમિટીના અધ્યક્ષશ્રી નરેશભાઈ નેમાણી તેમજ ભગીની સંસ્થાના ડૉ. ભાવેશ દેવતા, નવસારી ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ ડેવલોપમેન્ટ ઓફિસરશ્રી અલ્પેશ પટેલ અને વિશ્વવિદ્યાલય સ્પૉર્ટસ કમિટીનાં સભ્ય ડૉ. ભાવિન પટેલ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારે હતી. સમગ્ર કાર્યક્રમ સંચાલન પ્રા. દીપિકાબેન લાડે કર્યું હતું. સ્પર્ધાનું આયોજન મહાવિદ્યાલયના પ્રભારી આચાર્ય પ્રા. વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં શાહ એન.એચ.કોમર્સ કૉલેજ, વલસાડ વિજેતા બની હતી જ્યારે બી.કે.એમ. સાયન્સ કૉલેજ વલસાડ ઉપવિજેતા રહી હતી. વિજેતા અને ઉપવિજેતા ટીમને બીલીમોરા વિભાગ કેળવણી મંડળના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રીભરતભાઈ અમીનના વરદ હસ્તે ખેલાડી બહેનોને ટ્રોફી અને મેડલ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા અને આ સ્પર્ધા ખૂબ જ સારી રીતે સંપન્ન થઈ હતી.

## કરિયર ગાઇડન્સ અંગેનો સેમિનાર





એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરા ખાતે કરિયર ગાઈડન્સ સેલ અંતર્ગત ટી.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ માટે કરિયર ગાઈડન્સના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું.

બીલીમોરા વિભાગના જાણીતા સી.એ.શ્રી કેયૂરભાઈ જોશી વકતા તરીકે હાજર રહ્યા હતા. જેઓએ ઇન્ટરવ્યૂ આપતી વખતે ધ્યાનમાં રાખવા માટેની કાળજીઓ જેવી કે ડ્રેસિંગ સેન્સ ઇન્ટરવ્યૂમાં પૂછાતા વિવિધ પ્રશ્નો, ઇન્ટરવ્યૂ ટેકનીક વગેરે વિશે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમના આયોજનમાં મહાવિદ્યાલયના પ્રભારી આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન અને દોરવણી મળી રહ્યા. કાર્યક્રમનું સંચાલન સેલ્ફ ફાઇનાન્સ ડિવિઝનના આસિસ્ટન્ટ પ્રોફેસર પ્રા. પૂજાબેન વાઘેલાએ કર્યું હતું. અને આભારદર્શન પ્રા. શીતલબેન ફીટર કર્યું હતું.

## એ.વી.પટેલ કૉલેજ, બીલીમોરાની વિદ્યાર્થીની વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં એકાઉન્ટન્સી વિષયમાં પ્રથમ રહી ગોલ્ડ મેડલ મેળવ્યો

એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરાની વિદ્યાર્થીની રાજપૂત વૈશાલીબેન અનીલસિંઘ એપ્રિલ–૨૦૨૩ બી.કોમ સેમેસ્ટર–૫ તથા ૬ની પરીક્ષામાં મહિલા વિભાગમાં એકાઉન્ટન્સી વિષયમાં ૧૦ માંથી ૯ હાઇએસ્ટ એવરેજ ગ્રેડ પે મેળવી સમગ્ર વિશ્વવિદ્યાલયમાં પ્રથમ રહ્યા છે. આથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા તેમને સ્વ. રતિ અને નૌસિરવાન કરંજિયા સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલ છે. બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પદાધિકારીઓ તથા ઇ.ચા.આચાર્ય વર્ષાબેન બી. રાણા તથા મહાવિદ્યાલય પરિવાર દ્વારા તેમને આ ગૌરવવંતી સિદ્ધિ માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે અને તેમના ઉજ્જવલ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવે છે.





## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

## નવયુગ કોમર્સ કૉલેજમાં "Career in Statistics" વિષય પર સેમિનાર યોજાયો



મહાવિદ્યાલયના આંકડાશાસ્ત્ર વિભાગ દ્વારા "Career in Statistics" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારની શરૂઆતમાં આંકડાશાસ્ત્ર વિભાગના વડા ડૉ. અનિલ આર. મૈસુરિયા અને ડૉ. રુચિ એચ. દેસાઈ દ્વારા મુખ્ય અતિથિ તેમજ સેમિનારના સ્પીકર એસોસિયેટ પ્રોફેસર ડૉ. સેજલ દેસાઈનું (જે.ઝેડ.શાહ અમરોલી કૉલેજ, સુરત) બુક આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં T.Y.B.Com.ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સેમિનારનું આયોજન આંકડાશાસ્ત્રના વડા ડૉ. અનિલ આર. મૈસુરિયા તેમજ ડૉ. કૃણાલસિંહ આઇ.ખેંગાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ડૉ.સેજલ દેસાઈએ વિદ્યાર્થીઓને આંકડાશાસ્ત્રમાં કઈ રીતે કારકિર્દી બનાવવી તેમજ આંકડાશાસ્ત્રમાં ઉચ્ચ અભ્યાસ માટેના જુદા જુદા ઉપસ્થિત કોર્સિસ અંગે માહિતી આપી હતી. તેમજ સમગ્ર ભારતમાં જુદી જુદી વિશ્વવિદ્યાલય તેમજ મહાવિદ્યાલય દ્વારા આંકડાશાસ્ત્ર વિષયમાં આપવામાં આવતા કોર્સિસ અંગે માહિતગાર કર્યા હતા. કાર્યક્રમનાં અંતે મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ દ્વારા વિદ્યાર્થીઓને આંકડાશાસ્ત્રમાં કારકિર્દી બનાવવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનાં અંતે આભારવિધિ ડૉ. કૃણાલ આઈ. ખેંગાર દ્વારા કરવામાં આવી હતી.

## ઓલ ઇન્ડિયા આંતર વિશ્વવિદ્યાલયની સાઉથવેસ્ટ ઝોન જુડો સ્પર્ધામાં ક્રિસ રાખોલિયાને ગોલ્ડ મેડલ





ઓલ ઇન્ડિયા આંતર વિશ્વવિદ્યાલયની સાઉથ વેસ્ટ ઝોન જુડો સ્પર્ધા ગુરુનાનકદેવ વિશ્વવિદ્યાલય અમૃતસરમાં યોજાય હતી. જેમાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડી શ્રી ક્રિશ અલ્પેશભાઈ રાખોલિયાએ ૧૦૦ કિગ્રા ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી. ગોલ્ડમેડલ પ્રાપ્ત કરી સમગ્ર ભારતનું નામ રોશન કર્યુ તેમજ એસ.એમ.એસ. ઇન્ડોર સ્ટેડિયમ જયપુર ખાતે (રાજસ્થાન)માં યોજાનાર સિનયર નેશનલ જુડો ચેમ્પિયનશિપ ૨૦૨૩–૨૪ના ગુજરાતની ટીમમાં પસંદગી પામ્યા છે. જેથી આ ખેલાડીઓને મહાવિદ્યાલયના આચાર્યશ્રી વિનોદભાઈ એન. પટેલ તથા શારીરિક શિક્ષણના આસિ. પ્રો. શ્રી.સી.કે.અસારિયા આસિ. પ્રો.ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તથા મહાવિદ્યાલય પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.

## વિશ્વવિદ્યાલય ખાતે રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન





નવયુગ કોમર્સ કૉલેજ, માનવ સંસાધન વિભાગ, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત, જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી અને સેલ્ફ ફાયનાન્સ કૉલેજ, અમરોલી દ્વારા સંયુક્ત સંચાલિત નેશનલ કોન્ફરેન્સ ઓન મલ્ટી ડિસિપ્લિનરી રિસર્ચ એન્ડ પ્રેકિટસનું આયોજન દિનાંક ૧૭ મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ કરવામાં આવેલ હતું. આ નેશનલ કોન્ફરન્સમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, વિશ્વવિદ્યાલય ગીત ગણેશવંદના અને દીપ જ્યોતિથી થઈ હતી. નવયુગ કોમર્સ કૉલેજના આચાર્યશ્રી વિનોદ પટેલ દ્વારા આવકાર વકતવ્ય બાદ માનવ સંસાધન વિભાગના વડાશ્રી દિગ્વિજયસિંહ ઠાકોરે કોન્ફરન્સ વિશે માહિતી આપી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી કિશોરસિંહ ચાવડાનો પરિચય નવયુગ કોમર્સ કૉલેજના IQAC સંયોજક ડૉ. બિંદુ શાહ દ્વારા કર્યા બાદ તેમણે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. કોન્ફરન્સના કન્વીનર તરીકે વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી હાજર રહેલ. ડૉ. રમેશચંદ્ર કોઠારીનો પરિચય ડૉ. સેજલ દેસાઈ, IQAC સંયોજક જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ દ્વારા કરવામાં આવ્યો હતો. ડૉ. રમેશચંદ્ર કોઠારીએ રીસર્ચ દરમિયાન થતી ભૂલો પર પોતાનું વકતવ્ય આપ્યું હતું કે જેમાં રીસર્ચ દરમિયાન સમસ્યાની ઓળખ, લિટરેચર રિવ્યુ, નિદર્શની પસંદગી અને માહિતીના વિશ્લેષણમાં થતી ભૂલો કેવી રીતે સુધારવાની તેની માહિતી ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીઓને આપી હતી. ત્યારબાદ, સામાજિક કાર્યકર્તા અને ડૉકટર એવા ડૉ. અખિલેશ પાંડે કે જેઓ તાલુકા હેલ્થ વિભાગમાં ઓફિસરની કામગીરી બજાવે છે તેમણે તેમના અનુભવ નિચોડ દ્વારા સંશોધન કઈ દિશામાં કરી શકાય તેનુ માર્ગદર્શન આપ્યું હતું. જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના આચાર્યશ્રી રાજેશ રાણાએ કાર્યક્રમની આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં કુલ ૪૬૬ વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ ભાગ લીધેલ હતો અને ટેકિનકલ સેશનમાં કુલ ૧૫ કલાસરૂમોમાં કુલ ૩૨૬ રીસર્ચ પેપર વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમની સફળતામાં મહત્વનું નાણાકીય યોગદાન આપનાર સંસ્થાઓ અરહમ્ વેલ્થ મેનેજમેન્ટ પ્રા.લિ, સ્ટીમ હાઉસ ઇન્ડિયા લિ., અંબિકા સ્ટીલ, બી.એસ.શાહ પ્રકાશન, ધી સુરત પીપલ્સ કૉ–ઓ બેંક લિ., એફીનીટી, ત્વચાલોજી ઇન્ટરનેશનલ ઇસ્ટિટ્યૂટ, સન રાઈઝ સ્ટેશનરી, યુનીમોલ્ડ ઇન્ડિયાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના સમાપન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલ શ્રી ભરતભાઈ શાહ કે જેઓ જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખ તરીકે કાર્યરત છે. તેમને અધ્યાપકોને ઉચ્ચ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી સમાજની ઉન્નતિમાં યોગદાન આપવા પ્રોત્સાહિત કર્યા હતા. ડૉ. ગૌરાંગ ડી. રામીએ કોન્ફરન્સમાં થયેલ રજિસ્ટ્રેશન, પેપર પ્રેઝન્ટેશન તેમજ સંપૂર્ણ દિવસ દરમિયાન થયેલા બાબતો વિશે ચર્ચા કરેલ હતી અને ડૉ. મુકેશ ગોયાણીએ અંતે આભારવિધિ કરી હતી.

કાર્યક્રમની સફળતા માટે તેનું સફળ સંચાલન કરનાર પાંચેય સંસ્થાના મુખ્ય વડાઓ ડૉ. વિનોદ પટેલ (નવયુગ કોમર્સ કૉલેજ, સુરત), ડૉ. દિગ્વિજયસિંહ ઠાકોર (માનવ સંશાધન વિભાગ), ડૉ. ગૌરાંગ રામી (અર્થશાસ્ત્ર વિભાગ), ડૉ. રાજેશ રાણા (જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી) અને ડૉ. મુકેશ ગોયાણી (સેલ્ફ ફાયનાન્સ કૉલેજ, અમરોલી)નો મહત્વપૂર્ણ ફાળો રહેલ છે.

## કુ.અંજલી રજપુતની વિશ્વવિદ્યાલયની ટીમમાં પસંદગી



નવયુગ મહાવિદ્યાલયની વિદ્યાર્થિનીઓ કુ. અંજલી અજયભાઈ રજપુત અને કુ. માનસિ સુભાષભાઈ મહાદિક વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ટીમમાં પસંદગી પામી ઓલ ઇન્ડિયા આંતર વિશ્વવિદ્યાલય વેસ્ટ ઝોન મહારાજા છત્રસલ બુન્દેલખંડ વિશ્વવિદ્યાલય, ઉત્તરપ્રદેશ મુકામે રમવા ગઈ હતી. આ ખેલાડીઓ સમગ્ર વિશ્વવિદ્યાલય તેમજ ગુજરાતમાં નામ રોશન કરે તે માટે આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલ, પ્રા. ડૉ. બ્રિજેશભાઈ પટેલ, શારીરિક શિક્ષણના પ્રા. સી.કે.અસારિયા તથા મહાવિદ્યાલય પરિવારે ખેલાડીઓનો અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

## કરાટે સ્પર્ધામાં સિલ્વર મેડલ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય આયોજિત આંતર મહાવિદ્યાલય કરાટે સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજની ખેલાડી શ્રી દિવ્યાંસ કે. પેરિવાલે ૬૦ કિગ્રા ગ્રુપમાં દ્વિતીય ક્રમે આવી સિલ્વરમેડલ પ્રાપ્ત કર્યો. આ ખેલાડીઓએ ભાગ લઈ મહાવિદ્યાલયનું ગૌરવ વધાર્યું. તેમજ આ ખેલાડીઓ સમગ્ર વિશ્વવિદ્યાલય તેમજ ગુજરાતમાં નામ રોશન કરે તે માટે મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ, પ્રા.ડૉ. બ્રિજેશભાઈ પટેલ, તથા શારીરિક શિક્ષણના પ્રા.સી.કે.અસારિયા તેમજ મહાવિદ્યાલય પરિવારે ખેલાડીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી.

## નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓની વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ટેકવાન્ડો સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર મહાવિદ્યાલય ટેકવાન્ડો બહેનોની સ્પર્ધામાં શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચમાં યોજાય હતી, આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડી (૧) કું. હર્મી બીપીનભાઈ ઝડફિયા ૬૨ કિ.ગ્રા ગ્રુપમાં અને (૨) કું. હિરલ રવીભાઈ પાટીલ ૭૫ કિ.ગ્રા. ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો. તેમજ આ ખેલાડીઓ ઓલ ઇન્ડિયા આંતર વિશ્વવિદ્યાલયની ટીમમાં પસંદગી પામી સાઉથ–વેસ્ટ ઝોન જે.જે.ટી. વિશ્વવિદ્યાલય ઝુન્ઝુનૂં રાજસ્થાનમાં રમવા ગયા હતા. આ બન્ને ખેલાડીઓને આચાર્યશ્રી વિનોદભાઈ એન. પટેલ, શારીરિક શિક્ષણના પ્રા. છગનભાઈ અસારિયા, પ્રા. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ મહાવિદ્યાલય પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓની વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની પાવર લિફ્ટીંગ સ્પર્ધામાં ગોલ્ડમેડલ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર મહાવિદ્યાલય પાવરલિફ્ટીંગ ભાઈઓની સ્પર્ધા પ્રો.વી.બી. શાહ અમરોલી કૉલેજમાં યોજાય હતી, આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડી (૧) શ્રી. તુષાર રમેશભાઈ બારાભાઈ ૭૨ કિગ્રામા. ગ્રુપમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડમેડલ મેળવ્યો હતો જ્યારે (૨) શ્રી કેવલ અનીલ ભાઈ રાણા ૧૦૫ કિગ્રા ગ્રુપમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી સિલ્વરમેડલ મેળવ્યો હતો. આ બન્ને ખેલાડીઓની સિદ્ધિ બદલ મહાવિદ્યાલયના આચાર્યશ્રી વિનોદભાઈ એન. પટેલ, શારીરિક શિક્ષણના આસિ. પ્રો. શ્રી છગનભાઈ અસારિયા, આસિ. પ્રો. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ મહાવિદ્યાલય પરિવારે ખેલાડીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ.

### જન જાતિ ગૌરવગાથા સામાન્ય જ્ઞાન સ્પર્ધા



દિનાંક ૦૬/૦૨/૨૦૨૪ના રોજ ઓલપાડ ખાતે આવેલ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજમાં SC/ST સેલ દ્વારા આયોજિત જન જાતિ ગૌરવગાથા સામાન્ય જ્ઞાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષાનો હેતું બ્રીટીશ શાસન દરમ્યાન અંગ્રેજોની ગુલામી અને શોષણના ભોગ બનેલા જન–જાતિના નાયકોએ ચળવળ ચલાવી હતી. સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં તેમની ગૌરવગાથાઓની નોંધ લેવામાં આવી ન હતી. આ ઘટનાઓથી વિદ્યાર્થીઓને વાકેફ કરવાનો ઉદ્દેશ્ય રહેલો છે. આરણ્યવાસી આદિવાસી જન–જાતિ નાયકોએ આપેલા બલિદાનની યશોગાથાના ભાગ રૂપે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધાત્મક પરીક્ષાના આયોજનમાં ઇ.ચા. આચાર્યશ્રી રાજેશ પી. પટેલ, ડૉ. નરેન્દ્ર કે. રાઠોડ, ડૉ. ગીતાબેન ગરાસિયા, ડૉ. રીટા પટેલ, પ્રા. દર્શિકા ચૌધરી અને પ્રિયંકા રાણાએ સંચાલન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન અધ્યાપક ડૉ. નરેન્દ્ર કે. રાઠોડે કર્યું હતું.

### ઓલપાડ કૉલેજનું ગૌરવ





આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ઓલપાડના S.Y.B.A.ના વિદ્યાર્થીઓ ગુપ્તા મહિમા શીવમનભાઈ અને રાઠોડ ગુંજન ગણેશભાઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે માસ કોમ્યુનિકેશન વિભાગમાં આયોજિત બુદ્ધિશાળી (કિવઝ કોમ્પિટેશન) વિશ્વવિદ્યાલય કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ બીજો ક્રમાંક પ્રાપ્ત કરી ઓલપાડ કૉલેજનું ગૌરવ વધાર્યું છે. ઓલપાડ મહાવિદ્યાલય સંચાલક મંડળના પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલ (એડવોકેટ અને નોટરી), માનદ્મંત્રીશ્રી વસંતભાઈ પટેલ અને સહ માનદ્ મંત્રી રતીભાઈ પટેલ, મહાવિદ્યાલયના ઇ.આ. ડૉ. રાજેશભાઈ પી. પટેલ, ડૉ. એન. કે.રાઠોડ અને પ્રા. દર્શિકા ચૌધરી તથા સાંસ્કૃતિક સમિતિ સહિત સમગ્ર મહાવિદ્યાલય પરિવારે આનંદ અને ગૌરવની લાગણી અનુભવી ગુપ્તા મહિમા અને રાઠોડ ગુંજનને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે.

### આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ઓલપાડમાં ST/SC સેલના ઉપક્રમે યોજાયેલ ડૉ. દિપકભાઈ ભોંયેનું વ્યાખ્યાન

પી.કે દેસાઈ કેળવણી મંડળ ઓલપાડ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ઓલપાડમાં SC/ST સેલના ઉપક્રમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય રૂરલ સ્ટડી વિભાગના અધ્યક્ષશ્રી દિપકભાઈ ભોયેંનું વિકસિત ભારતમાં યુવાઓનો ફાળો વિષય પર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. મહાવિદ્યાલયના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. રાજેશ પટેલ પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું. ડૉ. ગીતા ગરાસિયાએ પ્રોગ્રામનું સંચાલન કર્યું હતું. ડૉ. રીટા પટેલે આભારવિધિ કરી હતી. મહાવિદ્યાલયના કાર્યક્રમમાં હાજર ડૉ. રમેશ માછી, દર્શિકા ચૌધરી, પ્રિયંકા રાણા હાજર રહ્યા હતા અને આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.





## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara

### College Foundation Day Celebraion-2024







C.N.Kothari Homoeopathic Medical College & Research Center, Vyara celebrated its 24th Foundation day on 05/02/2024 by Felicitation of some of the staff members of college & hospital who have been attached to the Institution Since inception. Dr. Dhruni Gavli delivered welcome speech & applauded those colleagues who worked diligently for the Institution. Principal Dr. Jyoti Rao gave a brief overview of the progress made by the institution & paid tributr to then President, Secretary & Other Trustee members like Late Dr. Markand Bhatt for their untiring efforts for uplifement of the institution. Mr. Daxeshbhai Shah, Dr. Pramodbhai Patel, Dr. Bhavinbhai Modi, Dr. Pankajbhai Lathiya, Dr. Swapnil Khengar, Dr. Ashokbhai Gundigara & Mr. Ketanbhai Shah expressed their experience working with the institution. Staffs working since inception of college have cut the cake & they were honoured with special gifts.

Dr. Dhruni Gavli anchored the entire event so smoothly & efficiently. Dr. Swapnil Khengar offered vote of thanks & did not forget to thank the institution for shaping his career. College arranged breakfast & cake for all staff members.

The whole event was Co-ordinated by Activity Committee under the guidance of Principal Dr. Jyoti R Rao.

## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### વાર્ષિકોત્સવનું આયોજન




દિનાંક ૦૭/૦૨/૨૦૨૪ને બુધવારના રોજ ઇન્ડોર સ્ટેડિયમ ખાતે બી.કોમ/બી.બી.એ/બી.સી.એ. ઉધના એકેડમી કૉલેજના વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશિષ્ટ અતિથિશ્રી દક્ષેશભાઈ માવાણી (મેયરશ્રી, સુરત મહાનગરપાલિકા), મુખ્ય અતિથિ ડૉ. કિશોરસિંહ ચાવડા (કુલપતિશ્રી, વી.ન.દ.ગુ.યુ.સુરત) તથા અતિથિ વિશેષ શ્રી નીરજભાઈ ચોકસી (ડાયરેક્ટર, એન.જે.ઇન્ડિયા ઇન્વેસ્ટ પ્રા.લી.,સુરત)એ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ, મંત્રીશ્રી કાંતિલાલ પટેલ, ખજાનચીશ્રી અમૃતલાલ પટેલ, સહમંત્રીશ્રી કેતનભાઈ શાહ તથા સહમંત્રીશ્રી કેતનભાઈ જરીવાલાએ હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમમાં અન્ય આમંત્રિત મહેમાનો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. મેહુલકુમાર પી. દેસાઈએ મહેમાનો તથા વિદ્યાર્થીઓને આવકારો આપ્યો હતો. ટ્રસ્ટના પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલે વિદ્યાર્થીઓને આશીર્વચન આપી પ્રોત્સાહિત કર્યા હતા. વાર્ષિકોત્સવમાં મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત ગરબો, વેસ્ટર્ન ડાન્સ, ક્લાસિકલ ડાન્સ, સોલો ડાન્સ તથા ડયુએટ સૉન્ગ, એકપાત્રીય અભિનય તથા હાસ્યનાટિકા વિગેરે સુંદર કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમનું સફળ આયોજન કરવા પ્રેરણા આપવા બદલ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા ડૉ. હેતલ શાહે મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. મેહુલકુમાર દેસાઈનો તેમજ માર્ગદર્શન અને સહકાર આપવા બદલ ડૉ. ડેઇઝી ટેક્નાલ (ઉપાચાર્ય, બીબીએ), ડૉ. મનીષ કાયસ્થ (ઉપાચાર્ય બીસીએ) અને ડૉ. તેજસકુમાર ઘડિયાળી (સંયોજક, બીસીએ)નો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફનો સંપૂર્ણ સહકાર મળ્યો હતો.

## યુનિવર્સિટી મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-02-2024 to 29-02-2024

| Detail | Description | Feb.-2024 | |
|---|---|---|---|
| User | Visitors | 3693 | |
| | Internet Lab User | 68 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 12 | |
| | Research Scholars | 3 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 0 | |
| | Online User | 0 | |
| | Total | | 3776 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| February-2024 | 852 | 860 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | February-2024 | 02 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | February-2024 | 04 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | February-2024 | 04 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in